WEDNESDAY
૦૩-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ વદ ૦૯
અંક : ૧૦૧
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### દેખાવના સ્થળો પર અને તેની આસપાસના વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ : ખેડૂતોને મદદ કરવા સ્થાનિકાએ પોતાના વાઈ-ફાઈના પાસવર્ડ ઘર પર લગાવ્યા

# ખેડૂતો બન્યા આક્રમક : શનિવારે દેશવ્યાપી ચક્કાજામ

**દિલ્હી પોલીસ કમિશ્નર એસ એન શ્રીવાસ્તવે ગાઝીપુર સરહદે પહોંચી સ્થિતિનું જાત નિરીક્ષણ કર્યું**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

કેન્દ્રના કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને ખેડૂત સંગઠનો વધુ વેગ આગળ ધપાવવાની તૈયારી કરી રહ્યા છે. વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બને તેવા એંધાણને પગલે દિલ્હી પોલીસે સરહદ પર લોખંડી બંદોબસ્ત ખડકી દીધો છે. વધારાનો પોલીસ કાફલો ખડકવા ઉપરાંત બેરિકેડ્સની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. દેખાવના સ્થળો પર અને તેની આસપાસના વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. લોકોને પગપાળા સરહદ ઓળંગતા રોકવા કાંટાવાળા તાર પણ ગોઠવવામાં આવ્યા છે.

ખેડૂત સંગઠનોએ ૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ કરવાની જાહેરાત કરી છે. આંદોલન સ્થળની નજીકના વિસ્તારમાં ઈન્ટરનેટ પ્રતિબંધ, અધિકારીઓ દ્વારા કથિત



કનડગત અને અન્ય મુદ્દાઓ વિરુદ્ધ ત્રણ કલાક સુધી રાષ્ટ્રીય તેમજ સ્ટેટ હાઈવેને જામ કરીને દેશના અન્નદાતાઓ વિરોધ નોંધાવશે.

ખેડૂતોના ચક્કાજામ અંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે જણાવ્યું



કે આપણે ખેડૂતોના સમર્થનમાં દેશભરમાં શનિવારે ૬ ફેબ્રુઆરીએ ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી ખેતરમાંથી નિકળીને રસ્તા પર બેસવું પડશે. તમામ રાજકીય પક્ષો જે ખેડૂત બિલોનો વિરોધ કરી રહ્યા છે તેમણે આ કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા તમામ કાર્યકર્તાઓને અપીલ કરવી જોઈએ.

**ખેડૂતોનું દેશવ્યાપી ચક્કાજામનું એલાન, દિલ્હી સરહદે લોખંડી બંદોબસ્ત ગોઠવાયા**

દિલ્હીની સરહદો પર ખેડૂતોના પ્રદર્શન સ્થળો પર સોમવારથી કિલ્લેબંધી શરૂ કરવામાં આવી હતી. પોલીસે સુરક્ષા વધારી દીધી છે અને બેરિકેડ્સની સંખ્યા પણ વધારી દીધી હતી. દિલ્હી-ઉત્તરપ્રદેશ સરહદ પર ગાઝીપુરમાં પરિવહનને અવરોધવા અનેક સ્તરના બેરિકેડ્સ ગોઠવાયા છે. દિલ્હી પોલીસ કમિશ્નર એસ એન શ્રીવાસ્તવે સોમવારે ગાઝીપુર સરહદની મુલાકાત લઈ સુરક્ષા બંદોબસ્તની સમીક્ષા કરી હતી. આ વિસ્તાર ખેડૂત આંદોલનનું કેન્દ્ર બિન્દુ બન્યું છે. અધિકારીઓના મતે દિલ્હી પોલીસ કમિશ્નરે સુરક્ષાકર્મીઓ સાથે વાતચીત કરી અને તેમના આકરા પરિશ્રમની પ્રશંસા પણ કરી હતી.

# પંજાબમાં ચૂંટણી હિંસા : બાદલના કાફલા પર ફાયરિંગ અને પથ્થરમારો થતા પોલીસ તૈનાત

**હૂમલામાં સુખબીરસિંહ બાદલ સુરક્ષિત હોવાના અહેવાલ**

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૨

શિરોમણિ અકાલી દળના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલની ગાડી પર જલાલાબાદમાં હુમલો થયો છે. અકાલી અને કોંગ્રેસી કાર્યકરો વચ્ચે ઘર્ષણ અને ફાયરિંગના સમાચાર મળી રહ્યાં છે. આ ઘટનામાં ગાડીઓને નુકસાન પહોંચ્યું છે. આ ઘર્ષણની ઘટના નગર કાઉન્સિલની ચૂંટણી માટે ઉમેદવારી દરમિયાન થઈ છે. સાથોસાથ ઉપદ્રવીઓ તરફથી અકાલી દળના કાર્યકર્તાઓ પર ફાયરિંગ કર્યું



હોવાના પણ અહેવાલ છે. આ ઘટનામાં સુખબીર સિંહ બાદલ સુરક્ષિત છે.

નગર કાઉન્સિલ ચૂંટણીને લઈને જલાલાબાદમાં શિરોમણિ અકાલી દળના ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરવા જઈ રહ્યાં હતાં. આ દરમિયાન સુખબીર સિંહ બાદલ પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. કહેવાઈ રહ્યું છે કે, અકાલી અને કોંગ્રેસી કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું અને કેટલાક લોકોએ સુખબીર સિંહની ગાડી પર હુમલો કર્યો હતો. હાલ પોલીસે સ્થિતિ કાબૂમાં લઈ સુરક્ષા વધારી દીધી છે.

ઘર્ષણ દરમિયાન કેટલાક લોકોએ સુખબીર સિંહ બાદલની ગાડીમાં તોડફોડ કરી અને ફાયરિંગ કરાયાના પણ સમાચાર મળી રહ્યાં છે. મળતી માહિતી મુજબ, આ દરમિયન ભાગદોડ મચી ગઈ હતી. લોકો બેરિકેડિંગ તોડીને કોર્ટ પરિસરમાં ઘૂસવા લાગ્યા હતા. સાથે જ પથ્થમારો પણ થયો હતો. ઘર્ષણ દરમિયાન ફાયરિંગના સમાચાર મળી રહ્યાં છે, જ્યારે સુખબીર સિંહ બાદલની ગાડી પર પણ પથ્થમારો કરાયો હતો.

હાલ પોલીસ તરફથી કોઈ માહિતી આપવામાં આવી નથી. ઉપરાંત કાલે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું.

# ખેડૂતોના પ્રશ્ને રાજ્યસભામાં હોબાળો : ત્રણ વખત ગૃહ મોકૂફ રખાયું, સાંસદોનું વોકઆઉટ

**ગૃહમાં કોંગ્રેસ સહિતના વિપક્ષ દળો દ્વારા ભારે શોરબદોર અને સૂત્રોચ્ચાર**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ અને વિપક્ષના રાજ્યસભામાં ભારે વિરોધને પગલે ગૃહની કામગીરી સમગ્ર દિવસ સુધી સ્થગિત રાખવામાં આવી છે. કૃષિ કાયદાને લઈને ખેડૂતોના મુદ્દે ગૃહમાં કોંગ્રેસ સહિતના વિપક્ષ દળોએ ભારે શોરબદોર અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્રણ વખત ગૃહની કામગીરી સ્થગિત રખાયા બાદ સમગ્ર દિવસ માટે સ્થગિત રાખવામાં આવી છે. સૌપ્રથમ



૧૦.૩૦ના ગૃહને ૪૦ મિનિટ સુધી સ્થગિત રખાયું હતું. ત્યારબાદ ગૃહની કામગીરી શરૂ થતા વિપક્ષે ભારે હંગામો મચાવતા ફરીથી ૧૧.૩૦ના ગૃહને સ્થગિત રખાયું હતું. કોંગ્રેસ સહિતના વિપક્ષના સાંસદો વિરોધ કરવા વેલમાં ધસી ગયા હોવાથી ડેપ્યુટી સ્પીકર હરિવંશને ગૃહને ફરીથી સ્થગિત રાખવાની ફરજ પડી હતી. ઉપાધ્યક્ષે કોરોના પ્રોટોકોલનું પાલન કરવા સાંસદોને તેમની જગ્યાએ જવા અપીલ પણ કરી હતી પરંતુ તેમણે કોઈ વાત ધ્યાનમાં લીધી નહતી.

રાજ્યસભામાં કોંગ્રેસ, ડાબેરીઓ, ટીએમસી, ડીએમકે અને આરજેડીના સાંસદોએ સૌપ્રથમ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસ સહિતના વિપક્ષે ગૃહની કામગીરી એક દિવસ માટે સ્થગિત રાખવા જણાવ્યું હતું જો કે આ માગણીને ઉપરાષ્ટ્રપતિ અને અધ્યક્ષ વેંકૈયા નાયડુએ ફગાવી દીધી હતી. જે સાંસદો બહાર નિકળી ગયા હતા તેઓ ફરીથી ગૃહમાં આવ્યા હતા અને તેમણે વેલમાં ધસી જઈ સૂત્રોચ્ચાર કર્યો હતો. નાયડૂએ આ વ્યાજબી નહીં હોવાનું જણાવ્યું હતું. બીજી વખત ગૃહની કામગીરી સ્થગિત રખાયા બાદ ડેપ્યુટી ચેરમેન અધ્યક્ષની ખુરશીમાં બેઠા હતા ત્યારે પણ વિપક્ષે તેમની એકવાત માની નહતી અને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

# આંદોલન હજુ સાત-આઠ મહિના ચાલશે ખેડૂત નેતા રાકેશ ટિકૈતની સરકારને ચિમકી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદા સામે સાત મહિનાથી વધુ સમયથી ખેડુતો દેશમાં આંદોલન કરી રહ્યા છે. બે મહિનાથી વધુ સમયથી, ખેડૂતો દિલ્હીની જુદી જુદી સીમાઓ પર ધરણા પર બેઠા છે. દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટીકાઈટ દ્વારા એક મોટું નિવેદન આવ્યું છે. રાકેશ ટીકૈતે કહ્યું છે કે તાજેતરના ભૂતકાળમાં આ આંદોલનનો અંત આવે તેવી કોઈ આશા નથી. આ આંદોલન હજી સાત-આઠ મહિના અને દિલ્હીની સરહદો પર ચાલી શકે છે.

દિલ્હી અને ઉત્તર પ્રદેશ (ગાઝીપુર સરહદ) ની સરહદો પર ખેડુતોની હડતાલનું નેતૃત્વ કરી રહેલા ભારતીય કિસાન સંઘના પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે કહ્યું હતું કે, "અમે સરકારને કહ્યું છે કે ખેડૂતોનું આ આંદોલન ઓક્ટોબર સુધી ચાલશે. " અમે હજી ઓક્ટોબર સુધી વાત કરી રહ્યા છીએ. ઓક્ટોબર પછી પણ આંદોલન ચાલી શકે છે, અમે પછીની તારીખો આપીશું. ટિકૈતે કહ્યું કે સરકાર સાથે વાતચીત પણ ચાલુ રહેશે, પરંતુ અમારું સૂત્ર એક જ રહેશે - જ્યાં સુધી કાયદો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે.

દિલ્હી અને ઉત્તર પ્રદેશ (ગાઝીપુર સરહદ) ની સરહદો પર ખેડુતોની હડતાલનું નેતૃત્વ કરી રહેલા ભારતીય કિસાન સંઘના પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે કહ્યું હતું કે, "અમે સરકારને કહ્યું છે કે ખેડૂતોનું આ આંદોલન ઓક્ટોબર સુધી ચાલશે. " અમે હજી ઓક્ટોબર સુધી વાત કરી રહ્યા છીએ. ઓક્ટોબર પછી પણ આંદોલન ચાલી શકે છે, અમે પછીની તારીખો આપીશું. ટિકૈતે કહ્યું કે સરકાર સાથે વાતચીત પણ ચાલુ રહેશે, પરંતુ અમારું સૂત્ર એક જ રહેશે - જ્યાં સુધી કાયદો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે.

# મધ્યપ્રદેશમાં તમામ સરકારી કચેરીઓને ગૌમૂત્રનું ફિનાઈલ વાપરવું ફરજિયાત

(જી.એન.એસ.)ભોપાલ,તા.૨

મધ્યપ્રદેશની સરકારે તમામ સરકારી કચેરીઓ માટે એવો આદેશ આપ્યો છે જે જાણીને ખુદ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ આશ્ચર્યમાં પડી ગયા છે. સરકારે આદેશમાં કહ્યુ છે કે, તમામ સરકારી કચેરીઓમાં સફાઈ માટે ગૌ મૂત્રથી બનેલુ ફિનાઈલ જ વાપરવાનુ રહેશે.હવે કેમિકલયુક્ત ફિનાઈલથી સરકારી કચેરીઓની સફાઈ કરવામાં નહીં આવે. સરકારના આદેશની સોશિયલ મીડિયામાં ખાસી ચર્ચા થઈ રહી છે.કેટલાક લોકો તેની તરફેણ કરી રહ્યા છે તો કેટલાક લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, આખરે આ પ્રકારનો આદેશ બહાર પાડવાની જરુર શા માટે પડી, શું સરકાર પાસે તેના કરતા વધારે સારો કોઈ આઈડિયા નહોતો. જોકે સરકારના પશુપાલન મંત્રીએ આ નિર્ણયનો સ્વાગત કરતા કહ્યુ હતુ કે, આ નિર્ણય એટલા માટે લેવાયો છે કે, ગ મૂત્ર ફિનાઈલની ફેક્ટરીઓ લગાવવા માટે લોકોને પ્રોત્સાહન મળશે.સામાન્ય રીતે પશુપાલકો ગાયો દૂધ આપવાનુ બંધ કરી દે તે પછી તેને રસ્તા પર છોડી દેતા હોય છે પણ આ નિર્ણયના કારણે ગૌ મૂત્રથી બનતા ફિનાઈલનુ પ્રોડક્શન વધારવા માટે આવી ગાયોને રસ્તા પર છોડતા પહેલા વિચાર કરશે અને ગાયોની સ્થિતિ વધારે બહેતર બનશે.

# મ્યાનમારમાં લશ્કરી શાસન સામે અમેરિકી પ્રમુખ બાઈડેનની ચેતવણી

**લોકશાહી સરકાર ઉથલાવી દેશમાં એક વર્ષની કટોકટી જાહેર થતાં અમેરિકા નિયંત્રણો લગાવશે**

ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૨

ભારતની પૂર્વોતર સરહદે આવેલ મ્યાનમારમાં યોજાયેલ ચૂંટણી બાદ આંગ-સાન-સુકીનાં પક્ષને મળેલ જવલંત સફળતા બાદ સૈન્ય દ્વારા સુકી તથા રાષ્ટ્રપતિને દૂર કરી સત્તાનાં સૂત્રો સોમવારે સંભાળ્યા બાદ દેશમાં એક વર્ષની કટોકટી જાહેર કરી લોકશાહીને કચડવાનું પગલું ભરવમાં આવતા અમેરિકન રાષ્ટ્રપ્રમુખે લશ્કરી શાસકોને કડક ચેતવણી મ્યાનમાર વિરૂધ્ધ કડક નિયંત્રણો લાદવા ચેતવણી ઉચ્ચારેલ છે. મ્યાનામારમાં તાજેતારમાં યોજાયેલ ચૂંટણી બાદ લશ્કરી શાસકો દ્વારા ચૂંટણીમાં આંગ-સાન-સુકીના પક્ષ તેમજ તંત્ર દ્વારા મોટાપાયે ગેરરિતી આચરવામાં એક વર્ષ સુધી કટોકટી જાહેર કરતાં વિશ્વના અનેક દેશોના નેતાઓ શાસકોએ લશ્કરનાં પગલાનો વિરોધ ઉઠાવી મ્યાનમારમાં સત્વરે લોકશાહી ઢબે ચૂંટાયેલ સરકારને સત્તા સોંપવા જણાવેલ છે. મ્યાનામારમાં લશ્કરી શાસન લાદવામાં આવતાં દેશભરમાં લોકશાહીના પુનઃ સ્થાપનની માંગ અને આંગ-સાન-સુકીના સમર્થનમાં ઠેરઠેર હજ્જારો લોકો માર્ગ પર ઉતરી લશ્કરી શાસન વિરૂધ્ધ દેખાવો-સૂત્રોચ્ચાર કરી રહ્યા છે.



# 'આત્મનિર્ભર ભારત' શબ્દને વર્ડ ઓફ ધ યર જાહેર કરાયો

**ઓક્સફર્ડ દ્વારા ૨૦૧૯માં બંધારણ શબ્દ,૨૦૧૮માં નારી શક્તિ પસંદ કરવામાં આવ્યો હતો**

(જી.એન.એસ.)લંડન,તા.૨

ઓક્સફોર્ડે આત્મનિર્ભરતા શબ્દને ૨૦૨૦નો ઓક્સફોર્ડ હિન્દી વર્ડ ઓફ ધ યર જાહેર કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસ મહામારી દરમિયાન આત્મનિર્ભર ભારતનો નારો આપ્યો હતો. તેમણે ભારતીય અર્થવ્યવસ્થા, સમાજ અને વ્યક્તિગત રીતે લોકોને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો હતો.

આત્મનિર્ભરતાનો અર્થ છે પોતાના પર ભરોસો. રિપોર્ટ મુજબ ઓક્સફોર્ડ માટે આત્મનિર્ભર શબ્દની પસંદગી ભાષા વિશેષજ્ઞોના સલાહકાર પેનલ દ્વારા થઈ છે. આ પેનલમાં કૃતિકા અગ્રવાલ, પૂનમ નિગમ સહાય અને ઈમોજેન ફોક્સેલ સામેલ હતા.

ઓક્સફોર્ડ હિન્દી શબ્દનો અર્થ એવો શબ્દ કે જ ગત વર્ષે લોકાચાર, મનોદશા કે સ્થિતિને પ્રતિબિંબિત કરે અને જે સાંસ્કૃતિક મહત્વના એક શબ્દ તરીકે લાંબા સમય સુધી રહેવાની ક્ષમતા ધરાવતો હોય. ઓક્સફોર્ડે વર્ષ ૨૦૧૯માં બંધારણ શબ્દને હિન્દી વર્ડ ઓફ ધ યર તરીકે પસંદ કર્યો હતો. તે પહેલા ૨૦૧૮માં ઓક્સફોર્ડ દ્વારા નારી શક્તિ અને ૨૦૧૭માં આધારને હિન્દી ભાષાનો શબ્દ પસંદ કર્યો હતો.

# નાસાના કાર્યકારી પ્રમુખ તરીકે ભારતીય મૂળના ભવ્યા લાલની નિમણૂંક કરાઈ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨

ભારતીય મૂળનાં અમેરિકન ભવ્યા લાલને અમેરિકન સ્પેસ એજન્સી નાસાનાં એક્ટિંગ ચીફ ઓફ સ્ટાફ એટલે કે કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરાયાં છે. રાષ્ટ્રપતિ જો બાઈડન સ્પેસ એજન્સીમાં કેટલાક ફેરફાર અને સમીક્ષા કરવા માગે છે, આથી તેમણે ભવ્યાને આ મહત્ત્વની જવાબદારી આપી છે. ભવ્યા મૂળભૂત રીતે સ્પેસ સાયન્ટિસ્ટ છે. તેઓ બાઈડનની ટ્રાન્ઝિશન ટીમમાં પણ રહી ચૂક્યાં છે.

સોમવારે રાતે નાસાએ એક નિવેદનમાં કહ્યું- ભવ્યા દરેક રીતે આ પદ માટે કાબેલ છે. તેમની પાસે એન્જિનિયરિંગ અને સ્પેસ ટેકનોલોજીનો અનુભવ છે. તેઓ ૨૦૦૫થી ૨૦૨૦ સુધી સાયન્સ એન્ડ ટેકનોલોજી પોલિસી ઈન્સ્ટિટ્યૂટના ડિફેન્સ એનેલિસિસ વિંગમાં મેમ્બર અને રિસર્ચર રહ્યાં છે. નિવેદનમાં આગળ કહેવાયું છે- સ્પેસ ટેકનોલોજી, સ્પેસ સ્ટ્રેટેજી એન્ડ પોલિસીમાં ખાસ્સો અનુભવ હોવાની સાથે તેમણે વ્હાઈટ હાઉસમાં પોલિસી અને નેશનલ સ્પેસ કાઉન્સિલમાં પણ કામ કર્યું છે. લાલ માત્ર ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની જ નહીં, પણ સ્પેસ ઈન્ટેલિજન્સ કમ્યુનિટીની પણ ઊંડી જાણકારી ધરાવે છે.

# ૨૦૨૧ની શરૂઆતમાં જ ભારત આત્મનિર્ભર જાન્યુ.માં આયાત કરતા નિકાસમાં વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

વૈશ્વિક માંગ વધવાની સાથે નિકાસમાં વૃદ્ધિ અને આયાત વૃદ્ધિદર મંદ રહેવાથી ભારતની વેપાર ખાધમાં સંકોચન થયુ છે. આજે વેપાર અને વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ કેલેન્ડર વર્ષ ૨૦૨૧ના પ્રથમ મહિના જાન્યુઆરીમાં ભારતની કુલ નિકાસ વાર્ષિક તુલનાએ ૫.૩૭ ટકા ઘટીને ૨૭.૩૪ અબજ ડોલર નોંધાઈ છે. નિકાસમાં આ વૃદ્ધિ ફાર્માસ્યુટીકલ્સ અને એન્જિનિયરિંગ સેક્ટરની તંદુરસ્ત વૃદ્ધિને આભારી છે.

તો બીજી બાજુ જાન્યુઆરી મહિનામાં દેશમાં માલસામાનની તુલ આયાત વાર્ષિક તુલનાએ ૨ ટકા ઘટીને ૪૨ અબજ ડોલર નોંધાઈ છે. આમ નિકાસની વૃદ્ધિની તુલનાએ આયાતનો વૃદ્ધિદર મંદ રહેવાથી દેશની વેપાર ખાધ જાન્યુઆરી મહિનામાં ઘટીને ૧૪.૭૫ અબજ ડોલર નોંધાઈ છે.

જાન્યુઆરીમાં ફાર્માસ્યુટિકલ્સ સેક્ટરની નિકાસ ૧૬.૪ ટકા વધીને ૨૯.૩ કરોડ ડોલર થઈ છે. તો એન્જિનિયરિંગ ગુડ્સની નિકાસ પણ ૧૯ ટકાની વૃદ્ધિમાં ૧.૧૬ અબજ ડોલર નોંધાઈ છે. ઉપરાંત આયર્ન ઓરની નિકાસ પણ ૧૦૮.૬૬ ટકા વધીને ૦.૨૭ અબજ ડોલર રહી છે.

જો કે સોનાની આયાતમાં ફરી ઉછાળો સરકાર માટે ચિંતાનો વિષય બની શકે છે.

# અમેરિકામાં બર્ફિલા તોફાનનું હાઈએલર્ટ : ૧૬૦૦ ફલાઈટ્સ રદ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨

અમેરિકામાં પૂર્વોત્તરના તટવર્તી વિસ્તારોમાં સોમવારે બર્ફીલા તોફાને પોતાનો કહેર વર્તાવવાનુ શરૂ કરી દીધુ છે. આ વિસ્તારોમાં ભારે હિમવર્ષા સાથે ઝડપી પવન ફૂંકાવો પણ શરૂ થઈ ગયો જેના કારણે આ વિસ્તારોમાં લોકોને પ્રચંડ શરદીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બર્ફીલા તોફાનથી ન્યૂયોર્ક સહિત ઘણા મોટા શહેરોને એકદમ ઠપ્પ કરી દીધા છે. સાવચેતી રૂપે લગભગ ૧૬૦૦ ફ્લાઈટ્સને રદ કરી દેવામાં આવી છે. વળી, પ્રભાવિત વિસ્તારોમાં સ્કૂલો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય હવામાન વિભાગ તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ આ બર્ફીલા તોફાનના કારણે પૂર્વી પેનસિલ્વેનિયા, ઉત્તર ન્યૂજર્સી અને દક્ષિણ ન્યૂયોર્કના મોટા ભાગ પ્રભાવિત થશે. કહેવામાં આવી રહ્યુ છે કે આ વિસ્તારોમાં બર્ફીલા તોફાન બાદ ૧થી ૨ ફૂટ મોટા બરફની ચાદર પથરાઈ જશે અને ઠંડી પોતાના ચરમ પર હશે.

તમને જણાવી દઈએ કે સોમવારની સાંજ સુધી ન્યૂજર્સી અને પેનસિલ્વેનિયાના અમુક ભાગોમાં ૨૭ ઈંચ(૬૮ સેમી) અને ન્યૂયોર્ક શહેરના અમુક ભાગોમાં ૧૭ ઈંચ(૪૩ સેમી) સુધી બરફ પડ્યો. વળી, ૧૩ ઈંચ(૩૩ સેમી)થી વધુ બરફ મેનહટ્ટન વિસ્તારમાં પડ્યો જેના કારણે સેન્ટ્રલ પાર્ક એકદમ ઢંકાઈ ગયુ.

# જામનગર મહાપાલીકાની ચૂંટણીના ઉમેદવારો માટે ભાજપ-કોંગ્રેસમાં ધમસાણ

### કોંગ્રેસની રિપીટ થિયરીની સામે ભાજપના તેવર દેખાઇ રહયા છે, નો રિપીટ થિયરી, કોંગીએ પ્રથમ યાદી જાહેર કરીને રિપીટ કરવાની થિયરી સાચી પાડી

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૨

જામનગર મહાનગરપાલીકાની ચુંટણીની આડે ગણતરીના દિવસો બાકી છે, ઉમેદવારીપત્રો ગઇકાલથી ઉપડવાનું શ થઇ ગયું છે, દરમ્યાનમાં કોંગ્રેસ દ્વારા ૭ વોર્ડના ૨૭ ઉમેદવારોના નામની પ્રથમ યાદી પ્રસિધ્ધ કરી દેવામાં આવી છે, વાસ્તવમાં સત્તાધારી ભાજપ અને કોંગ્રેસ માટે આ વખતે ઉમેદવારોના સિલેકશનમાં ભારે ગડમથલ થાય એવું દેખાઇ રહયું છે એટલા માટે જ કોંગી દ્વારા અધુરી યાદી પ્રસિધ્ધ કરાઇ છે અને ભાજપની તો પાલાર્મેન્ટરી બોર્ડની બેઠક આજે મળી રહી છે, તા. ૪ની મોડી સાંજ અથવા તા. ૫ સુધી ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થાય એવું લાગે છે, હાલમાં તો મુરતીયાઓને લઇને બંને પક્ષના મોવડીઓ મુસીબતનો અહેસાસ કરી રહયા છે. ભારતીય જનતા પાર્ટીની પાર્લામેર્ન્ટરી બોર્ડની બેઠકમાં બીજા દિવસે જામનગર કોર્પોરેશનની ચુંટણીના દાવેદારોના નામની ચર્ચા થવાની છે અને આ ચર્ચા લગભગ બે કલાક સુધી ચાલે એવા સંકેતો મળી રહયા છે, બેઠકમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી પુષોતમભાઇ પાલા, મહામંત્રી ભીખુભાઇ દલસાણીયા સહિતના મોવડીઓ ઉપસ્થીત રહેશે અને જામનગર માટે આ બેઠકમાં મંત્રીઓ આર.સી. ફળદુ, હકુભા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, શહેર ભાજપ અઘ્યક્ષ ડો. વિમલભાઇ કગથરા, મહામંત્રીઓ પ્રકાશભાઇ બાંભણીયા, વિજયસિંહ જેઠવા વગેરે ઉપસ્થીત રહેશે અને દાવેદારોના નામની ચર્ચા કરશે. આમ તો ભાજપમાં ૧૬ વોર્ડની ૬૪ બેઠક માટે અધધધ ૫૪૩ દાવેદારો મેદાનમાં આવ્યા છે પરંતુ પ્રદેશ પ્રમુખે કરેલી સ્ફોટક જાહેરાત બાદ ૬૦ વર્ષની વયથી વધુના, ત્રણ ટર્મ ભોગવી ચુકેલા અને રાજકીય આગેવાનોના સગાઓને બાદ કરવાની જે વાત આવે છે તેનાથી ભાજપને હવે સિલેકશનમાં ઘણી બધી ઓછી તકલીફ થશે એવું સ્પષ્ટ દેખાય છે, કારણ કે પ્રાથમિક દ્રષ્ટીએ સિનીયર ચહેરાઓ જ સિલેકશનમાં મુશ્કેલી સર્જનારા ભાજપ માટે સાબિત થવાના હતા પરંતુ પ્રદેશ પ્રમુખે ટાઢા પાણીએ ખસ કાઢી નાખી હોય એવું ચિત્ર સર્જાયું છે. જામનગરના દાવેદારો અંગે ચર્ચા કરવામાં આવ્યા બાદ ઉમેદવારોના નામ પર આખરી મહોર લાગશે અને એવું દેખાઇ રહયું છે તા. ૪ની મોડી સાંજ સુધી અથવા તા. ૫ની સવારે ભારતીય જનતા પાર્ટી તરફથી લગભગ આખી યાદી એકી સાથે જાહેર કરી દેવામાં આવશે અથવા અમુક રાજકીય રીતે સંવેદનશીલ ગણાતા વોર્ડના નામ છેલ્લી કલાકોમાં પણ જાહેર થઇ શકે છે.બીજી તરફ ૨૭ ઉમેદવારોના નામની યાદી જાહેર કરનાર કોંગ્રેસ બાકીના ઉમેદવારોને લઇને મુશ્કેલી અનુભવતું હોય એવું લાગે છે કારણ કે આવતીકાલે ફરી કોંગ્રેસની પાલર્મેિન્ટરી બોર્ડની બેઠકમાં જામનગર કોંગીને તેડુ મોકલવામાં આવ્યું છે, આ બેઠકમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી રાજીવ સાતવ, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા ઉપરાંત પરેશ ધાનાણી, અર્જુન મોઢવાડીયા, હાર્દિક પટેલ વગેરે ઉપસ્થીત રહેશે અને જામનગરથી શહેર કોંગી પ્રમુખ દિગુભા જાડેજા તેમજ જામ્યુકોના પૂર્વ વિપક્ષી નેતા અલ્તાફ ખફી બેઠકમાં હાજરી આપશે અને બાકીના નામોની આ બેઠકમાં ચચિ થશે. આમ જામ્યુકોની ચુંટણીના મહા મુકાબલા માટે સત્તાધારી ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાનો અંતીમ તબકકો ચાલી રહયો છે.

# દ્વારકામાં બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર થયેલ બાંધકામ સામે કાયદાકીય કાર્યવાહી કરવા માંગ

સરકાર દ્વારા બાંધકામ સબંધી કાયદો સરળ કરવાની સાથે સાથે તેનો ઉપયોગ શહેરી વિસ્તારોની સાથે સાથે દ્વારકા શહેરમાં પણ જોવા મળ્યો છે. બાંધકામના પરવાના સહિતના નવા કાયદાઓની સરળ પ્રક્રિયાને લીધે લોકોની સુખાકારીમાં વધારો થયો છે. પરંતુ બાંધકામની ઓનલાઇન મંજૂરી મેળવવાની સાથે સાથે તેને સંલગ્ન અમલવારી પણ થાય તે એટલું જ જરૂરી છે. દ્વારકામાં ઓનલાઈન મંજૂરી મેળવી બિલ્ડરો દ્વારા કામો શરૂ કરાયા છે પરન્તુ કમનસીબે માગ્યા મુજબની મંજૂરી સબબના કામોમાં નિયમોના સરેઆમ ભંગ કરાતો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. હાલમાં જ દ્વારકાના નાગેશ્વર રોડ પર અંબુજા નગરમાં વ્રજ ડેવલપર્સ જેના રે.સ.નં. ૩૩, ૩૩/૨, ૬૪૯ તથા ૭૧૬ પેકી રહેણાંક હેતુ માટેના પ્લોટ નં.૧૦૮ તથા ૧૦૯ પર આવેલ બીલ્ડીંગમાં રેસીડેન્શીયલ ફલેટસનું ઓનલાઈન મંજૂરી માંગી બાંધકામ કરેલ છે. આ કામના બિલ્ડર દ્વારા ઓનલાઈન મંજૂરી મેળવ્યા બાદ ગેરકાયદે બાંધકામ હાથ ધયર્નિું બહાર આવ્યું છે, જેમાં પાંચ માળની મંજૂરી મેળવી સાત માળનું ગેરકાયદે બાંધકામ કરેલ છે, એફ. એસ.આઈઈ. મુજબના બાંધકામ કરતાં ખૂબ વધારે બાંધકામ વાસ્તવિકતામાં કરી લીધેલ છે, રેરાના નિયમોનું પાલન કરેલ નથી, જી.ડો.સી.આર. પ્રમાણે જણાવેલ સ્વેર ફીટ/મીટર થી વધારે બાંધકામ કરેલ છે. બિલ્ડર દ્વારા કરાતા ગેરકાયદેસર બાંધકામ પણ એક પ્રકારનું દબાણ જ કહી શકાય અને સરકારના નિયમોનું ઉલ્લંઘન કર્યું ગણાય. જેથી આવા ગેરકાયદે બાંધકામો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહીની સાથે સાથે રેરાના નિયમોના ભંગ બદલ નિયમાનુસાર ફોજદારી ફરીયાદ કરી ડોમોલીશનની કામગીરી કરી દંડની પણ વસુલાત કરી દાખલો બેસાડવો જોઈએ. જેથી કરીને નાના રોકાણકારો આવા બિલ્ડરના ભ્રામક પ્રચાર અને લાલચમાં ન આવે તેવી વાસ્તવિકતા દ્વારકા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અને ન.પા.ના સદસ્ય પરેશ એસ. ઝાંખરીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી વાસ્તવિકતા દર્શાવી તાકીદે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# દ્વારકામાં જ્ઞાતિજન અને કાર્યાલય વચ્ચેના ધર્મયધ્ધમાં ક્યા પક્ષે રહેવું એ અંગે ગુગળી સમાજમાં ચાલતું મનોમંથન

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૨

હિન્દુ ધર્મશાસ્ત્રના પવિત્ર ગ્રંથ ભગવદ ગીતામાં જણાવ્યાનુસાર મહાભારતમાં કુક્ષેત્રની લડાઇ વખતે અર્જુન જયારે પોતાના જ કુવંશના યોધ્ધાઓ સામે લડવાની ના પાડે છે ત્યારે દ્વારકાધીશ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે આ ધર્મયુધ્ધ છે. અને ધર્મ અને અધર્મની લડાઈમાં હું તારી સાથે છું. દ્વારકામાં દ્વારકાધીશ જગતમંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ એ કરોડો સનાતનધર્મીઓની આસ્થાનું પ્રતિક હોય આદિકાળથી ચાલતી ધ્વજાજી ચઢાવવાની પરંપરાના મહાત્મ્યમાં ઉત્તરોતર વધારો થયો હોય પહેલાં દિવસો સુધી એક ધ્વજાજીનું આરોહણ થતું જયારે આજે દિવસમાં પાંચ ધ્વજાજી ચઢાવવામાં આવે છે. જે અંગેનું બુકીંગ પણ ૨૦૨૪ સુધી થઈ ગયું છે. કરોડો હિન્દુધર્મીઓની આસ્થાના પ્રતિક ધ્વજાજીનું વ્યવસ્થાપન કરતી ગુગળી જ્ઞાતિ કાયર્લિયમાં ધ્વજાજી સહિત વિવિધ મુદ્દે જ્ઞાતિના જ સીનીયર સીટીઝન અને પૂર્વ પંડાસભા પ્રમુખ દ્વારા ભ્રષ્ટાચારના આરોપો સાથે અનશન આંદોલન કરાયું તથા હવે કાનૂની રાહે પણ લડત કરનાર હોય ત્યારે ગુગળી જ્ઞાતિજનો પણ અસમંજસની સ્થિતિમાં મૂકાયા છે. એક તરફ જ્ઞાતિના જ સીનીયર સીટીઝન તથા અગ્રણીની લડત છે જયારે બીજી તરફ જ્ઞાતિ કાયર્લિયના જૂજ લોકો સામે ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડતા ભ્રષ્ટાચારના આરોપો છે. ગત સપ્તાહના ઘટનાક્રમ જોતાં અનશન આંદોલનની સામે જ્ઞાતિ કાયર્લિય દ્વારા આરોપોને પાયાવિહોણાં ગણાવતી પ્રેસવિજ્ઞપ્તિ રીલીઝ કરી સ્વને તે જ દૂધે ધોયેલાં સાબિત કરવાનો પ્રયાસ કર્યો જેની સામે ધ્વજાજીના કથિત કાળા કારોબારને ફલિત કરતી ઓડીયો કલીપ વાઈરલ બનતાં જૂજ લોકોના કથિત કૃત્યને કારણે પોતાના સમાજના જ અન્યોને પણ છાંટા ઉડી રહ્યા હોવાની અનુભૂતિની સાથે સાથે બંને જ્ઞાતિજનો વચ્ચેના ધર્મયુધ્ધમાં જ્ઞાતિજને ક્યા પક્ષે રહેવું તે અંગે પણ મનોમંથન ચાલી રહયુ છે. આખરે કૃષ્ણની કર્મભૂમિમાં જન્મ લઈ ઠાકોરજીની સેવા કરવાનો અલભ્ય અવસર મળ્યો છે ત્યારે કૃષ્ણની જેમ ધર્મના પક્ષે રહેવું તે પણ દરેક જ્ઞાતિજન તેમજ સનાતનધર્મીની નૈતિક ફરજ છે. ભલે ઠાકોરજીની આંખો બંધ છે પરંતુ સઘળું જુએ તો છે જ. તાજેતરમાં ગુગળી કાયર્લિય સામે વિવિધ મુદ્દે ભ્રષ્ટાચારના ફરીયાદ સાથે આંદોલન સહિતના મુદ્દે ધ્વજાજીના કાળા કારોબારની ઉઠતી ફરીયાદો સાથે સમગ્ર મામલો ગતસપ્તાહમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો હોય જે અંગે સોશ્યલ મીડીયામાં પણ ભારે ચચર્સ્પિદ બન્યો છે. એક તરફ ગુગળી કાયર્લિયની પ્રેસ વિજ્ઞપ્તિને સર્વસ્વ ગણી સમાજના જ કાયર્લિય તરફી હાર્ડકોર ફોલોઅર્સ દ્વારા કાયર્લિય તરફી વલણ દાખવતી કોમેન્ટસ કરાય છે તો બીજા પક્ષે તટસ્થ વાંચકો દ્વારા ધ્વજાજીના કથિત કાળા કારોબાર સામેના અભિયાનને ટેકો આપતાં પ્રતિભાવો અપાઈ રહયા છે.

# જામનગરના ઉધોગજગત માટે બજેટ એકંદરે સારૂ : લાખાભાઈ કેશવાલા

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનએ વર્ષે ૨૦૨૧/૨૨ નું કેન્દ્રીય અંદાજપત્ર રજુ કર્યું હતું, જેનો સંસ્થાના પ્રતિનિધિઓએ પ્રાથમિક અભ્યાસ કરતા એવું જણાય છે કે વર્તમાન કોરાના કાળની પરિસ્થિતીમાં જયારે ફીસ્કલ ડેફસીટ જી.ડી.પી. ના ૯.૫% જેટલી ઉંચી રહેલ હોય તે પરિસ્થિતીમાં નાણામત્રીએ દેશની અર્થ વ્યવસ્થાને આ પરિસ્થિતીમાંથી બહાર કાઢીને આગળ વધારવા માટે નિષ્ઠાપુર્વકના પ્રયત્નો કરેલ છે. કેન્દ્રીય અંદાજપત્રના મુખ્ય મુદ્દાઓ જોઈએ તો, આંતર રાષ્ટ્રીય બજારમાં હાલમાં મેટલ સ્કેપના ભાવોમાં ખૂબજ તોતીંગ વધારા થયેલ છે, ત્યારે નાણામંત્રીએ કોપર સ્કેપ પરની ડયુટી ૫% થી ઘટાડીને ૨.૫% નો ઘટાડો કરીને દેશની રીસાઈકલ ઈન્ડસ્ટ્રીઝને ઘણી માટી રાહત આપી છે અને પરિણામે જામનગરના બ્રાસ ઉધોગને બ્રાસ તથા કોપરના તાજેતરમાં ભાવ વધારામાં માટી રાહત મળશે. વિવિધ પ્રકારના ઓટો કોમ્પોનેન્ટસ પર ઈમ્પોર્ટ ડયુટી લાગુ કરીને સ્વદેશી મેન્યુફેકચરીંગને બ્રુસ્ટ આપવાના પગલાથી જામનગરના બ્રાસપાર્ટસ ઉધોગમાં નવી ડીમાન્ડ ઉભી યશે, સ્ટીલ સ્કેપ પરની ડયુટી નાબુદી થકી દેશમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટને વેગ આપવામાં ખુબ જ મદદ મળશે, કોટન યાનં પર ઈમ્પોર્ટ ડયુટી જે હાલમાં ૦ ટકા હતી તેને ૧૦ ટકા કરતા સૌરાષ્ટ્રમાં કપાસની ખેતી કરતા ખેડુતો તથા કોટન ઈન્ડસ્ટ્રીઝને ખુબજ ઉતેજન મળશે. ઈન્કમ ટેક્ષના કેઈસ રીઓપન કરવાની સમય મર્યાદા કે જે અગાઉ ૬ વર્ષની હતી તે ૩ વર્ષની કરતા સામાન્ય કરદાતાને લાંબા સમય સુધી કેઈસ રીઓપન થવાની લટકતી તલવારમાંથી મુકિત મળશે, કંપની એકટમાં સામાન્ય પ્રોસીઝર લેપ્સમાં ક્રીમીનલ કાર્યવાહીમાંથી મુકિત આપતું પગલું ખુબ જ રાહતરૂપ છે અને જેના લાભ એલ.એલ.પી. ને પણ એકસટેન્ડ કરેલ છે અને સરકારએ રીસાઈકલ મેટલમાંથી બનેલ પ્રોડકટને સરકારી પ્રોજેકટમાં વાપરવાની છુટ આપેલ છે, જેથી જામનગરના બ્રાસ ઉધોગને તેના લાભ મળશે. ઈઝ ઓફ ડુઈગ બીઝનેશને સાર્થક કરવા માટે સરકારએ જી.એસ.ટી. ઓડીટ નાબુદ કરવાની ક્રાંતીકારી જાહેરાત કરી છે, જે આ અંદાજપત્રનું સાથી મોટું પગલું ગણી શકાય, આ ઉપરાંત વોલન્ટરી વ્હીકલ સ્કેપેજ પોલીસીથી ઓટો ઈન્ડસ્ટ્રીઝને વેગ મળશે તથા દેશમાં ઈન્ડસ્ટ્રીઝ માટે રો-મટીરીયલ્સ ઉપલબ્ધ થશે. જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા છેલ્લા ૦૪ વર્ષથી સતત રજુઆત કરવામાં આવતી હતી તથા જામનગરના સાંસદ પુનમબેન માડમ પણ આ પોલીસી અમલમાં લાવવા માટે ખુબજ સક્રીય હતા. ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ માટે વિમા ક્ષેત્રમાં મર્યાદા ૪૯ % થી ૪૪ % કરવાની દેશમાં વિદેશી રોકાણમાં વધારા થશે તથા દેશના નાગરીકોને ખુબજ વ્યાજબી દરથી વિવિધ પ્રકારની શ્રેષ્ઠ વિમા કવચની સુવિધાઓને લાભ મળશે, આ તકે પેટ્રોલ-ડીઝલ પર કુષી શેષ લગાવવાથી હાલ ભડકે બળતા પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઓર વધારો થશે ત્યારે નાણામંત્રી પેટ્રોલીયમ પ્રોડકટસ પરની એકસાઈઝ ઘટાડીને સામાન્ય પ્રજાજનોને રાહત આપી આમ આદમી પર વધારાનું આર્થિક ભારણ ટાળવાની પ્રમાણીક કોશીશ કરેલ છે.

# દેવભૂમી દ્વારકા જિલ્લામાં ૩૧ માર્ચ સુધી હથિયારબંધી

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૨

આગામી દિવસોમાં વિવિધ તહેવારોની ઉજવણી નિમિત્તે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવો બનવા ન પામે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે.એમ.જાની દ્વારા એક હુકમ પ્રસિધ્ધ કરી, તાત્કાલીક અસરથી તા. ૩૧ માર્ચ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. કોઈ પણ પ્રકારના શારીરિક ઈજા કરી શકાય તેવા શસ્ત્રો અને ક્ષયકારી કે સ્ફોટક દારૂગોળો લઈ જવા, મનુકષ્ય, તેના શબ કે અન્ય આકૃતિઓ અથવા પુતળા દેખાડવા ઉપર, અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા અને ટોળામાં ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે. સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ પ્રતિબંધ લાગુ પડશે. આ પ્રતિબંધ અધિકૃત પરવાનગી ધરાવનારાઓને લાગુ નહિ પડે. અન્યથા પ્રતિબંધનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવાશે તેમ વધુમાં જણાવાયું છે.

# પ્રોહિ.ગુન્હામાં ત્રણેક વર્ષથી નાસતા ફરતા નામચીન બૂટલેગરને ઝડપી પાડતી ભાણવડ પોલીસ

### રાણપર મિત્રને મળવા આવતા દબોચી લેવાયો

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૨

ભાણવડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના અનેક ગુન્હામાં છેલ્લા ત્રણેક વર્ષષી નાસતા ફરતા નામચીન ગુન્હેગારને ઝડપી પાડવામાં ભાણવડ પોલીસ ને સફળતા મળી છે. પ્રાપ્ત વિગત મુજબ ભાણ વડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિ. કલમ ૬૫ (ઈ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુન્હામાં નાસતો ફરતો નામચીન બુટલેગર પુંજો ઉર્ફ પીપપીપ મેરાભાઈ શામળા રહે.જુનાગઢવાળો ભાણવડ તાલુકાના રાણપર ગામે તેમના મિત્રને મળવા આવ્યો હોવાની ચોકકસ બાતમી પીએસઆઈ જે.જી.સોલંકી તથા કોન્સ.ખીમાભાઈ કરમુરને મળતા સ્ટાફના સર્વલન્સ સ્કોડના એએસઆઈ લખમણભાઈ ગઢવી,હેડ કોન્સ કિશોરભાઈ નંદાણીયા, કનુભાઈ મકવાણા, બ્રિજેશભાઈ બોરીચા, કેશોરસિંહ જાડેજા, ભરતભાઈ સભાડને સાથે રાખીને રાણપર ગામે દોડી જતાં રાણપર બસ સ્ટેન્ડ પાસેથી દબોચી લીધો હતો અને કોરોના ટેસ્ટ માટે તજવીજ હાથ ધરી ભાણવડ પોલીસ સ્ટેશનમાં અલાયદા રૂમમાં કોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

# નાણામંત્રી સીતારામના બજેટને બજેટને આવકારતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના આગેવાનો

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા સોમવારે રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૧ ના સામાન્ય બજેટને દેશના અર્થતંત્ર માટે અતિ મહત્વનું અને વિકાસ માટે બુસ્ટર ડોઝ સમાન ગણાવી દેવભૂમિ દ્વારકા જિલ્લાના આગેવાનો તથા વિશ્લેષકોએ આવકાર્યું છે. આગામી બજેટમાં દેશની જનતાનો ખ્યાલ રાખી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ આરોગ્યની બાબતને પ્રાધાન્ય આપવાને મહત્વનું કરવામાં આવ્યું છે. જેમાં સ્વાસ્થ્ય માટે કુલ ૨.૨૩ લાખ કરોડની ફાળવણી તથા અમૃત યોજના માટે ૨.૮૭ લાખ કરોડની ફાળવણી ઉપરાંત ખાસ કરીને રસ્તા સહિતની બાબતોને આ બજેટમાં પ્રાધાન્ય આપવામાં આવતા આમ જનતા માટે આ બાબત અતિ મહત્ત્વપૂર્ણ બની રહેશે. કોરોના મહામારી દરમિયાન ભારતની છબી વધુ ઊજળી બને તે માટે આ બજેટમાં આત્મનિર્ભર ભારતની બબત પર ભાર મૂકવામાં આવ્યો છે. જે સિમાચિહ્ન રૂપ બની રહેશે. આ બજેટ રિયલ એસ્ટેટ, મેડિકલ, અગ્રિકલચર ક્ષેત્ર માટે ખુબજ ફાયદાકારક બની રહેનાર છે. ત્યારે દેશના રોકાણકારો માટે પણ આ બજેટ મહત્વપૂર્ણ સાબિત થશે. આ બજેટમાં રેલવે, વીમા, નેશનલ હાઈવે, ઓટો પાટ્ર્સ, મોબાઈલ વિગેરે બાબતના લેવામાં આવેલા નિર્ણયથી રોજગારી તથા નોકરીની તક પણ ઊજળી બનશે તેવો અભિપ્રાય પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. આમ, આ બજેટને આમ જનતા લક્ષી ગણી, દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ ખીમભાઈ જોગાલ, જનતા વતી નાણામંત્રી તથા વડા પ્રધાનની આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ટાપુઓ પર પૂર્વ મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૨

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર બે ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે બાવીસ ટાપુઓ માનવ વસાહત રહિત છે. નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે વિવિધ જ્ઞાતિના શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જુથો સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જનસલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા એક જાહેરનામું પ્રસિધ્ધ કરી જિલ્લામાં આવેલ એકવીસ ટાપુઓ ઉપર જે-તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેના ઉપરી અધિકારીની લેખીત પુર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ટાપુ ખંભાળિયા તાલુકામાં આવતા ધાની ઉર્ફે ડની ટાપુ, ગાંધીયોકડો ટાપુ, કાલુભાર ટાપુ, રોઝી ટાપુ, પાનેરો ટાપુ, કલ્યાણપુરહકુમતહેઠળના ગડુ (ગારૂ) ટાપુ, સાનબેલી (શિયાળી) ટાપુ, ખીમરોઘાટ ટાપુ, તથા દ્વારકા તાલુકા હકુમત હેઠળના આશાબાપીર ટાપુ, ભૈદર ટાપુ, ચાંક ટાપુ, ધબધબો (દબદબો) ટાપુ, દીવડી ટાપુ, સામીયાણી ટાપુ, નોરૂ ટાપુ, માન મરૂડી ટાપુ, લેફા મરૂડી ટાપુ, લંધા મરૂડી ટાપુ, કોઠાનું જંગલ ટાપુ, ખારા મીઠા ચુષ્ણા ટાપુ, કુડચલી ટાપુ માં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ જાહેરનામું તા. ૨ એપ્રિલ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે તેમ પણ વધુમાં જણાવાયું છે.

# કલ્યાણપુર પંથકમાં વિપ્ર મહિલાની બોથડ પદાર્થ ઝીંકીને નિર્મમ હત્યા

### પોલીસ કાફલા દ્વારા તપાસનો ધમધમાટ: આરોપીઓ હાથમાં વેંતમાં

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પંથકમાં ગતસાંજે એક વિપ્ર મહિલાનો લોહી નીતરતી હાલતમાં નિષ્પ્રાણ દેહ સાંપડ્યો હતો. કોઈ અજાણ્યા શખ્સો દ્વારા આ વૃદ્ધ મહિલાની બોથડ પદાર્થ વડે નિર્મમ હત્યા નિપજાવવાના બનાવ સંદર્ભે જિલ્લાનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આરોપી શખ્સોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. આ ચકચારી બનાવની વિગત એવી છે કે કલ્યાણપુરના હનુમાન ચોક વિસ્તારમાં રહેતા જટાશંકર વેલજીભાઈ ભોગાયતા નામના એક નિવૃત્ત બ્રાહ્મણ વૃદ્ધ તેમના ધર્મપત્ની જયાબેન સાથે રહેતા હતા. તેઓના બે પુત્રો જામનગર ખાતે સ્થાયી થયા છે અને ગોરપદુ કરી અને તેઓનો જીવન નિર્વાહ ચલાવે છે. કલ્યાણપુર ખાતે રહેતા બ્રાહ્મણ દંપતિ નિવૃત્તિમય જીવન ગુજરી રહ્યા હતા, તે દરમિયાન ગત સાંજે જયાબેન કલ્યાણપુરની બજારમાં રાશન અંગેની ખરીદી કરી અને ગઈકાલે સોમવારે સાંજે પોતાના ઘરે પરત આવ્યા હતા. બાદમાં તેમનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ તેમની સામેના ઘરેથી મળી આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતા સ્થાનિક પીએસઆઈ એફ. બી. ગગનીયા તથા તાલુકાનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ ઉપરાંત જિલ્લા પોલીસ વડા સુનિલ જોશી, ડીવાયએસપી સમીર સારડા, એલ.સી.બી. પી.આઈ. જે.એમ. ચાવડા, સી.પી.આઈ. જી.આર. ગઢવી સહિતનો પોલીસ કાફલો પણ કલ્યાણપુર ખાતે પહોંચી ગયો હતો અને સઘન કાર્યવાહી કરી હતી. આ બનાવનો ભેદ ઉકેલવા ડોગ સ્કવોડની મદદ પણ લેવામાં આવી હતી. ઘટના સ્થળેથી હત્યા માટે સંભવિત રીતે ઉપયોગમાં લેવામાં આવેલા પથ્થર મળી આવતા આ વૃદ્ધાની હત્યા માથામાં તથા કપાળના ભાગે પથ્થરના ઘા મારીને કરવામાં આવી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. ગંભીર રીતે ઈજાઓ સાથે મૃત્યુ પામેલા જયાબેનના મૃતદેહને પેનલ પીએમ માટે મોકલવામાં આવ્યો છે. જ્યારે આ હત્યા અંગે સ્થાનિક પોલીસે વ્યાપક પૂછપરછનો ધમધમાટ હાથ ધરી કેટલાક શંકાસ્પદ શખ્સોની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે. તેથી આ નિર્મમ હત્યાનો ભેદ ટૂંક સમયમાં ઉકેલાઈ જાય અને આરોપીની ઓળખ નજીકના ભવિષ્યમાં જ થવાની પૂરી સંભાવના પણ વ્યકત કરવામાં આવી રહી છે. આ સમગ્ર બનાવ અંગે મૃતક જયાબેન ભોગાયતાના ભત્રીજા કિશનભાઈ દિલીપભાઈ ભોગાયતા (ઉ.વ. ૨૬, રહે. કલ્યાણપુર) ની ફરિયાદ પરથી પોલીસે અજાણ્યા શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૦૨ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દેવભુમિ દ્વારકામાં ચૂંટણી સબંધી જાહેરનામુ બહાર પડાયુ

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનારી આગમી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંતર્ગત તા. ૨૮ મી ના રોજ થનાર મતદાન અંગે જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલી છે. ચુંટણી અનુસંધાને સબંધિત મતદાર વિભાગમાં ઉમેદવાર કે સંભવિત કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ચુંટણી સબંધી સરઘસ, રેલી કે આવા કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચુંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચુંટણીપંચનો અભિગમ રહેલો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સુલેહ શાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને આદર્શ આચારસંહિતાનું પાલન થાય તે માટે જરૂરી પગલા લેવાનું ઉચિત જણાતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.એમ. જાનીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી, દેવભૂમિ દ્વારકા જિલ્લાના મતદાર વિભાગમાં ઉમેદવારીપત્રો ભરવા માટે અલગ સુચનાઓ સિવાય ચુંટણી સબંધિ કોઈ સરઘસ કે રેલી કે કાફલા કે સમુહમાં કે કોઈ કાર્યક્રમમાં દસ કરતા વધુ વાહનો રાખવા કે હંકારવા પર પ્રતિબંધ મુકયો છે. આ જાહેરનામું તમામ પ્રકારના સરકારી, અર્ધસરકારી વાહનોને લાગુ પડશે નહી. હુકમનો ભંગ કરનાર શિક્ષાપાત્ર ઠરશે તેમ વધુમાં જણાવાયું છે.

# ખંભાળિયા નગરપાલિકા સહીતના ધુરંધર મજબુત દાવેદારોની બાદબાકી થવાની સંભાવના

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૨

ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા તાજેતરમાં આગામી ચૂંટણીમાં ત્રણ વખતથી વધુ સમયથી વિજેતા થતાં ઉમેદવારો તેમજ ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા દાવેદારોને આ ચૂંટણીમાં ટિકિટ ન આપવા અંગેની જાહેરાત કરાતા આ મુદ્દો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ભારે પ્રભાવકર્તા બની રહેનાર છે. આ સાથે ખંભાળિયા નગરપાલિકામાં પણ જો આ મુદ્દો અમલમાં મૂકવામાં આવે તો કેટલાક મજબૂત ઉમેદવારો- દાવેદારોના પતા કપાઈ જવાની પૂરી સંભાવના પણ વ્યકત કરવામાં આવી રહી છે. આગામી તારીખ ૨૮મી ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ સાશિત ખંભાળિયા નગરપાલિકાની ચૂંટણી પણ યોજાનાર છે. છેલ્લા આશરે વીસેક વર્ષ થયા ખંભાળિયા નગરપાલિકામાં ભાજપનું શાસન છે. ત્યારે પ્રદેશ પ્રમુખ દ્વારા ટિકિટ અંગેની ચોક્કસ નીતિ- રીતિ જાહેર કરવામાં આવતા ૨૮ બેઠક પર આવતી ખંભાળિયા નગરપાલિકામાં પણ આ મુદ્દે ભારે ચર્ચા સાથે ગભરાટ પ્રસરી જવા પામ્યો છે. ભારતીય જનતા પાર્ટીના નિરીક્ષકો સમક્ષ શહેરના ૧૩૨ દાવેદારોએ ટિકિટ માટેની ઈચ્છા રજૂ કરી હતી. જેમાં ખંભાળિયા નગરપાલિકામાં તત્કાલીન સભ્યો, પૂર્વ પ્રમુખો, ઉપપ્રમુખ, તથા પ્રથમ હરોળના કાર્યકરો ઉમેદવારોએ તેઓની દાવેદારી નોંધાવી હતી. પરંતુ ટિકિટ અંગે ત્રણ વખત વિજેતા ઉમેદવારો તથા ૬૦ વર્ષની ઉપરના દાવેદારો અંગેના આ સંભવિત નિર્ણયમાં ખંભાળિયા નગરપાલિકા માટે મહત્વના તથા શ્યોર મનાતા ચાર ઉમેદવારો કે જેઓ અગાઉ પાલિકાના પ્રમુખ સહિતના હોદ્દા પર બિરાજી ચૂક્યા છે, તથા એક સીનીયર સીટીઝન અને પૂર્વ હોદ્દેદારને આ ટિકિટમાંથી બાદ રાખવામાં આવે તેવી પૂરી શક્યતા જોવા મળી રહી છે. આ મુદ્દે ખંભાળિયા શહેર ભાજપના પ્રમુખ અનિલભાઈ તન્નાએ જણાવ્યું હતું કે પક્ષની ચોક્કસ ગાઈડ લાઈન તથા નિરીક્ષકો અને નેતાઓ સાથે ચર્ચા વિચારણા બાદ જરૂર પડ્યે ઉપરોક્ત નિર્ણય અમલમાં મુકવામાં આવશે.

# ભાજપ પ્રદેશ પ્રમુખની ટીકીટ કાપવાની જાહેરાતથી આણંદમાં તાપણા સળગ્યા

**આણંદ નગરપાલિકામાં છેલ્લી ત્રણ ટર્મથી ચૂંટાઇ રહેલા અને ૬૦ વર્ષ ઉપરના ૧૧ ધુરંધર કાઉન્સિલરો ચૂંટણી લડયા વગર જ ઘરભેગા થવાની વકી! સાથે સાથે વર્ષોથી નગરપાલિકાને પોતાનું પિયર સમજી બેઠેલા કાઉન્સિલરોના મનમાં માત્ર એક જ સવાલ કે હવે શું થશે???**

**ત્રણ કે તેથી વધુ ચૂંટાયેલા કાઉન્સિલરોની યાદી..**

- શ્વેતલ અરવિંદભાઈ પટેલ(મેયર)
- મધુબેન શંકરભાઈ ગોહેલ
- અમીબેન અતુલભાઈ દણાક
- સુરેશભાઈ પુરુષોત્તમભાઈ પટેલ
- પ્રજ્ઞેશ અરવિંદભાઈ પટેલ
- હિમેશ જયંતીભાઈ પટેલ

**ભાજપમાંથી ૬૦વર્ષ ઉપરના આણંદ નગરપાલિકાના કાઉન્સિલરો....**

- અણવર યુસુફભાઈ વ્હોરા
- વિજય હરિભાઈ પટેલ(માસ્તર)
- મીતાબેન પ્રફુલ્લભાઈ પટેલ
- જનકભાઈ પુનમભાઈ પટેલ
- કાંતિભાઈ ચાવડા



ચક્રવાત ટીમ આણંદ, તા.૦૨

ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલે કરેલી જાહેરાતમાં ૬૦ વર્ષથી ઉપરના અને સતત ૩ ટર્મથી ચૂંટાઈ રહેલા જાડી ચામડીના જૂના જોગીઓને અને સંગઠનમાં મહત્વના હોદાઓ ધરાવતા નેતાઓના પરિવારજનોને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ટિકિટ નહીં મળે તેથી જૂના જોગીઓમાં ચિંતાનું મોજુ ફળી વળ્યું છે સાથે સાથે નગર પાલિકાને પોતાનું પિયર જ સમજીને બેઠેલા નેતાઓમાં વગર ચૂંટણી લડે ઘરભેગા થઈ જવાની ચિંતા સતાવવા લાગી છે. આણંદ નગરપાલિકામાં છેલ્લા ૨૨ વર્ષથી એકધારું ભાજપનું શાસન ચાલી રહ્યું છે તેવામાં આવી કરેલ જાહેરાતથી ૧૧ જેટલા કાઉન્સિલરોની ટીકીટ કપાવવાની અને તેમના સ્થાને નવા ચેહરાને ટીકીટ આપીને આ વખતે નવા યુવાનો આણંદ નગરપાલિકા નું શાસન કરતા જોવા મળે તો નવાઈ નહી!

આણંદ નગરપાલિકામાં હાલ ભાજપની બોડી છે જેમાં ૨૮ કાઉન્સિલરોમાંથી ૫ કાઉન્સિલરો ૬૦થી વધુ ઉંમર ધરાવે છે અને ૩ ટર્મથી વધુ વખત ચૂંટાયેલા ૬ જેટલા કાઉન્સિલરોના સીધે સીધા પત્તા કપાઈ રહ્યા છે આથી ભાજપના યુવા કાર્યકરોમાં ખૂબ જ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને જૂના જોગીઓમા ભર શિયાળામાં પણ ગરમી જેવો ચિંતાનો પસીનો જોવા મળી રહ્યો છે અને સત્તા લાલચુ પોતાના સત્તા હાથમાંથી સરકી ના જાય અને પોતાનું વર્ચસ્વ બરકરાર રહે તે માટે કોઈ ખેલ શરૂ કરે તો કોઈ નવાઈ પણ નહિ! ભાજપના જ કાર્યકરો અને નગરજનોમાં જે ચર્ચાઈ રહ્યું છે તે કે વર્ષોથી નગરપાલિકાને બાનમાં લેનાર કાઉન્સિલરો સત્તા વિના રહી ન જ શકે એટલે તેઓ ચૂંટણી લડી સત્તા હાંસિલ કરવા નવો દાવ શરૂ કરશે જ એવી નવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે. અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી કાટ ખાઈ ગયેલા વિકાસમંચને નવો ઓપ આપીને બેઠો કરી ચૂંટણી લડે તો નવાઈ નહી! ભાજપ પ્રદેશ પ્રમુખના આ નિર્ણયથી છેલ્લી ઘડીએ યાદીમાં ફેરફાર માટેની મથામણમાં ભાજપની મોડી રાત સુધી મિટિંગનો દોર પણ ચાલી રહ્યો છે.

# પોરબંદરમાં ચૂંટણી સંદર્ભે જાહેરનામુ બહાર પડાયુ

ચક્વાત ટીમ પોરબંદર, તા.૦૨

આગામી તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણીઓ અંતર્ગત તા.૨૮/૦૨/૨૦૨૧ ના રોજ મતદાન થનાર હોય ચૂંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતા વાહનોનો દુરઉપયોગ થતો અટકાવવાના હેતુથી સાવચેતીના પગલા લેવા કે.વી.બાટી. સબ ડીવીઝનલ મેજીસ્ટ્ર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

૧. કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજો કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાન દિવસે-

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા તે રીતે વાહોનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનનાં દિવસે નીચે પ્રમાણેના વાહનોનો ઉપયોગ કરવા હકકદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર ગ્રામ પંચાયત વિભાગ પુરતુ એક જ વાહનની સંબંધીત અગરચૂંટણી અધિકારી અગર તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારી પાસે નોંધણીકરાવીને ઉપયોગ કરી શકાશે અને સદરહુ વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વાહન સાથે રાખવાનો રહેશે. આવા વાહનોની સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને હરીફ ઉમેદવારને બીનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ઉપર ૧(ખ)(૧) મા દર્શાવેલ વિગેરેના તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેની પરમીટ તેઓ પાસેથી, મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડ સ્કીન ઉપર ચોટાડવા સિવાય સદરહુ વાહનનો ઉપયોગ કરી શકાશે નહી. આ હુકમનો અમલ પોરબંદર સબ ડીવીઝનના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૮/૦૨/૨૦૨૧ના દિવસે કરવાનો રહેશે.

# પોરબંદર કિર્તીમંદિર ખાતે પૂ. મહાત્મા ગાંધિ નિર્વાણ દિને પ્રાર્થના સભા યોજાઇ



ચક્વાત ટીમ પોરબંદર, તા.૦૨

ગાંધીજીના નિર્વાણ દિન એટલે કે શહિદ દિન નિમિતે ગાંધી જન્મ સ્મારક કિર્તી મંદિર ખાતે આજે સાંજે ૫ કલાક દરમ્યાન પ્રાર્થના સભા યોજાઇ હતી. જેમાં મહાત્મા ગાંધીને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. પ્રાર્થના સભામાં કલેકટર શ્રી ડી.એન. મોદી, પ્રાંત અધિકારી કે.વી. બાટી, અને મામલતદાર સહિતના અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદર જિલ્લામાં ૨૮ ફેબ્રુઆરી સુધી કોરોના વાઈરસ સાવચેતીના નિયમોની મુદત લંબાવાઇ

**લોકહિતાર્થે જિલ્લામાં જરૂરી છુટછાટ તથા પ્રતિબંધો જાહેર કરાયા**

ચક્વાત ટીમ પોરબંદર, તા.૦૨

નોવેલ કોરોના વાઈરસ (covid-૧૯)ના ઝડપી સંક્રમણને ધ્યાને લઈને કેન્દ્ર સરકારે જરૂરી છુટછાટ સાથે તા.૨૮ ફેબ્રુઆરી સુધી લોકડાઉનની સમય મર્યાદા વધારી છે. જે અનુસંધાને પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડીને તા.૨૮ ફેબ્રુઆરી સુધી અથવા સરકાર દ્વારા જો મુદત લંબાવવામાં આવે તે તારીખ સુધી પ્રતિબંધો/છુટછાટ આપી છે. જે મુજબ લગ્ન/સત્કાર સમારંભ જેવી ઉજવણી સ્થળની ક્ષમતાના ૫૦ ટકાથી વધુ નહીં પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહનું આયોજન કરી શકાશે. આ ઉપરાંત સામાજિક અંતર સાથે તથા ફેસ કવર સાથે સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ સિનેમા હોલ, સ્વીમીંગપુલ, ગાર્ડન, ધાર્મિક સ્થળો, હોટેલ, શોપીંગ મોલ, લાઈબ્રેરી, સહિત જરૂરી તકેદારી તથા સુચનાના પાલન સાથે મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત કામના/જાહેર સ્થળોએ મોઢુ ઢાકવનુ રહેશે, તેમ નહી કરનારને રૂ.૧ હજારનો દંડ કરાશે. દરેક જાહેર સ્થળો, દુકાનો પર ગ્રાહકો વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફુટનુ અંતર રાખવુ, જાહેરમાં થુકનારને રૂ.૧ હજારનો દંડ કરાશે. આ ઉપરાંત કામના સ્થળોએ સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ કાર્ય પધ્ધતિ અમલી રાખવાની રહેશે.બાકીની તમામ જોગવાઈઓ અને વિગતો જિલ્લા મેજીસ્ટ્રેટના તા ૩૦/૧/૨૧ ના જાહેરનામા મુજબ રહેશે.

# ૮૩ વર્ષીય પર્યાવરણ રક્ષક વાસંતીબાની અનોખી સેવા

**વેસ્ટ કાપડમાંથી થેલી બનાવી લોકોને નિશુલ્ક આપી રહ્યા છે**



ચક્વાત ટીમ, તા.૦૨

'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ ગમતાનો કરીએ ગુલાલ' મકરંદ દવેની આ પંક્તિને અમદાવાદના વાસંતીબાએ સાર્થક કરી બતાવી છે. ગયા વર્ષે લોકડાઉનમાં અબાલ-વૃદ્ધ સૌ કોઈને ઘરમાં પુરાઈ જવું પડ્યું હતું તેવા સમયે ૮૩ વર્ષના વાસંતી બહેને પ્રવૃત્ત રહેવાનો માર્ગે શોધી કાઢ્યો હતો. તેઓએ વર્ષો પહેલા છોડી દીધેલો સિલાઈનો શોખ ઘરમાં જ રહી સમય પસાર કરવા માટે ફરી તાજો કર્યો અને વેસ્ટ કાપડમાંથી થેલી બનાવવાનું શરૂ કર્યું. બાની આ પ્રવૃત્તિ આજે પણ ચાલુ છે. વાસંતીબા કાપડની થેલી હવે આસપાસના લોકો અને દુકાનદારોને નિ:શુલ્ક આપી રહ્યા છે. એટલુજ નહિ પ્લાસ્ટિકને બદલે કાપડની થેલી વાપરવાનો સંદેશ પણ. વાસંતી બાના દીકરા આશુતોષ ભાઈ રાવલ કે જેઓ ટ્રાવેલ્સ કંપની ચલાવે છે તેઓના કહ્યા મુજબ, લોકડાઉનમાં ઘરે બેઠા બેઠા એક દિવસ ચર્ચા દરમિયાન બાએ પૂછ્યું કે આ કોરોના કેમ આવ્યો ? ત્યારે મેં દુષિત પર્યાવરણ અને તેમાંથી ઉદભવતા રોગ- મહામારીની વાત કરી. વળી વાત વાતમાં પ્લાસ્ટિકના કચરાનો વિશેષ ઉલ્લેખ કર્યો. ત્યારે મારી બાએ કહ્યું કે તો આપણે લોકોને કાપડની થેલી બનાવી આપીએ અને એ જ ઉપયોગમાં લેવાનો આગ્રહ પણ કરીએ તો ! તેઓ આગળ કહે છે કે, બાના કાપડની થેલી બનાવવાના નાનકડા અભિયાનની આ શુભ શરૂઆત હતી. તેણે વેસ્ટ કાપડ ભેગું કરી તેની સિલાઈ કરી થેલી બનાવવાનું શરૂ કર્યું. બાને મન સિલાઈ કામ એટલે ગમતી પ્રવૃત્તિ. લોકડાઉનના કપરા સમયમાં આ કામથી બા વ્યસ્ત રહેવા લાગી. ધીરે ધીરે એની રીતે રોજ અનુકૂળતા પ્રમાણે થેલી સીવતા ત્યારે કંઈક કર્યાનો આનંદ અને ગર્વ પણ તેમના ચહેરા પર છલકાતો. આ જોઈને બાને ઉંમર લાયક હોવા છતાં પણ સિલાઈ કામ કરવા માટે અટકાવ્યા નહીં. આશુતોષભાઈએ હવે દરજીકામ કરતાં વ્યક્તિઓ પાસેથી નકામું વધેલું કાપડ એકઠું કરી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તરકીબ અજમાવી છે જે સફળ નીવડી છે. વાસંતીબાએ બનાવેલી કાપડની થેલી હવે આશુતોષ ભાઈ આસપાસના લોકો અને દુકાનદારોને પર્યાવરણ રક્ષણના સંદેશ સાથે નિ:શુલ્ક આપી રહ્યા છે. લોકો પણ વાસંતી બાના પ્રેમ અને લાગણીથી ગૂંથાયેલી થેલીને સહર્ષ સ્વીકારી લે છે. વાસંતી બા અત્યાર સુધીમાં આવી ૫૦૦થી વધુ કાપડની થેલી બનાવી લોકોને ભેટ આપી ચુક્યા છે. વાસંતી બાએ ગમતી પ્રવૃત્તિ વર્ષો બાદ ફરી શરૂ કરી અને હવે આ કાર્ય બીજાને પણ પ્રેરણા સંદેશ આપી રહ્યું છે.

# દેવભૂમિ દ્વારકા આર્મીની ભરતી માટે અરજદારો માટે ઉના તાલુકામાં સ્પેશ્યલ બસ મુકવા માંગ




ચક્વાત ટીમ ઊના, તા.૦૨

દેવભૂમિ દ્વારકા ખાતે આર્મીની ભરતી પ્રક્રિયા તા. ૧૩ ફેબ્રુ ના યોજાનાર છે. જેમાં ઉના તાલુકાના ૧૫૦૦ અરજદારોએ ફોર્મ ભરેલા છે. જેથી ઉના થી જામનગર જવા માટે તા.૧૧ ફેબ્રુના એસ ટી ડેપો દ્વારા માત્ર ૫ બસો મુકાયેલ હોય પરંતુ ગ્રામ્ય વિસ્તારના ગરીબ નાના વર્ગના વિદ્યાર્થીઓને નાછુટકે ખાનગી વાહનમાં વધુ ભાડા ખર્ચી જવાનો વારો આવશે. તેને ધ્યાને રાખી વિદ્યાર્થીઓને સુવિધા સાથે બસ સમયસર મળી રહે અને મુશ્કેલી ન પડે તેથી ઉના એસ ટી ડેપો દ્વારા તા.૧૧ ફેબ્રુ.ના રોજ ઉના થી દેવભૂમિ દ્વારકા સુધીની સ્પેશિયલ બસો શરૂ કરવામાં આવે તેવી માંગણી ભરતભાઈ શિંગડે ઊના એસ ટી ડેપોને લેખિત રજુઆત કરી હતી. આ ઉપરાંત તાલુકા હેલ્થ ઓફીસરને પણ રજુઆત કરેલ હતી. કે આવા અરજદાર માટે સમય મર્યાદા હોય જેથી ગ્રામ્ય કક્ષાએ કોરના ટેસ્ટ રીપોર્ટ થાય તે જરૂરી છે. જોકે આ ભરતીમાં ૭૨ કલાકમાં કોરોના ટેસ્ટ રિપોર્ટ આપવો જરૂરી છે. આ બાબતે હેલ્થ ઓફિસર દ્વારા ગામના ૐઝ સેન્ટર ખાતે ટેસ્ટ કરી રિપોર્ટ આપવા આ બાબતે ગામના આશા બહેનો કે પ્રાથમિક આરોગ્યના સ્ટાફનો સંપર્ક કરવો તેવું જણાવ્યું. આમ આ બન્ને પ્રશ્નોને લઈને સામાજિક કાર્યકર ભરતભાઈ શિંગડ અને ગામના યુવાનોએ લેખિત રજુઆત કરી હતી. ઉનાના ધારાસભ્ય પૂંજાભાઈ વંશની રૂબરૂ મુલાકાત કરી હતી અને તેઓએ ગામ લોકોની હાજરીમાં જેતે લગતા વિભાગનો તાત્કાલીક સંપર્ક કરવા જણાવેલ હતું.

# ઉના પંથકમાં પોલિયો નાબુદી અભિયાનમાં ફરજ બજાવતી નંદઘરની યશોદામાતા અને આશાવર્કર



ચક્વાત ટીમ ઉના, તા.૦૨

ભારત સરકાર અને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ના દિવસે લાંબા સમયનાં લોકડાઉન અને કોરોના મહામારી બાદ જ્યારે જનજીવન સામાન્ય થવા જઈ રહ્યું છે ત્યાતે સૌ પ્રથમ વખત પોલિયો રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે આશાવર્કરબહેનો અને આંગણવાડીવર્કર બહેનો દ્વારા પોલિયો બુથ પર તેમજ ઘરેઘરે જઈને નાના બાળકોને પોલિયોના ટીપા પીવડવામાં આવી રહ્યા છે. જ્યારે પણ નાના બાળકોના આરોગ્યની કે પોષણની કોઈપણ વાત હોય ત્યારે નંદઘરની માતા યશોદા એટલે કે આંગણવાડી વર્કર બહેનો પોતાની આ ફરજને પોતાનું કર્તવ્ય માની હંમેશા તત્પર હોય છે. આંગણવાડી વર્કરબહેનો દ્વારા તેવું પણ જણાવવામાં આવે છે બાળકની જન્મદેનારી માતા જેટલી જ ફરજ અમારી નંદઘરની યશોદામાતા (આંગણવાડી વર્કર બહેનો)ની હોય છે અને અમને ખરેખર ખુબજ ગર્વ છે કે અમારી આ ફરજ સાથે આ દેશસેવા કરવાની અમૂલ્ય તક મળે છે અમે ખરેખર સારા કર્મો કર્યા હશે કે અમોને ફરજની સાથે પુણ્યનું ભાથું બાંધવાની આ તક મળી રહી છે. અમોને ગામના લોકો અને આગેવાનો દ્વારા પણ પૂરતો સહકાર મળી રહ્યો છે. જેથી અમે અમારી ફરજ સારી રીતે નિભાવી શકીએ છીએ. આંગણવાડી કેન્દ્રના વિસ્તારમાં આવતા દરેક બાળક, સગર્ભાબહેનો, ધાત્રીમાતાઓ અને કિશોરીઓને યોગ્ય પોષણ મળે તેમજ આરોગ્યની જે જવાબદારી સરકારે અમારા પર શોપી છે તે નિભાવવા અમો આંગણવાડી બહેનો કટિબંધ છીએ.

# ગુજરાતના સૌપ્રથમ કોરોના કેસ ડિટેક્ટર ડૉ. કૃણાલ એસ. વસંતે મુકાવી કોરોના રસી



ચક્વાત ટીમ રાજકોટ, તા.૦૨

સમગ્ર દેશ જ્યારે કોરોના વેક્સિન મુકાવી રહ્યો છે ત્યારે રાજકોટમાં કોરોનાનો પ્રથમ કેસ ડિટેક્ટ કરનાર તેમજ તબીબ ડો. કૃણાલ એસ. વસંતે કોરોના વેક્સિન મુકાવી હતી. ડો. કૃણાલે જણાવ્યું હતું કે રાજકોટ શહેરના પ્રથમ દર્દી નદીમભાઈના શરીરમાંથી કોરોનાનો કેસ નોંધાયો હતો. કોરોના વિશેની ગેરસમજ દૂર કરવા અંગે તેમણે જણાવ્યું હતું કે વેક્સિન મુકાવ્યા પછી ફર્ત એક દિવસ સામાન્ય તાવ જેવા લક્ષણો રહે છે. ત્યાર બાદ માણસ સ્વસ્થ બની પોતાના રોજિંદા કામોમાં લાગી જાય છે. આ વેક્સિન મુકાવી દરેક લોકોને પોતાના પરિવારના સુરક્ષા ક્વચ પૂરૂં પાડવું જોઈએ. બીજાને સૂચન આપવા માટે તેઓએ પોતે પહેલા કોરોના વેક્સિન મુકાવી પોતાનાથી જ શરૂઆત કરી વેક્સિન વિશે અમુક લોકોની ગેરસમજને દૂર કરી સમાજ માટે ઉમદા કોરોના વોરિયર્સનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

# ગીરગઢડામાં નવી સિવિલ કોર્ટનું જિલ્લાના મુખ્ય ન્યાયાધીશના હસ્તે ઉદઘાટન કરાયુ



ચક્વાત ટીમ, તા.૦૨

ગીરગઢડા ખાતે સિવિલ કોર્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં ગીરગઢડા બાર એસોસીયેશનના બેનર હેઠળ આયોજીત સમારંભ કરેલ સિવિલ જજ એસ.પી. દવે દ્વારા બિલ્ડિંગને કાર્યરત કરવામાં આવેલ હતું. આ તકે ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ વી.જી ત્રિવેદી એ હંમેશા ન્યાય પાલિકાની ગરીમા જાળવવા આહવાન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય ન્યાયાધીશઓ, ગીરગઢડા ઉના બાર એસોસીયેશનના સભ્યો, ગીરસોમનાથ ડી. ડી. ઓ, જયુડિસનલ સ્ટાફ, માર્ગ મકાન વિભાગના કાર્યપાલ ઈજનેર, ગીરગઢડાના સરપંચ સહીત ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ કોવિડ ૧૯ ની ગાઈડ લાઈન મુજબ કરવામાં આવેલ હતું. આ સમારંભમાં જીલ્લા અને તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ અને જીલ્લા ન્યાયાધીશ દ્વારા નવા નિર્મિત કોર્ટ બિલ્ડિંગના ખુલ્લા કંપાઉન્ડમાં બ્ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ૨ દિવસમાં લોકલ માં ૬૯ લાખ લોકોએ પ્રવાસ કર્યો

**૧૨૦૦ લોકો માસ્ક વગર પકડાયા : ૨૦૦ રૂપિયાનો પ્રત્યેકને દંડ : ૬૦૦ લોકો વગર ટીકીટે પકડાયા**

ચક્વાત મુંબઈ ટીમ તા ૨

મુંબઈની લાઈફ લાઈન ૧૦ મહિના બાદ બધા માટે વિવિધ ટાઈમ સ્લોટમાં શરૂ થઈ. પ્રથમ બે દિવસમાં ૬૯ લાખ લોકોએ પ્રવાસ કાર્યો હતો. જો કે કોરોના કલ પહેલા રોજના ૮૦ લાખ લોકો રોજ પ્રવાસ કરતા હતા. આ બે દિવસમાં ૧૨૦૦થી વધુ લોકો માસ્ક વગર પ્રવાસ કરતા પકડાયા હતા અને પ્રત્યેકને ૨૦૦ રૂપિયાનો દંડ કરાયો હતો. જ્યારે વગર ટીકીટે પ્રવાસ કરતા ૨૬૦૦ ખુદાબક્ષ મુસાફરો પકડાયા હતા. મધ્ય અને વેસ્ટર્ન લાઈન બંને મળી તેની ૯૦ ટકા ટ્રેન દોડાવી હતી. જો કે પ્રથમ દિવસે ટાઈમ સ્લોટના કારણે મુસાફરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમણે નવા પાસ કઢાવવાના હતા તેમ જ જેમણે પાસ રીન્યુ કરાવવાના હતા તેમની લાઈન લાંબી હતી. લોકડાઉન લાગુ થતાં જેમના પાસની મુદત બાકી હતી તેમને પાસ રીન્યુ કરી આપવાની જાહેરાત થઈ છે પરંતુ હજી બધી ટિકિટબારી પર થતા હ હોવાથી મુસાફરો પરેશાન થતા નજરે પડ્યા હતા. આમ લોકલ તો શરૂ થઈ પરંતુ સમય મર્યાદાને કારણે દુરનાપ પ્રવાસીઓએ હજી પણ હેરાનગતિ ભોગવવી પડશે.

# સુરેન્દ્રનગર વઢવાણ શહેર કોંગ્રેસ સમિતિના ઉપ પ્રમુખ તરીકે ભીમાભાઈ ભરવાડની નિમણુંક



ચક્વાત ટીમ વઢવાણ, તા.૦૨

સુરેન્દ્રનગર દુધરેજ અને વઢવાણ નગરપાલિકા બંને થોડા દિવસ પહેલા મર્જ થઈને સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સયુંકત નગરપાલિકા બનતા બે પૈકી એક નગરપાલિકા જ રહેલ હોય કામ ની સરળતા રહે તે માટે બધું ભેગું થાય તે જરૂરી છે

ત્યારે તા. ૨૬-૦૧-૨૦૨૧ના પત્ર થી ગુજરાત પ્રદેશ કોંગેસ સમિતિના આદેશ થી સુરેન્દ્રનગર ના પાર્ટી ના ઉત્સાહી માલધારી સમાજના આગેવાન અને જય ગોપાલ યુવા ગ્રુપ સુરેન્દ્રનગર ના સંગઠન મંત્રી ભીમાભાઈ ભરવાડને શહેરના ઉપ પ્રમુખ તરીકે નિમણુંક આપવામાં આવેલ છે.

# કિશાન એકતા સમિતિ કોડીનાર દ્વારા ચૂંટણી બહિષ્કાર બાબતે ઉગ્ર રજૂઆત



ચક્વાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૨

કોડીનાર કિશાન આંદોલનની આગ હવે સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીમાં પણ લાગી હોય તેમ આજે કોડીનાર તાલુકા કિશાન એકતા સમિતિના પ્રમુખ અજીતસિંહ ડોડીયા દ્વારા પ્રેસમાં વિધિવત જાહેરાત કરી સરકારને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી કે જો સ્યુગર ફેકટરી બાબતે ખેડૂતો તેમજ કોડીનારની જનતાના પક્ષમાં કોઈ ન્યાયિક ઉકેલ નહિ લાવવામાં આવે કોડીનાર કિશાન એકતા સમિતિ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં સ્યુગર ફેકટરીને લાગુ પડતા વિસ્તાર તેમજ કોડીનાર તાલુકામાં ઠેર ઠેર ચૂંટણી બહિષ્કાર માટે સંગઠન કોડીનાર તાલુકા સ્યુગર ફેકટરી નહિ તો મત નહિ એવી પ્રેસમાં વિધિવત જાહેરાત કરવામાં આવી હતી, કિશાન એકતા સમિતિના પ્રમુખ અજીતસિંહ ડોડીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના તેમજ આજુબાજુના વિસ્તારનાં ખેડૂતો, સભાસદો, કર્મચારીઆને જણાવવાનું કે ખેડૂતોની જીવાદોરી સમાન સુગર ફેક્ટરી બંધ હોવાથી ખેડૂતોની પસ્થિતિ કફોડી બની છે, ખેડૂતો દ્વારા દરેક પ્રકાર આંદોલન કરવા છતાં પણ સરકાર તેમજ સંચાલકો દ્વારા કોઈએ પણ ખેડૂતોની વાત સાંભળી નથી, તો ખેડૂતો, સભાસદો, કર્મચારીઓમા આક્રોશ વધતો જાય છે, આથી આવતા દિવસોમા કોડીનાર તાલુકાના ખેડૂતો, સભાસદો, કર્મચારીઓ નક્કી કર્યુ કે આવતા સમયમાં જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમા કોઈપણ રાજકીય પાર્ટીએ કોડીનાર તાલુકા તેમજ આજુબાજુના વિસ્તારનાં ગામોમાં પ્રવેશ કરવો નહીં કે મત માગવા આવવા નહીં, દરેક ગામોમાં આવનારા દિવસોમાં બેનરો લાગશે, ઉલ્લેખનીય છે કે કોડીનાર તાલુકામાં કિશાન એકતા સમિતિ ખેડૂતો માટે એક અગત્યનું સંગઠન હોય તેમજ વખતોવખત ખેડૂતો તેમજ તેમના હિતની રજૂઆત કરવામાં અગ્રગણ્ય ભૂમિકા ભજવે છે.

તંત્રીસ્થાનેથી......

# બજેટ ૨૦૨૦ : ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય કેટલું દૂર?

સોમવારે નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ રજૂ કર્યું છે. જેમાં છેલ્લા બે મહિનાથી વધારે સમયથી કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓથી નારાજ ખેડૂતો દિલ્હીની સરહદો પર વિરોધપ્રદર્શન કરી રહ્યા છે. જોકે નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટના ભાષણમાં દાવો કર્યો કે 'સરકાર ખેડૂતો માટે પ્રતિબદ્ધ' છે. પરંતુ ખરેખર જો દેશના ખેડૂતોની સ્થિતિ વિશે ચર્ચા કરીએ તો છેલ્લા એક દાયકામાં ખેડૂતોની સ્થિતિમાં સુધારો થયો હોય તેમ નથી લાગતું. જો ઓછો વરસાદ પડે અને પેદાશ ન મળે તો ખેડૂતોને બિયારણ અને બીજો બધો ખર્ચ માથે પડે છે, સારો વરસાદ પડે તો ટેકાના ભાવ નથી મળતા. ખેડૂતોનો ઈનપુટ ખર્ચ સતત વધતો જાય છે અને તેઓ દેવું ઉતારી શકવાની સ્થિતિમાં જ નથી. માવઠાં કે દુષ્કાળની સ્થિતિમાં પાક નિષ્ફળ જાય તો સમયસર પાક વીમો નથી મળતો અને જે ચુકવણી થાય તે બહુ મામૂલી હોય છે. પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાની વાતો એ માત્ર પોકળ વચન સમાન રહ્યું અત્યાર સુધીમાં દેશમાં નવી નવી સરકારો આવી છે અને તેમણે બજેટો અને પોતાના વાયદાઓમાં ખેડૂતોની આવક બમણી કરવાના દાવાઓ કર્યા છે. જેનો આઝાદીના સાત દાયકા બાદ પણ અમલ થયો નથી અને દિન પ્રતિદિન ખેડૂતોના હાલત ખાસ્તા બનતી જાય છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૭ના દિવસે સ્વતંત્રતાનાં ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે લાલ કિલ્લા પરથી ભાષણ કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે તેમની સરકાર પાંચ વર્ષમાં, એટલે કે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની યોજના ધરાવે છે. આ બહુ મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય હતું તેવું નિષ્ણાતોએ તે સમયે જ જણાવી દીધું હતું.૧૯૯૫માં ગુજરાતમાં ૨૬ ટકા ખેતીને કેનાલ દ્વારા સિંચાઈ હેઠળ આવરી લેવાઈ હતી. ૨૦૦૫માં આ પ્રમાણ વધીને ૨૩.૨૯ ટકા થયું અને ૨૦૧૫માં પ્રમાણ વધવાના બદલે સહેજ ઘટીને ૨૩.૨૬ ટકા થયું હતું. આ દરમિયાન સિંચાઈ હેઠળના કેટલાક વિસ્તારને ઈન્ડસ્ટ્રીય વિસ્તારમાં ફેરવી નખાયો હતો. આ ઉપરાંત ગુજરાતમાં ડેમોની ક્ષમતાનો પૂરતો વપરાશ થતો નથી. ડેમમાંથી અમુક વર્ષે કાંપ દૂર કરવો જોઈએ જે થતો નથી. સંગ્રહ ક્ષમતા નથી વધી. કેનાલો બિસમાર હાલતમાં છે. તેમના મતે વડાપ્રધાને ખેડૂતોની આવક બમણી કરવાની જાહેરાત કરી તે વધારે પડતી મહત્ત્વાકાંક્ષી હતી. આ પહેલેથી જ અશક્ય કામ હતું જેને શક્ય બનાવવાના પગલાં પણ લેવાયા નથી. ખેડૂતોની આવક વધારવી હોય તો વેરહાઉસ સ્થાપવા જોઈએ, પ્રોસેસિંગ યુનિટ ઉભા કરવા જોઈએ. વેલ્યુ એડિશન કરવામાં આવે તો કૃષિ પેદાશના સારા ભાવ મળે. અત્યારે ખેડૂતો ૧૯ રૂપિયે કિલોના જથ્થાબંધ ભાવે ઘઉં વેચવા પડે છે. તેઓ તેનો લોટ દળીને પાંચ-દશ કિલોના પેકમાં વેચી શકે તેવી વ્યવસ્થા થાય ત્યારે તેમની આવક બમણી થશે. ખેડૂતો પાસે ટામેટાંનો મબલખ પાક ઉતરે ત્યારે બે-ત્રણ રૂપિયાના કિલોએ ટામેટાં વેચવા પડે અથવા રસ્તામાં ફેંકી દેવા પડે છે. તેના બદલે તેઓ ટોમેટો કેચઅપ બનાવીને વેલ્યુ એડિશન કરીને વેચી શકે ત્યારે તેમની આવક બમણી થઈ શકે. નવા કૃષિ કાયદાને હું એક નવા પ્રયોગ તરીકે જોઉં છું. વર્ષોથી કૃષિનો ગ્રોથ સ્ટેગનન્ટ છે ત્યારે નવા કાયદાથી પ્રયોગ કરવા જરૂરી હતા. જોકે સરકારે ભૂલ એ કરી કે કાયદા લાવવામાં ઉતાવળ કરી, ખેડૂતોને વિશ્વાસમાં ન લીધા...



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફીક્શન નવલકથા.....

# 'Krossing ગર્લ'

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

રવિ વિરપરીયા

### પ્રકરણ ૫૫

"સાગર....એય...સાગર ક્યાં છે તું ?" હું ઘરમાં બૂમો પાડતાં તેને શોધી રહ્યો હતો. મેં તેના નામની બૂમો પાડી આખું ઘર ગજવી દીધું હતું. તે ઘરમાં નીચે ક્યાંય જોવા ના મળ્યો. હું ઝડપથી પગથિયાં ચડી બીજા માળની બાલ્કનીમાં ગયો. તે હીંચકમાં લાંબો થઈ સુતાં સુતાં હેડફોનમાં કંઈક સાંભળી રહ્યો હતો. તેની આંખો બંધ હતી. તે જાણે સમાધિમાં મગ્ન હોય એવું લાગતું હતું.

હું મારી ઉત્તેજના કંટ્રોલ કરી શકતો નહોતો. મેં તેના કાનેથી હેડફોન ખેંચતાં કહ્યું. "સાગર, એય બ્રધર સાંભળ આજે તો કમાલ થઈ ગયો ...તું એ વિચારી કે માની નહીં શકે ? હું ગેરેન્ટી આપું છું. હજુ હું નક્કી નથી કરી શકતો ... આઈ મીન..મને હજી મારી આંખો પર ભરોસો નથી."

તેનું મનગમતું કામ જાણે મેં છીનવી લીધું હોય એમ તે ચિડાઈને બોલ્યો. "અબે એવું બધું શું થયું છે તે આવીને ગાંડા કાઢે છે. ભૂત જોયું છે કે શું ?"

તે ગુસ્સામાં હતો. મને તેની પરવા નહોતી. હું લાખ પ્રયત્ન છતાં મારો હરખ છુપાવી ના શક્યો. "મને એ આજે પાછી અનાયાસે મળી ગઈ.... સાવ અચાનક જ. હું માની જ ના શક્યો...સાગર યાદ છે તે આપણે પેલી ટોચ પર બેસીને થેપલાં ખાધા તાં ત્યારે કીધું તું આ અકસ્માત ના હોય શકે. આની પાછળ જરૂર કોઈ કારણ હશે. તું સાચો છે ...મને આજે એ સમજાય ગયું. યુ આર ગ્રેટ." મેં તેના માથા પણ વ્હાલથી ચુંબન કર્યું.

તે ગળામાંથી હેડફોન કાઢી મોબાઈલ સાઈડમાં મૂકતાં બોલ્યો. "અબે ઘોચું ...તે આ વેવલવેડા શું ચાલુ કર્યા છે. કોઈ દેવીએ સાક્ષાત દર્શન દીધા છે કે શું ? કોણ મળ્યું તને સીધી રીતે બોલ ને ?"

મેં તેને ખભેથી પકડી હીંચકા પર બેસાડતાં કહ્યું. "પેલી અવેળાવાળી છોકરી. નીલી ભૂરી સમુદ્રી આંખો વાળી એન્જલ રાઈસ. જે ગિરનારમાં મળીને ખોવઈ ગઈ હતી."

"એનું નામ એન્જલ હતું ?" તે કંઈક વિચારતાં બોલ્યો.

"તું પણ કમાલ છે યાર, તે તો ગિરનારની સ્પર્ધા પછી નીચે ઉતરીને રજીસ્ટરમાંથી એનું નામ શોધી મને તેના વિશે બધી ઈન્ફોર્મેશન આપી હતી. એ આજે બહુ કામ લાગી. એય સાંભળ..જો કેવું થયું. તે ફોટો પાડતી હતી. હું વચ્ચેથી ના ખસ્યો. મેં એને એક મસ્ત એંગલથી ફોટો સજેસ્ટ કર્યો. એને મને થેન્ક યુ કહ્યું. અને મેં એને જોઈ. પછી મેં એને નામથી બોલાવી એ રીતસર શોક થઈ ગઈ ?" હું ખુદને કાબૂમાં નહોતો રાખી શકતો.

"Ok...તો એ એન્જલ છે. વાહ રે તું તો જબરો નીકળ્યો. પછી શું થયું ?" તે આંખો ટમટમાવતાં બોલ્યો.

મેં આખી વાત કહી સંભળાવી. અમારી વાતો શબ્દશઃ કહી. એનો ઈન્ટ્રો, ફ્રેન્ડશીપની વાત અને બાઈક રાઈડ વિશે...બધું જ.

તે હસી પડ્યો. મને લાગ્યું મારાથી કંઈક લોચો થઈ ગયો છે. પણ હું સમજી શકતો નહોતો. શું ઈશિતાની જેમ એન્જલે પણ મને મૂર્ખ બનાવ્યો હતો ? " સાગર તું આટલું હસે છે કેમ ?"

"એક નાનકડી વાતમાં આટલો બધો હરખાઈ શા માટે ગયો ? આટલી ફાસ્ટ કોઈ છોકરી ફ્રેન્ડશીપ કે બાઈક રાઈડની ઓફર શા માટે કરે ? તું સાવ એટલે સાવ બુદ્ધિ વગરનો છે ? તને કંઈ સમજાય છે કે નહીં ?" તે ઉભો થઈને બાલ્કનીની રેલિંગ પાસે જઈને ગર્લ્સ હોસ્ટેલ સામે જોઈને ઉભો રહ્યો.

"એમાં ખોટું શું છે ? અમારી આ બીજી મુલાકાત છે. એને મારી સાથે વાતચીતમાં હું ગમ્યો. તને ખબર છે ને છોકરીઓ એક નજરમાં પુરુષને માપી લેતી હોય છે. સો એને હું ફ્યુચર લેબ માં સ્ટડી કરું એ વાત જાણીને મને હેલ્પ માટે કહ્યું. આમાં શું પ્રોબ્લેમ છે એ સમજાવીશ ?" સાગરે મારા હરખ પર પાણીઢોળ કરી નાખ્યું હતું.

"'છોકરીઓની ઈમોશનલ સેન્સ પાવરફુલ હોય છે. ઈન્ટેલિજન્સ સેન્સ નહીં. એટલે જ એને લાગણીથી જીતી શકાય, બુદ્ધિથી નહીં.' સાગર શેખ 'છોકરીના છપ્પા' માં આવું બ્રહ્મજ્ઞાન આપે છે. બકા, તું એન્જલના સપનાં જોવાનું રહેવા દે. જે છોકરી ૨૦ વર્ષની ઉંમરમાં આ પ્રકારનું રિસર્ચનું વિચારી શકતી હોય અને એકલી રખડવાની ત્રેવડ ધરાવતી હોય એના વિશે વિચારવામાં સમય બગાડવાનું રહેવા દે." તે ગર્લ્સ હોસ્ટેલ સામે જોઈને બોલી રહ્યો હતો.

"એટલે તું કહેવા શું માંગે છે ? એ ઈશિતાની જેમ મારો યુઝ કરી મને છોડી દેશે." મને શું બોલવું એ સમજાતું નહોતું.

"નો. એવું નહીં કરે. બધાં કેસમાં છોકરીઓ સ્વાર્થી ના હોય. આજના ટાઈમમાં છોકરીઓને ફ્રેન્ડ, બેસ્ટફ્રેન્ડ કે બોયફ્રેન્ડ કરતાં 'ફ્રીડમ ફ્રેન્ડ' ફ્રેન્ડની જરૂરિયાત વધારે છે. એ બનવા માટે તું પરફેક્ટ મટીરીયલ છે. એન્ડ આ એન્જલ તારા માટે મેક્સિમમ 'ફ્રીડમ ફ્રેન્ડ'બની શકે ...એને લાઈફ પાર્ટનર બનાવવાના સપનાં જોવાનું રહેવા દે. ઘર કે ઘાટ ક્યાંયનો નહીં રહે. બરબાદ થઈ જઈશ." એ પેન્ટના ખિસ્સામાંથી સિગારેટ કાઢી સળગાવતાં બોલ્યો.

"વોટ...? આ 'ફ્રીડમ ફ્રેન્ડ' એશું નવું ગતકડું છે. અને મેં એને લાઈફ પાર્ટનર બનાવવાનું હજુ વિચાર્યું પણ નથી ...! તું આટલાં કોન્ફિડન્સથી કેમ કહી શકે કે હું બરબાદ થઈ જઈશ ?" મેં ભલે છુપાવી પણ એ મારા મનની વાત વગર કહ્યે જાણી ગયો હતો.

"આપણો સમાજ છોકરીને જન્મતાં વેંત એક ખરાબ આદત ડેવલોપ કરી દે છે. દરેક પરિસ્થિતિમાં સભાનપણે વર્તવાની. મિન્સ કપડાં પહેરવાથી લઈને બોલવું, ચાલવું, કેમ વર્તવું ઈવન એના મૌનને પણ આપણે દરેક ક્ષણે ક્રિટીસાઈઝ કરીએ છીએ. એને ખુલીને જીવવા કે વ્યક્ત થવાની વાત તો દૂર રહી, વિચારવાની પણ ફ્રીડમ આપણે નથી આપતાં. આખરે એ પણ જીવ છે. ખુદને ક્યાંય તો ઠાલવશે ને ...! પોતાની ફ્રેન્ડ સાથે એક હદથી વધુ શેરિંગને તે આજે પણ સિક્યોર નથી સમજતી."

તેને સિગારેટનો એક કસ લઈ આગળ ચલાવ્યું. " પોતાની વાતોના સ્ટોરેજ માટે તે ભલેને સાવ મૂર્ખ છોકરાને વધુ સિક્યોર ગણે છે. તેને ખાતરી હોય છે અહીંથી વાત બીજા કાને નહીં જાય. એને થોડાં લાડ લડાવી અમુક હદે પોતાની આર્થિક કે ઈમોશનલ નીડ સંતોષી શકાય. બધી ગણતરી પછી આગળ વધવા જેવું લાગે તો થોડા સિનેમા, ગાર્ડન કે કપલ રૂમના એક્સપિરિયન્સ પણ લઈ શકાય. હવે બેસ્ટ ફ્રેન્ડના કેરેક્ટરમાં તમે અમુક લેવલની બહારની ફ્રીડમ ના લઈ શકો. અને બોયફ્રેન્ડના કેસમાં થોડા લવ અને કમિન્ટમેન્ટના એંગલ પણ હોય. સો એમાં છોકરીઓ મોટાભાગના કેસમાં ગણતરીપૂર્વકનું રિસ્ક પણ ના લે."

"આ બધી વાતોની રામાયણને 'ફ્રીડમ ફ્રેન્ડ' અને એન્જલ સાથે શું લેવાદેવા ? પ્લીઝ તું મને સમજાય એમ બોલ. તારા આ 'છોકરીના છપ્પા' નું બ્રહ્મજ્ઞાન સમજી શકું એટલો હું હોંશિયાર નથી." સાગરના શબ્દોની ભૂલભુલામણીમાં હું ખોવાઈને મુંઝાઈ રહ્યો હતો.

"આપણાં દેશની આ જ તકલીફ છે. બધાને બધું ઝટપટ અને ટૂંકમાં જોઈએ. આપણને નિષ્ફળ જવું કે હેરાન થવું ગમશે પણ એ બાબતને જાણવા જે સમજવા ઉંડા ઉતરવું ગમે. લાગણીઓ કે સંબંધની બાબતમાં બધું તૈયાર ભાણે ના મળે. હા તો 'ફ્રીડમ ફ્રેન્ડ' મોટેભાગે ઓલરાઉન્ડર હોય છે. આવા છોકરાઓ થોડા સાહસિક અને વાસ્તવવાદી હોય છે. એમના માટે એથીક્સ કે લાઈફના રુલ્સ સિચ્યુએશન મુજબ બદલાતાં હોય છે. રિયલમાં રહેતાં હોય એટલે તેમનું કોન્ટેક અને એકપિરિયન્સ સર્કલ મોટું હોય છે. છોકરીઓ બહુ બધાં પર નિર્ભર રહેવાને બદલે આવો એકાદ નંગ શોધી કાઢે છે.

"છોકરીઓ માટે 'ફ્રીડમ ફ્રેન્ડશીપ' એ દોસ્તી અને પ્રેમ વચ્ચેનો કમ્ફર્ટ ઝોન હોય છે. જ્યાં એ બંધન તોડી બિન્દાસ વ્યક્ત થાય છે. ક્યારેક કોઈ મદદ ના બદલામાં પોતાનું કહેવાતું સર્વસ્વ સોંપી દે છે. લગ્ન સુધી આ ઝોન એને જીવંત રાખવામાં બહુ ઈમ્પોર્ટન્ટ હોય છે. આ રિલેશનનું ફ્યુચર બન્ને જાણતાં હોય છે. સો આવા બોન્ડિંગ એક ખુબસૂરત મોડની ટોચ પર આવીને વિરામ પામતાં હોય છે. આ વાત જેટલી છોકરીને લાગુ પડે એટલી જ છોકરાને પણ લાગુ પડે. તારા માટે અત્યારે આટલું બસ છે."

તે સિગારેટનો ધુમાડો શ્વાસમાં લેવા માટે અટક્યો.

જેમ જેમ સ્ત્રી સાથે જોડાયેલી લાગણીઓના પડ ખુલી રહ્યા હતાં એમ એમ હું મારી હિંમત ગુમાવી રહ્યો હતો. હું કશું નક્કી કરી નહોતો શકતો. શું સાચું અને શું ખોટું ? સાગરના રુલ્સ દરેક છોકરીએ બદલાઈ જતાં હતા. એટલે હું વધુ કન્ફ્યુઝ થઈ જતો. મને આ સંબંધોમાં સતત નિષ્ફળતાનો ડર સતાવતો રહેતો. મેં ઝડપથી સાગરના હાથમાંથી સિગારેટ લઈને એક લાંબો કસ ખેંચ્યો. મેં વિચારોના વમળમાંથી બહાર નીકળી અજબ શાંતિ અનુભવી. મેં નાકમાંથી ધુમાડો બહાર કાઢતાં કહ્યું. " આ 'ફ્રીડમ ફ્રેન્ડ' નું સગવડીયું ગતકડું તો લગભગ સમજાય ગયું. તું એન્જલ વિશે શું કહેતો હતો."

"એન્જલ એટલે કુદરતની કરામત. એવો કેસ જેમાં બધું તમારી ફેવરમાં હોવા છતાં તમે જીતી ના શકો. તમને અંદરથી ખબર જ હોય તમે હારવાના છો

છતાં લડતા રહો. તમને હારનો પણ આજીવન અફસોસ ના રહે. આ સંબંધમાં તમે દરેક ક્ષણે કશુંક મેળવ્યું હોય. આ લાઈફની એવી નિષ્ફળ વાર્તાઓ કે જે સફળતાં કરતાં પણ વધુ યાદગાર હોય. આ રિલેશન સ્પેશ્યલ હોય. જો એને સ્પેસિફિક નામ આપું તો....હમ્મ...હમ્મ.

તારા માટે એ લાઈફની ફર્સ્ટ 'ઇજિજેહપ્ન ગર્લ' હશે. એટલે કે એ તને મળે નહીં. પણ તું લાઈફમાં ક્યારેય ના ભૂલી શકે એવો કોઈ સ્પેશ્યલ સ્પાર્ક કે મેમરી આપી જાય." એ મને એકટીસે નીરખી રહ્યો હતો.

"સાગર તું દરેક વાતમાં મને કન્ફ્યુઝ કરે છે. પહેલાં 'ફ્રીડમ ફ્રેન્ડ' અને 'krossing ગર્લ' પ્લીઝ.... મને સરખું સમજાવ.તું સમજ હું તારા જેટલો જીનિયસ નથી. એટલે તું બધું મને હું સમજી શકું એમ સમજાવ. નહીંતર હું આ બધું આટલી ઝડપથી સહન નહીં કરી શકું ...!" (ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૩-૦૨-૨૦૨૧, બુધવાર, પોષ વદ-૬, સૂર્યોદય-૭-૨૬, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ચિત્રા

**- શુભ ચોઘડીયા -**

૭-૨૬ થી લાભ-અમૃત-૧૦-૧૩ સુધી, ૧૧-૩૭ થી શુભ-૧૩-૦૧ સુધી, ૧૫-૪૮ થી ચલ-લાભ-૧૮-૩૬ સુધી, ૨૦-૧૨થી શુભ-અમૃત-ચલ ૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૭-૨૬ થી ૯-૨૮ સુધી,૧૦-૧૩ થી ૧૧-૦૯ સુધી,૧૩-૦૧ થી ૧૫-૪૮ સુધી,૧૬-૪૪ થી ૧૭-૪૦ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યક્તિની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ

» વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય

» મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.

» કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ

» સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.

» કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા

» તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.

» મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.

» કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો

» મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલકતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

# શિક્ષણનું સત્યાનાશ (ભાગ-૧)

ચિંતન વૈષ્ણવ
'જાગતે રહો'



શું તમને નથી લાગતું કે, પી.એચ.ડી. કે ડી.લીટ. જેવી ઉચ્ચ લાયકાત ધરાવતા ઉમેદવાર આપણા શિક્ષણમંત્રી તરીકે હોવા જોઈએ?

અંગ્રેજી શબ્દ Education ના ઘણા અર્થ થાય છે - શિક્ષણ, પ્રશિક્ષણ, વિધા, જ્ઞાન, તાલીમ, ઉછેરવું, સંવર્ધન, ખિલવણી, ભણતર, માર્ગદર્શન, પથદર્શન વગેરે... પરંતુ આ બધા જ શબ્દોનો સમાવેશ જે એકમાત્ર શબ્દમા થઈ જાય છે એ છે 'કેળવણી'.

આપણી સામાન્ય માનસિકતા એવી હોય છે કે, બાળકોને લખતા, વાંચતા અને દાખલા ગણતા આવડી ગયું એટલે આપણું બાળક ઈન્ટેલેક્ટ્યુઅલ થઈ ગયું. ધોરણ ૧૦ કે ૧૨ મા સારા ગુણ સાથે પહેલી જ ટ્રાયમા સફળતા મળી ગઈ એટલે આપણું બાળક જ્ઞાની થઈ ગયું. પરંતુ આ ખ્યાલ ભૂલભરેલો છે મિત્રો. કેળવણી એ જન્મથી લઈને મૃત્યુ સુધી ચાલતી પ્રક્રિયા છે. પરીક્ષાના ગુણ અને ડિગ્રીઓથી માત્ર આપણા ગોખણીયા જ્ઞાનનું માપન થાય છે. આપણી જિંદગીમા વારંવાર ઉતાર ચડાવ આવશે, મુશ્કેલમા મુશ્કેલ પરિસ્થીતિઓનો સામનો કરવાના પ્રસંગો સર્જાશે, શું કરવું અને શું ન કરવું એની ખબર જ નહિ પડે, મગજમા કોઈ વિચારો જ નહિ આવે, શૂન્યમનસ્ક થઈ જશો, ત્યારે આવા ખરા મુસિબતના સમયે તમને તમારી મેડિકલ, એન્જીનીયરિંગ, ફાર્મસી, એકાઉન્ટ વગેરે... ડિગ્રીઓ કામ નહિ લાગે. ત્યારે તમને કામ લાગશે માત્ર તમે મેળવેલી 'કેળવણી'. કેળવણી તમને શિખવે છે તમારી લાઈફની કપરામા કપરી કસોટીમાંથી પાર કઈ રીતે ઉતરવું.

અભ્યાસ ઉપરાંત વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓમા નિપુણતા મેળવવી એનું નામ કેળવણી. વિવિધ શારીરિક કૌશલ્ય, કસરત, તરવું, વાહન ચલાવતા આવડવું, ગીત-સંગીતનું જ્ઞાન, વિવિધ રમત-ગમતમા પ્રભુત્વ વગેરે ગુણો હોવા એટલે કેળવણી. કેટલા વાલીઓ હાલના મોબાઈલ યુગમા એમના બાળકોની કેળવણી ઉપર ધ્યાન આપે છે? બહુ જ ઓછા. માત્ર ચોપડીયું જ્ઞાન કામ નથી આવતું. ભગવાન શંકરાચાર્યએ કહયું છે કે, ''કેળવણી એટલે સ્વનો સાક્ષાત્કાર''. કેળવણી માણસને ચરિત્ર્યવાન બનાવે છે. મહાત્મા ગાંધીજીએ પણ કેળવણીની વ્યાખ્યા આપતા કહયું છે કે, ''બાળક અને માણસના શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોનું પ્રગટિકરણ એટલે કેળવણી''.

કેળવણી એટલે વ્યકિતના શારીરિક, માનસિક, સામાજિક, આધ્યાત્મિક અને સાંવેગિક પાસાને વિકસાવવાની પ્રક્રિયા. કૌટિલ્યના કહેવા મૂજબ ''કેળવણી એટલે શિષ્ટાચાર માટેની તાલિમ અને દેશ તથા કુદરત પ્રત્યેનો પ્રેમ''. પણ શું વર્તમાન સમયમા શાળાઓમા વિદ્યાર્થીઓને દેશપ્રેમના પાઠ ભણાવવામા આવે છે? શું શાળાઓમા જે-તે ધોરણનો અભ્યાસક્રમ પૂરો કરાવવામાથી શિક્ષકોને પોતાના વિદ્યાર્થીઓને કુદરતને પ્રેમ કરતા શિખવવાનો સમય મળે છે? મેદાન વગરની અને ચાર-પાંચ માળની ઉંચી ઈમારતોમા આવેલી શાળાઓમા ભણતા આપણા બાળકની શારીરિક, સાંવેગિક, સામાજિક અને માનસિક શકિતઓનો વિકાસ થશે એવું લાગે છે? પુસ્તકાલય વગરની અને માત્ર સત્રાંત પરીક્ષાના ગુણને મહત્વ આપતી હાલની શૈક્ષણિક સંસ્થાઓ આપણા બાળકોમા રહેલા ઉત્તમ અંશોને પ્રગટ થવા દેશે? હાલની મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓ કે જેનું સંચાલન અભણ રાજકારણીઓ, ગુંડાઓ, કૌભાંડીયાઓ, બીઝનસમેનો કરી રહયા છે, તેમા વિધાર્થીઓને ચરિત્ર્યવાન બનાવવાના પાઠ ભણાવવામા આવતા હશે? નહિ, બિલકુલ નહિ. હાલનું શિક્ષણ એ માત્ર રોબોટ પેદા કરનારું બની રહયું છે.



ગાંધીજી એવું માનતા હતા કે, ભારતની દરેક વ્યકિત શિક્ષિત હોવી જોઈએ. લોકશાહીમા કેળવણી એ લોકશાહીનો પ્રાણવાયું છે. મહાદેવભાઈ દેસાઈના મત મૂજબ કેળવણી દ્વારા છોકરા અને છોકરીઓના સમગ્ર માનવીયગુણોનો વિકાસ થવો જોઈએ. જે કેળવણી બાળકોને પૂર્ણ મનુષ્ય અને ઉપયોગી નાગરિક તરીકે ઘડતર કરતી નથી, તે યથાર્થ સ્વરૂપમા કેળવણી નથી. વ્યકિતમા કેળવણી દ્વારા આત્મનિર્ભરતા આવવી જોઈએ. તે પોતાનો જિવનનિર્વાહ યોગ્ય રીતે કરી શકે તેવી કાર્યક્ષમતા કે વ્યાવસાયિક કાર્યસજ્જતા વ્યકિતમા કેળવાવી જોઈએ. તે પોતાના પગ પર ઉભો રહી શકે તેવો વિકાસ કેળવણી દ્વારા થવો જોઈએ. કેળવણી એ બેકારી સામેની વિમા પોલીસી જેવી હોવી જોઈએ. એક માતાએ એક શિક્ષણશાસ્ત્રીને પ્રશ્ન કર્યો કે બાળકને કેળવણી આપવાની શરૂઆત કયારે કરવી જોઈએ? સામેથી પ્રશ્ન પૂછવામા આવ્યો કે આપનું બાળક હાલ કેવડું છે. માતાએ જવાબ આપ્યો ચાર વર્ષ. શિક્ષણશાસ્ત્રીએ કહયું કે, તમે ત્રણ વર્ષ ગુમાવ્યા. બાળક સ્મિત કરે ત્યારથી જ તેની કેળવણીની શરૂઆત કરવી જોઈએ.

હાલ આપણને જોવા મળે છે કે, બહુ ઓછા લોકો એવા છે કે જેમને પોતાના કાર્ય કે વ્યવસાયથી સંતોષ્ હોય. મોટા ભાગના લોકો આપણને સતત ફરીયાદ કરતા જ જોવા મળે છે. જેની પાસે નોકરી નથી એ ખોટા માણસો નોકરીમા લાગી ગયાના અને પોતે રહી ગયો હોવાના ગાણા ગાતો હોય છે. જેની પાસે સરકારી નોકરી નથી તેવો ખાનગી નોકરી કરનારો માણસ એવું કહેતો ફરે છે કે, બધે લાગવગ જ ચાલે છે અને પૈસા આપવા પડે છે. જે સરકારી નોકરી કરી રહયા છે એ એવું કહે છે કે આના કરતા તો ખાનગી નોકરી કરવી કે ધંધો કરવો વધું સારૂ. મારી જેવા સરકારી અધિકારી રહી ચૂકેલા યુવાનોને એવું સાંભળવા મળે છે કે, એક રીતે જુઓ તો સારૂ થયું કે તમારી નોકરી ગઈ. કારણકે સરકારી નોકરીમા સરકારની ગુલામી કરવી અને ગામ આખાનું તાણ અને જવાબદારી આપણી માથે લઈને ફરવું એના કરતા તો તમારી પાસે ટેલેન્ટ છે. ધંધામા આગળ વધો તો ખૂબ કમાશો. કેસ જીતી જાવ તો પણ નોકરીમા લાગતા નહિ... અને પાછો છેલ્લે એવું પૂછે કે, સાહેબ મારા બાબાએ બિનસચિવાલય કલાર્કનું ફોર્મ ભર્યું છે. તમે માર્ગદર્શન આપજો. આ વખતે તો ગમે તેમ કરીને એને લગાડી જ દેવો છે. હવે આવા વ્યકિતઓને તમે શું જવાબ આપશો?

# MSPની સબસિડી અને ઉદ્યોગો તથા ધનવાનોને મળતી સબસિડી : કોને કેટલી વધારે!?!

હેમંતકુમાર શાહ
લેખક



૨૦૧૩-૧૬ના ગાળા દરમ્યાન ભારત સરકારે ધનવાનો અને ઉદ્યોગો પાસેથી કરવેરો ના લીધો, અથવા કરવેરામાં રાહતો આપી અને કરવેરો જતો કર્યો(revenue froegone) તેની રકમ છે...૧૭.૧૫ લાખ કરોડ રૂ.

આ વિગત સંસદમાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં તા. ૧૯-૦૭-૨૦૧૬ના રોજ સરકારે આપી હતી.

બીજી તરફ, સરકાર ખેડૂતોને MSP આપીને જે સબસિડી આપે છે તે ખરેખર તો ગરીબ ગ્રાહકોને સસ્તું અનાજ આપવાની સબસિડી છે. પણ એ બધી સબસિડી ખેડૂતોને આપવામાં આવી એમ કહીએ તો પણ છેલ્લાં ૧૧ વર્ષમાં પણ એ રકમ ૧૧.૦૬ લાખ કરોડ જ થાય છે!!! ૧૯૯૧-૯૨થી ૨૦૦૯-૧૦ સુધીની આ સબસિડી માત્ર ૩.૪૦ લાખ કરોડ થાય છે! એટલે ૩૦ વર્ષમાં ખેડૂતોને MSP ને લીધે જે સબસિડી મળી તે કુલ થઈ ૧૪.૪૬ કરોડ.

સરકારના આર્થિક સર્વેમાં અને કૃષિ મંત્રાલયના વાર્ષિક અહેવાલોમાં આ વિગતો મળે છે.

એનો અર્થ એ છે કે ખેડૂતોને MSPની વ્યવસ્થા હેઠળ મળતા ભાવથી ઊભી થતી સબસિડી એ દેશના ધનવાનો અને ઉદ્યોગોને મળતી સીધી સબસિડી કરતાં ઘણી જ ઓછી છે. ધનવાનો અને ઉદ્યોગોને સરકારે જે ત્રણ વર્ષમાં આપ્યું તે ખેડૂતોને ૩૦ વર્ષમાં પણ નથી આપ્યું!!!

વળી, ભારત સરકાર અને રાજ્ય સરકારોએ ખેડૂતોનાં માફ કરેલાં દેવાંની રકમ ૧૯૮૯-૨૦૧૬ દરમ્યાન એટલે કે ૨૭ વર્ષમાં ૪.૧૦ લાખ કરોડ છે.

આ રકમ આ સબસિડીમાં ઉમેરવામાં આવે તો કુલ થાય ૧૮.૫૬ લાખ કરોડ. ખેડૂતોની સંખ્યા અને ધનવાનોની સંખ્યાની તુલના કરીએ તો પણ ખબર પડે કે કોને કેટલી વધારે સબસિડી મળે છે.

આવક વેરાના કાયદામાં જુદી જુદી કલમો હેઠળ રાહતો આપીને જે રકમ સરકાર જતી કરે છે તેના લાભાર્થીઓ માં પ્રોફેસરો, ડોક્ટરો, વકીલો, સ્થપતિઓ, પત્રકારો, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ, લશ્કરી કર્મચારીઓ અને અધિકારીઓ, રાજકીય નેતાઓ અને નાના - મોટા ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓ અને એમના સંગઠિત ક્ષેત્રના કામદારો અને મેનેજરો છે, આ બધાના હિસાબો રાખતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ છે કે જેમની વસ્તી ભારતની કુલ ૧૩૮ કરોડની વસ્તીમાં આશરે ૪૦ કરોડથી વધારે નથી.

હા, આમાંના ઘણા એવા કે જેઓ પોતે ખેડૂતો પણ છે અને બીજા અનેક ધંધાની આવક તેઓ ખેતીની આવક તરીકે બતાવે છે અને વેરો નથી ભરતા.

હવે જરા વિચારીએ કે જેઓ આપણું પેટ ભરવા માટે ઠંડી, તાપ અને વરસાદમાં ખેતરમાં કામ કરે છે તેમને સરકારે અને મહાન હિન્દુ સંસ્કૃતિ ધરાવતા સમાજે શું આપ્યું અને કેટલું આપ્યું?

# દિપડાના બચ્ચાને પકડતો સેલ્ફી, વીડિયો વાયરલ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

થોડા દિવસો પહેલા ગામના એક ગામવાસીએ તેના ખભા પર મગર લઈ જવાની ભારે ચર્ચા થઈ હતી. હવે નાસિકના નિફાડથી પણ આવું જ કંઈક સામે આવ્યું છે. જીવંત મગર પછી હવે શેરડીના કામદારોએ દીપડાને હાથમાં પકડીને સેલ્ફી લીધી છે. ખાસ વાત એ છે કે તે દરેક જગ્યાએ ચર્ચાનો વિષય છે. નિફાડ તાલુકામાં શેરડીનો વિસ્તાર વ્યાપકપણે ફેલાયેલો છે. તેથી આ શેરડીનું ક્ષેત્ર દીપડાને રહેવા માટે સારી જગ્યા પૂરી પાડે છે. શેરડીનાં ખેતરોમાં રહેવા અને છુપાવવા માટે સુરક્ષિત જગ્યા હોવાથી દિપડાઓ મોટા પાયે ત્યાં સંતાયેલા જોવા મળે છે.અને આ વાડીમાં છુપાયેલા વાહનચાલકો પર દીપડાએ હુમલો કર્યાની અનેક ઘટનાઓ બની છે. કુરુડગાંવમાં શેરડી તોડવાનું કામ જોરશોરથી ચાલી રહી છે. શેરડીના કામદારો કામ કરતા હતા ત્યારે તેઓને એક દીપડાનું બચ્ચુ મળ્યું હતું. જોકે, શેરડી કામદારના દીકરાએ નિર્ભયતા વિના ૪ થી ૫ મહિનાનું બચ્ચુ ઉપાડ્યું. ખાસ વાત એ છે કે જીવંત પ્રાણીઓની પરવા કર્યા વિના બાળકોએ દિપડાના બચ્ચા સાથે સેલ્ફી ફોટો ખેંચ્યા હતા. નાશિકમાં દીપડા સાથે લેવામાં આવેલી સેલ્ફી સાથે સેલ્ફીના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. તે દરમિયાન દીપડાની માતા નજીકમાં હોત અને જો તેણે હુમલો કર્યો હોત તો શું થયું થાત તે વિશે વિચારવું જોઈએ.. હવે પશુ મિત્રોનું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે શું વન વિભાગ આવા સેલ્ફી હીરો સામે કાર્યવાહી કરશે કે ફક્ત કાગળ પર નિયમોનું પાલન થશે.

# નાગપુરમાં વૃદ્ધ વ્યક્તિને ફેસબુકની મિત્રતા મોંઘી પડી : લંડનની કથિત ગર્લફ્રેન્ડ ૧૦ લાખ હડપ કર્યા



ચક્રવાત ટીમ, મુંબઈ, ૨ ફેબ્રુઆરી

નાગપુરમાં એક ૬૬ વર્ષીય વ્યક્તિ સાથે લંડનની કથિત સ્ત્રીમિત્રે ફેસબુક પર મિત્રતા બનાવી ,પૈસા મોકલવાને બહાને કસ્ટમ ડ્યુટીના નામે તેની ગેંગ દ્વારા રૂ. ૧૦ લાખની છેતરપીડી કર્યાની ફરિયાદે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નાગપુરના ૬૬ વર્ષીય વૃધ્ધ વ્યક્તિને કેટલાક મહિના પહેલા ફેસબુક પર લિડા થોમસન નામની મહિલા સાથે ઓળખ થઈ હતી.પહેલા ચેટિંગ કર્યા પછી, તેઓએ ફોન પર વાત શરૂ કરી. લિડાએ નાગપુરમાં વૃદ્ધાને લંડનમાં ઘણા પ્રખ્યાત સ્થળોના ફોટા બતાવીને મોહિત કરી લીધા હતા. લોકડાઉન દરમિયાન અચાનક એક દિવસ, લિડાએ કહ્યું કે તે ભારત આવીને કરોડો રૂપિયા લઈને ભારતમાં કામ કરવા માંગે છે. નાગપુરના આ વૃદ્ધ મિત્રે પણ તેને હા પાડી હતી. અચાનક, એક દિવસ, લિડાનો ફોન ફરીથી આવ્યો હતો. અને તેને કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા તેને રોકવામા આવતા તે દિલ્હી એરપોર્ટ પર અટવાઈ ગઈ છે તેમ. લિડાએ જણાવ્યું હતું કે ભારતમાં સેવાના કામ માટે તે બે કરોડ રૂપિયા લઈ આવી છે, તેથી કસ્ટમ્સ વિભાગ દ્વારા તેને ૧૦ લાખ રૂપિયાની કસ્ટમ ડ્યુટી ભર્યા વિના બહાર જવા દેતી નથી, એમ લિડાએ જણાવ્યું હતું. તેમણે નકલી એરલાઈન્સ અધિકારીઓ અને બનાવટી કસ્ટમ અધિકારીઓ સાથે પણ ફોન પર વાત કરી હતી. પ્રેમિકાના લાલચમાં ફસાયેલા વૃદ્ધે આ જાળમાં ફસાઈને લીડા દ્વારા જણાવેલા બેંક ખાતામાં રૂ .૯ લાખ ૬૬ હજાર મોકલ્યા હતા. ત્યારબાદ લિડા ગાયબ થઈ ગઈ, અને તેથી એરલાઈન્સ અને કસ્ટમ અધિકારીઓ પણ ગાયબ થઈ ગયા.હતા. ઘણા અઠવાડિયાની રાહ જોયા બાદ તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું ભાન થતાં ગઈકાલે એક વૃદ્ધે બજાજનગર પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે લિડા અને તેના સાથીઓ સામે છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. જોકે, અત્યાર સુધીની તપાસમાં ખુલાસો થયો છે કે વૃદ્ધ સાથે વાત કરનારી મહિલા લંડનથી નહીં પરંતુ દિલ્હીથી બોલી હતી. વૃદ્ધો, નિવૃત્ત, મહિલાઓ, વિદ્યાર્થીઓ આ લોકોના નિશાન હોય છે, તેથી તેઓએ વધુ સાવચેતી રાખવાની જરૂર હોવાનું પોલીસ ઈન્સ્પેક્ટર વર્ષા દેશમુખે જણાવ્યું હતું.

## ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડમાં જોવા મળતી વિશાળ જેલીફિશ માલવણના દરિયામાંથી મળી



ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

સિંધુદુર્ગનામાલવણ-દાંડી સમુદ્રમાં ફરી એકવાર સેન્ટિયા રોસી પ્રજાતિની જાયન્ટ જેલીફિશ મળી આવી છે. આવી જેલીફિશ ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ નજીક પેસિફિક મહાસાગરમાં જોવા મળે છે. વિશાળ જેલીફિશનો અભ્યાસ કરવા સેન્ટ્રલ ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ વર્સોવા મુંબઈની ટીમ ટૂંક સમયમાં માલવણ પહોંચશે.

## સરનાઇકનાગેરકાયદે બાંધકામ વિરુદ્ધ સોમૈયાનું આંદોલન



શિવસેનાના વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકના કથિત કરોડો રુપિયાના ગેરકાયદે બાંધકામના ભ્રષ્ટાચાર વિરુદ્ધ થાણે મહાપાલિકા કાર્યાલય પાસે ધરણાં યોજી આંદોલન કરનારા બીજેપીના નેતા કિરીટ સોમૈયા તેમ જ નિરંજન ડાવખરેની પોલીસે અટક કરી હતી.

# સુશાંતસિંહ રાજપૂતનાં મેનેજર ઋષિકેશ પવારની ડ્રગ્સના કેસમાં અટક





ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યા બાદ બોલીવુડના ડ્રગ કેસમાં મેનેજરની ટક કરવામાં આવી છે. મુંબઈના ચેમ્બુરમાં રહેતો ઋષિકેશ પવારને હાથકડી લગાવી દેવામાં આવી છે. પૂછપરછ માટે બોલાવ્યા બાદ રૂષિકેશ ફરાર થઈ ગયો હતો. સુશાંત સિંહ રાજપૂતના મેનેજર ઋષિકેશ પવારની ધરપકડ કરવામાં આવી છે. એનસીબીના અધિકારીઓએ તેના ઘરે પણ દરોડા પાડ્યા હતા. તે સમયે, તેના હોમ લેપટોપમાં મહત્વપૂર્ણ માહિતી મળી હતી. ઋષિકેશની હાર્ડ ડિસ્ક પાછળથી એનસીબી અધિકારીઓ દ્વારા જપ્ત કરવામાં આવી હતી. એનસીબીના અધિકારીઓ પાસે ઋષિકેશ પવાર સામે પુરાવા ઘણા છે. ધરપકડ ટાળવા ઋષિકેશ સેશન્સ કોર્ટમાં દોડી ગયો હતો. જોકે કોર્ટે તેની જામીન અરજી નામંજૂર કરી હતી. ત્યારબાદ તેમને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ ત્યાર બાદ તે ફરાર થઈ ગયો હતો. અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે ઘણા ડ્રીમ પ્રોજેક્ટ્સ કર્યા હતા.ઋષિકેશ તે પ્રોજેક્ટમાં મેનેજર તરીકે કામ કરતો હતો. સુશાંતના નોકર દીપેશ સાવંતની પૂછપરછમાં ઋષિકેશ પવારના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈમાં ડ્રગ માફિયાઓ પર કડક કાર્યવાહી જોવા મળી રહી છે. તાજેતરમાં જ મુંબઈ પોલીસની એન્ટી નાર્કોટિક્સ સ્કવોડે આંતરરાષ્ટ્રીય બજારમાં ૨ કરોડ ૪૦ લાખ રૂપિયાની કિમતનું ૧ કિલો અને ૨૦૦ ગ્રામ ડ્રગ્સ કબજે કર્યુ હતુ. એન્ટી નાર્કોટીક્સ સ્કવોડના ઘાટકોપર યુનિટ દ્વારા કાર્યવાહી હાથ ધરીને આરોપીને જેલમાં મોકલી આપ્યો છે.

# મુંબઈ પોલીસે પુણેમાંથી એક જ પરિવારના છ સભ્યોની ટોળકીની ધરપકડ કરી



ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

મુંબઈ પોલીસે ચોરીના કેસમાં આખા પરિવારની પૂનાથી ધરપકડ કરી છે. મુંબઈ કુરાર પોલીસે જવેલર્સની દુકાનેથી ખરીદવાને બહાને જઈ હાથચાલાકીથી ચોરી કરતી ગેંગના પરિવારના સભ્યોને પકડી પાડી છે. અન્ય ત્રણ શખ્સો ફરાર છે. મહત્વનું છે કે, પરિવાર ફક્ત ચોરી કરવા તેઓ ફક્ત ઝવેરીઓને જ નિશાન બનાવતા હતા. માત્ર મુંબઈમાં જ નહીં, મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં પણ તેણે ઝવેરીઓને ત્યાં પણ હાથ સાફ કર્યો છે. તેલંગાણા અને છત્તીસગ સુધીમાં આ લોકોનું સામ્રાજય ફેલાયેલ છે. કુરાર પોલીસે હાથડી પહેરાવતા ચોરી કરતા પરિવારે ગુનો કબૂલ્યો છે. ગયા મહિને ૧૩ જાન્યુઆરીએ બપોરે બે વાગ્યે કેટલાક લોકો ટેક્સીમાંથી બહાર નીકળ્યા હતા. ત્યાંથી તેઓ સીધા જવેલર્સ પાસે ગયા. તેમાંથી ત્રણ લોકોએ સોનાના આભૂષણો જોયા અને ફરીથી ચાલ્યા ગયા. તે ગયા પછી ખબર પડી કે ઝવેરીઓ પાસેથી ૧૦ તોલાનું સોનું ચોરી કરવામાં આવ્યું છે. ત્યારબાદ જવેલર્સે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા બાદ જાણવા મળ્યું કે આ પરિવાર પુણેમાં રહેતો હતો. શનિવારે રેખા હેમરાજ વાની (૪૫), અક્ષય હેમરાજ વાની, (૧૯), શેખર હેમરાજ વાણી, (૨૮), રેણુકા શેખર વાણી, (૨૩), નરેન્દ્ર અશોક સાળુંકે,(૩૫), અને ટેક્સી ડ્રાઈવર આશુતોષ મિશ્રાની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આરોપીઓ બધા એક જ પરિવારના છે. આ આરોપીઓ પાસેથી ૧ લાખ ૯૦ હજાર રૂપિયાનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે.

# સસ્તુ ઘર ખરીદવાની લાલચમાં પોલિસ કર્મચારી કરી ૧૭ લાખની છેતરપીંડી

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

એક પોલીસ કોન્સ્ટેબલને સસ્તુ ઘર ખરીદવાની લાલચ બતાવીને ૧૭ લાખની છેતરપીંડી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. દિંડોશી ખાતે શિવશાહી પુનર્વસન પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણ થયેલ બિલ્ડિંગમાં બે ફ્લેટ ખરીદવા માટે દરેકને ૧૦ લાખ રૂપિયા ચુકવવા કરનાર પોલિસ કર્મચારીએ તપાસ કરતા જાણ થઈ હતી કે અવી કોઈ બિલ્ડિંગ નથી. કુર્લા વિસ્તારમાં રહેતા અને હાલમાં પશ્ચિમ ઉપનગરોમાં પોલીસ સ્ટેશનમાં ફરજ પર રહેલા એક પોલીસ કોન્સ્ટેબલ ઘરની શોધ કરી રહ્યો હતો. તે બે વર્ષ પહેલા એક મહિલાને મળ્યો હતો. તેણે પોલીસકર્મીને દિંડોશીમાં એક બિલ્ડિંગમાં ૨૨૫ ચોરસ ફૂટના બે ફ્લેટ બતાવ્યા. શિવશાહી પુનર્વસન પ્રોજેક્ટ હેઠળ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આ બંને ફ્લેટ પરિચિતાને ફાળવવામાં આવ્યા છે. બંને ફ્લેટ ૨૦ લાખ રૂપિયામાં ખરીદી શકાય છે એમ જણાવીને આરોપીઓએ ફરિયાદીને એમએમઆરડીએના કેટલાક દસ્તાવેજો બતાવ્યા હતા. આની વાત માનીને સૈનિકે ચેક દ્વારા ૧૧ લાખ ૫૦ હજાર રૂપિયા ચુકવ્યા હતા. તેમજ આરોપીને ૫ લાખ ૭૨ હજાર રૂપિયા રોકડા પણ આપ્યા હતા. જો કે આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ તે ફ્લેટ્સનો કબજો મેળવી શક્યો ન હોવાથી સૈનિકે એમએમઆરડીએ કચેરીમાં પૂછપરછ કરતા. જાણવા મળ્યું હતું કે આવી કોઈ યોજના અંતર્ગત બિલ્ડિંગનું નિર્માણ થયું નથી અને બિલ્ડિંગ સાથે એમએમઆરડીએનો કોઈ લેવા-દેવા નથી. તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું ભાન થતાં તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સકીનાકા પોલીસ મહિલાની શોધ કરી રહી છે.

# યવતમાળમાં પોલિયોને બદલે ૧૨ બાળકોને સેનિટાઈઝર પિવડાવ્યુ

## ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવી, બે જણ સસ્પેન્ડ :આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

યવતમાળમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જેમાં પોલિયો રસીકરણ દરમિયાન ૧૨ બાળકોને સેનિટાઈઝર આપવામાં આવ્યુ હતુ.. આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. યાવતમાલમાં પોલિયોને બદલે સેનિટાઈઝર આપવું એ એક અક્ષમ્ય ભૂલ છે. સંબંધિત આંગણવાડી કાર્યકર સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે, તેમ રાજેશ ટોપે જણાવ્યું હતું. યવતમાલના ખાટનજી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાપસી કોપરી ખાતે પોલિયો રસીકરણ દરમિયાન આ ઘટના બની હતી. બાળકોને પોલિયો ડોઝને બદલે સેનિટાઈઝર આપવામાં આવ્યુ છે.યવતમળની સરકારી મેડિકલ કોલેજમાં ૧૨ બાળકોને દાખલ કરવામાં આવ્યા છે. આ એક અને પાંચ વર્ષની વયના બાળકો છે. આરોગ્યમંત્રીએ આ ઘટનાની ગંભીર નોંધ લીધી હતી અને જિલ્લા પરિષદોના સીઈઓને દોષિતો સામે કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. તે મુજબ આંગણવાડી કાર્યકર સામે કાર્યવાહી કરવામાં આવી છે. બેજવાબદારી માટે બે જણને સસ્પેન્ડ કરવામા આવ્યા છે. દરમિયાન યાવતમાલ જિલ્લા પરિષદના પદાધિકારીઓ મોડેથી જાગી ગયા હતા. જિલ્લા પરિષદના અધ્યક્ષ ,ઉપાધ્યક્ષ બાળકોને મળ્યા જેની આજે (મંગળવારે) સારવાર ચાલી રહી છે. દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. યવતમાલ જિલ્લા પરિષદના પ્રમુખ કલિંડા પવારે કહ્યું કે કોઈને બક્ષવામાં આવશે નહીં.

# મુંબઈની ફાઈવ સ્ટાર હોટલમાં અભિનેત્રીનો વિનયભંગનો ગુનો

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

મુંબઈની ફાઈવ સ્ટાર હોટલમાં મહિલા અભિનેત્રીની છેડતી કરવામાં આવી છે. પીડિત અભિનેત્રી વેબ સિરીઝના શૂટિંગના પ્રસંગે હોટલમાં રોકાઈ હતી. અભિનેત્રીએ પોતાના દિવસનું શૂટિંગ પૂરું કર્યા પછી વોશરૂમમાં કપડાં બદલવા ગઈ હતી.ત્યારે આ ઘટના બની હોવાનું જાણવા મળે છે. આ ઘટના દક્ષિણ મુંબઈની ફાઈવ સ્ટાર હોટલમાં બની છે, રવિવારે આ બાબતે એન.એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતા હોટલના ૩૭મા માળે વોશરૂમમાં કપડાં બદલવા ગઈ હતી. તે સમયે આરોપી દિલેશ્વર મહંત (૨૨) એ તેને પકડી લીધી હતી. અને તેની સાથે દુર્વ્યવહાર કરવાનો પ્રયાસ કર્યો હતો. પીડિતાએ બુમો પાડવાનો પ્રયાસ કરતાં આરોપીએ તેને જોર સાથે પકડી રાખી હતી.. મહિલા કોઈક રીતે આરોપીઓની ચુંગાલમાંથી છૂટકારો મેળવવામાં સફળ રહી હતી..આરોપી મહંતને બાદમાં હોટલના અન્ય કર્મચારીઓએ કસ્ટડીમાં લીધો હતો. રવિવારે અભિનેત્રીએ આ મામલે ફરિયાદ નોંધાવ્યા બાદ એન.એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ છેડતી સહિતનો કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ હજી આ મામલે તપાસ કરી રહી છે.

## મુંબઈમાં એનસીસી કેડેટનું સન્માન....



૨૬ જાન્યુઆરી ૨૦૨૧ રિપબ્લિક ડે ના રોજ દિલ્હીની પરેડમાં મહારાષ્ટ્ર વતી ભાગ લેનારા ૨૬ એન સી સી કેડેટનું મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સન્માન કર્યું હતું. આ તમામ કેડેટ ને મુખ્યપ્રધાન સ્કોલરશીપ પણ મળશે. ત્યાર બાદ આ તમામ કેડેટ ભોજન સમારંભમાં પણ શામેલ થયા હતા.

# 'વેલેન્ટાઈન ડે ઓફર' નામે નાગરિકોની છેતરપિંડી, મુંબઈ પોલીસની ચેતવણી!

## વેલેન્ટાઇન ડે તાજ ગિફ્ટ કાર્ડના બનાવટી સંદેશા અંગે એલર્ટ

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

દિવસેને દિવસે સાયબર ક્રાઈમના કેસો વધારો જોવા મળે છે. દરરોજ હજારો લોકો આ ડિજિટલ ચોરોની જાળમાં ફસાઈ જાય છે. એ જ રીતે હવે બીજો કેસ પણ સામે આવી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનો શરૂ થઈ ગયો છે. આ દિવસોમાં ઘણી બધી 'વેલેન્ટાઈન ડે ઓફર' મળે છે. હાલમાં દરેકના મોબાઈલ પર એક સમાન સંદેશ મોકલવામાં આવી રહ્યો છે. 'વેલેન્ટાઈન ડે ઓફર' નામની કડી દ્વારા લોકો છેતરાઈ રહ્યા છે. મુંબઈ પોલીસે હવે આ સંદર્ભે એલર્ટ જારી કર્યું છે. જ્યારે કોઈપણ તહેવાર નજીક આવે છે, ત્યારે ઘણી હોટલો ગ્રાહકોને આકર્ષવા માટે વિવિધ પ્રકારની ઓફરની લાલચો ગ્રાહકોને મોકલવામા આવે છે. આમ કરીને, તેઓ માત્ર તેમની હોટલની જાહેરાત જ કરશે નહીં, પરંતુ લાભ માટે ઘણાં બધાં ગિફ્ટ વાઉચરો પણ આપે છે. છેલ્લા કેટલાક દિવસોથી 'વેલેન્ટાઈન ડે'ને લગતી મુંબઈની તાજ હોટેલના કૂપન્સ સોશિયલ મીડિયા પર વોટ્સએપ પર વાયરલ થઈ રહી છે. આ કૂપન દાવો કરે છે કે આ દ્વારા તમે તાજ હોટેલમાં ૭ દિવસ નિશુલ્ક રહી શકો છો. મેસેજ વાયરલ થતાની સાથે જ તાજ હોટેલે પણ નિવેદન જારી કર્યુ હતું. તેમણે એમ પણ કહ્યું કે સંદેશ ખોટો છે. લોકોને વોટ્સએપ પર મેસેજ મળી રહ્યો છે. આ સંદેશ સાથે એક લિંક મોકલવામાં આવી રહી છે, "તમને તાજ હોટલ તરફથી ગિફ્ટ કાર્ડ મળ્યું છે અને ૭ દિવસ રોકાવાની તક મળી છે." તે લિંક પર ક્લિક કરવાથી એક વેબસાઈટ ખુલ્લે છે. જેના પર 'તાજ એક્સપિરિયન્સ ગિફ્ટ કાર્ડ', તાજ હોટલે વેલેન્ટાઈન ડેની ઉજવણી માટે ૨૦૦ ગિફ્ટ કાર્ડ મોકલ્યા છે. તમે તાજ હોટેલમાં ૭ દિવસ રોકાવા માટે આ કાર્ડનો ઉપયોગ કરી શકો છો. તમારી પાસે ૩ તકો છે. સારા નસીબ. 'આ વેબસાઈટ પર ગિફ્ટ કાર્ડનો દાવો કરવા માટે ઠીક ક્લિક કરવું બીજું પૃષ્ઠ ખોલે છે. અહીં પૂછવા માટે કેટલાક પ્રશ્નો છે. જવાબ આપ્યા પછી જે બીજું પૃષ્ઠ ખુલ્લે છે. જ્યાં ટાટા લોગોનાં૧૨ બોક્સ દેખાય છે. તેના પર ક્લિક કરવાનું તમને જણાવે છે કે શું તમે કોઈ ગિફ્ટ કાર્ડ જીત્યું છે. આ સંદેશ ૫ અન્ય જૂથો અને ૨૦ લોકોને મોકલવાનો ટાસ્ક સોંપવામાં આવ્યો છે.

# વીજ દર વધારવાના વિરોધમાં ૫ ફેબ્રુઆરીએ એમએસઈડીસીએલ કચેરીઓની બહાર ભાજપનું રાજ્યવ્યાપી આંદોલન

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

૫ ફેબ્રુઆરીએ ભાજપ દ્વારા વીજ દર વધારવાના વિરોધમાં રાજ્યભરમાં આંદોલન શરૂ કરવામાં આવશે. જાણવા મળી રહ્યું છે કે ભાજપ રાજ્યની તમામ એમએસઈડીસીએલ(મહાવિતરણ) કચેરીઓની બહાર આંદોલન કરશે. કોર કમિટીમાં, વીજ દરની સામે આંદોલનની ભૂમિકા નક્કી કરવામાં આવી હતી. ભાજપના રાજ્ય કચેરી ખાતે ભાજપની કોર કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટિલ, વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસની સાથે ગિરીશ મહાજન સુધીર મુનગંટીવાર, ચંદ્રશેખર બાવનકુલે અને મહારાષ્ટ્રના સહ પ્રભારી શિવ પ્રકાશ હાજર રહ્યા છે. આજની બજેટ પ્રચાર અભિયાન, આગામી મ્યુનિસિપલ અને મ્યુનિસિપલ ચૂંટણીઓ અંગેની વ્યૂહરચના નક્કી કરવા માટે ભાજપ બેઠક કરી હતી.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૩૨૫૦૦૪ સોદામાં રૂ.૧૯૪૧૬.૭૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો થયો હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૭ અને ચાંદી કિલોદીઠ રૂ.૨,૮૮૬ તૂટ્યા હતા, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં તેજીનો માહોલ હતો. નેચરલ ગેસ પણ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ અને મેન્થા તેલમાં વૃદ્ધિ સામે કપાસ અને રબર ઢીલાં હતાં. કોટન જળવાયેલું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૨૧૪૨૧૬ સોદાઓમાં રૂ.૧૧૨૧૬.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૨૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૨૬૫ અને નીચામાં રૂ.૪૮૦૦૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦૭ ઘટીને રૂ.૪૮૦૮૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૮૭૪૩ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૫ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૮૧૬ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૯ ઘટીને બંધમાં રૂ.૪૮૦૯૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૨૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૨૬૦૦ અને નીચામાં રૂ.૭૦૨૦૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૮૬ ઘટીને રૂ.૭૦૭૮૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૮૩૪ ઘટીને રૂ.૭૦૭૩૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૮૦૯ ઘટીને રૂ.૭૦૭૩૯ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૫૯૬૮ સોદાઓમાં રૂ.૪૬૧૦.૨૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૯૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૧૭ અને નીચામાં રૂ.૩૯૪૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૩ વધીને રૂ.૪૦૦૮ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૦૯૬ સોદાઓમાં કુલ રૂ.૪૫૧.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૩૦ અને નીચામાં રૂ.૨૧૦૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૨૧૦૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૭૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૪.૪ વધીને બંધમાં રૂ.૯૮૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૩ ખૂલી, ઊપરમાં રૂ.૯૭૩.૯ અને નીચામાં રૂ.૯૬૮ રહી, અંતે રૂ.૯૭૧.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૬ અને નીચામાં રૂ.૧૧૯૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦ પૈસા ઘટીને રૂ.૧૧૯૪ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૦૮૯ સોદાઓમાં કુલ રૂ.૩૩૬૭.૨૮ કરોડ ની કીમતનાં ૬૯૭૫.૪૬૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૯૦૧૨૭ સોદાઓમાં કુલ રૂ.૭૮૪૮.૮૯ કરોડ ની કીમતનાં ૧૧૦૧.૬૯ ટન.

# રાષ્ટ્રીય પોલીયો નાબૂદી અભિયાન અંતર્ગત બરવાળામાં પોલીયો અભિયાન



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૨

તાલુકા હેલ્થ ઓફીસ બરવાળા અંતર્ગત વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા રાષ્ટ્રીય પોલીયો નાબૂદી અભિયાન અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જે.એસ.કનોરીયાનાં માર્ગદર્શન પ્રમાણે તાલુકા હેલ્થ ઓફીસર શ્રી ડો.એમ. કે.સાત્યકી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાવડાનાં મેડીકલ ઓફીસર ડો.વી.આર.ચાસીયા તથા તાલુકા ફાયનાન્સ ઓફીસર વિમલ જે. વસાણી તથા તમામ આરોગ્ય સ્ટાફ દ્વારા બરવાળા તાલુકાનાં ૦ થી ૫ વર્ષનાં કુલ ૯૦૨૮ બાળકોને પોલીયો રસીકરણ કામગીરી કરવામાં આવી જેમાં બરવાળા તાલુકાનાં ૩૯ બુથ બનાવવામાં આવેલ જેમાં આરોગ્યનાં કુલ ૧૫૦ સભ્યોએ કામગીરી કરેલ જેમાં ટ્રાંઝીસ્ટ ટીમ ૫ તેજમ ૨ મોબાઈલ ટીમ સામેલ કરવામાં આવેલ. આ કાર્યકમ તા.૩૧/૧/૨૦૨૧ થી ૨/૨/૨૦૨૧ સુધી પોલીયો રસીકરણ કરવાનું આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ.જેમાં પહેલા દિવસે બુથ પર બાળકોને પોલીયો રસીકરણ તેમજ બાકીનાં બે દિવસ ઘરે ઘરે જઈ પોલીયો રસીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

# ગીર સોમનાથ જિલ્લા કલેકટર અજય પ્રકાશે કોવિશિલ્ડ વેકસીન લીધી



ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે આજે કલેકટર અજયપ્રકાશે કોવિશિલ્ડ વેકસીન લીધી હતી. કલેકટર અજયપ્રકાશે વેકસીન લીધા બાદ જણાવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લામાં તા.૧૬ જાન્યુઆરીથી વેકસીન અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જિલ્લાના ફ્રન્ટ લાઈન કોરોના વોરિર્યસ તબીબો અને પોલીસ વિભાગના કર્મચારીઓને વેકસીન આપી રક્ષિત કરવામાં આવ્યા છે. વધુમા ઉમેર્યું હતું કે, સરકારની ગાઈડ લાઈન મુજબ જે લોકોને કોરોના વેકસીન લેવાનો સમય આવે ત્યારે તેઓએ આ વેકસીન અચુક લેવી જોઈએ. કોવિશિલ્ડ વેકસીન સંપુર્ણ સુરક્ષીત છે. આજે મે કોવિશિલ્ડ વેકસીન લીધા બાદ કોઈ આડ અસર થઈ નથી હું સંપુર્ણપણે સુરક્ષીત છું. આ અભિયાનમાં વેકસીનેટર લવલીબેન ચૌધરીએ ફરજ બજાવી હતી. આ તકે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ. એચ.ભાયા, જિલ્લા ક્ષય અધિકારી ડો. બામરોટીયા, રસીકરણ ઓફિસર ડો. ગૌસ્વામી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# પાંચ વર્ષના છોકરાનું જાતીય શોષણ કરનાર આરોપીને ૧૦ વર્ષની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

મુંબઈની વિશેષ પોસ્કો કોર્ટે પાંચ વર્ષના છોકરાનુ જાતીય શોષણ કરવા બદલ આરોપીને ૧૦ વર્ષની સજા સંભળાવી છે. ૫૮ વર્ષીય આરોપીએ ૨૦૧૮ માં બાજુમાં રહેતા પીડિત છોકરા સાથે દુષ્કર્મ આચરનાર પાંચ બાળકોના પિતા એવા આરોપીને સજા સંભળાવતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે બાળકના શરીર્ને કોઈ પણ ખોટી રીતે સ્પર્શ કરવો એ ગુનો છે. આ ઘટના ૪ એપ્રિલ, ૨૦૧૮ના રોજ . બહાર રમતા પાંચ વર્ષીય પીડિત તેના ઘરે દોડીને જતા તેની. માતા ગભરાઈ ગઈ અને પૂછ્યું શું થયું છે. પણ જવાબ આપવાને બદલે તે બગીચામાં તેની માતાને લઈ ગયો હતો..ત્યાં ગયા બાદ , છોકરાએ તેને જે બન્યું તે બધું કહ્યુ હતુ.જેમા તેણે. બાજુમાં રહેતા કાકા મુર્ગીવાલાએ તેને બે રૂપિયા આપ્યા અને તેમની ઝૂંપડીમાં લઈ ગયા. ત્યાં તેણે અમને સૂવા માટે મૂકી અને પછી પેન્ટ ઉતારીને તેની સાથે દુષ્કર્મ આચર્યાનુ જણાવતા માતાને આઘાત લાગ્યો હતો..તેઆરોપીના ઘરે પહોંચી અને તેના વિશે તેને પૂછ્યું. તો આરોપીએ કહ્યું, 'મારામા ભુત પ્રવેશતા મે આ કૃત્ય કર્યુ ,કૃપા કરીને આ વખતે મને માફ કરો.' મહિલાએ તેના પતિને આ ઘટના અંગે જણાવ્યું ત્યારબાદ વડાલા ટીટી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. પીડિત પુત્ર અને માતાની સાથે મકાન માલિકે પણ કોર્ટમાં જુબાની આપી હતી. જ્યારે આરોપીએ ગુનો કબૂલ્યો ત્યારે મકાનમાલિક હાજર હતો.

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર બસની બ્રેક ફેલ જતા અકસ્માતમા ૧૫ ઘાયલ



ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

મુંબઈ-અમદાવાદ હાઈવે પરચારોટી ટોલનાકા વિસ્તારમાં ટ્રાવેલ્સની બસના બ્રેક ફેલ જવાના કારણે અકસ્માત સર્જાયો છે. બસ અને કન્ટેનર વચ્ચે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પંદર મુસાફરો ઘાયલ થયા હતા અને ટ્રાવેલ બસ ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો. સવારે ૪ વાગ્યે મુંબઈથી ગુજરાત જતી ટ્રાવેલ બસના બ્રેક્ નિષ્ફળ જતા ડ્રાઈવરે જોયું કે તેણે રસ્તાની બાજુમાં ઉભા કન્ટેનરને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત ટાણે બસમા ૨૫ મુસાફરો પ્રવાશ કરી રહ્યા હતા.અકસ્માતમા ૧૫ પ્રવાશીઓ ઘાયલ થતા ઈજાગ્રસ્તોની કાસાની ઉપ જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# વાંકાનેર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખના જન્મદિવસ નિમિત્તે ગરાસીયા બોર્ડીંગ ખાતે રક્તદાન



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૧

વાંકાનેર તાલુકા યુવા ભાજપના ઉપ પ્રમુખ જગદીશસિંહ બી. ઝાલાના જન્મદિવસ નિમિતે આજે વાંકાનેર તાલુકા ભાજપ કાર્યાલય (ગરાસીયા બોર્ડીંગ) ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વાંકાનેરના યુવાનો અને ભાજપ કાર્યકર્તાએ રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૦૦ જેટલી બોટલ રક્ત એકત્ર થયું હતું. વાંકાનેર શહેરની ગરાસીયા બોર્ડીંગ ખાતે આજે સોમનાથ ક્રેડિટ કો. ઓપ.સો.લી.-વાંકાનેર તેમજ સોમનાથ કન્ટ્રકશન ગ્રુપ-વાંકાનેર દ્વારા લાઈફ બ્લડ સેન્ટરના સહયોગથી વાંકાનેર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ જગદિશસિંહ ઝાલાના જન્મદિવસ નિમિતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્ઘાટન મોરબીના ધારાસભ્ય બ્રીજેશભાઈ મેરજાના હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં વાંકાનેર યુવરાજ કેસરીદેવસિંહ ઝાલા, મોરબી જીલ્લા ભાજપ મહામંત્રી જયરાજસિંહ જાડેજા, રસિકભાઈ વોરા સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો હાજર રહ્યા હતા. આ બ્લડ ડોનેશન કેમ્પના અંતે ૧૦૦ જેટલી બોટલ રક્ત એકત્ર થયું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે તમામ આયોજકો અને વાંકાનેર તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખ જગદીશસિંહ બી. ઝાલાએ સર્વેનો આભાર માન્યો હતો.

# મોવિયા ગામે વડવાળી જગ્યામાં 'ખીમદાસબાપુ' એવોર્ડ સમારોહ યોજાયો



ચક્રવાત ટીમ ગોંડલ, તા.૦૨

મોવિયા ધામ સંત ખીમદાસ બાપુ ચૈતન્ય સમાધિ મંદિરમાં અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ થતી હોય છે. અલ્પેશબાપુએ શરૂઆતનુ સ્વાગત પ્રવચન કરી સૌ આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ ગોંડલ રાજવી પરીવારના રાજકુમાર સાહેબ જયોર્તીમયસીંહજી ઓફ હવા મહેલ કહ્યુ કે કોરોના કાળની મહામારી પછીનુ આ મારુ પ્રથમ જાહેર ફંકશન છે એમની શુભ શરૂઆત સમાધિના સાનિધ્યમાં સમાધિના ધુપથી શરુ થય રહી છે અને મારી ગોંડલની વિદ વિદ ક્ષેત્રની વિશીષ્ટ પ્રતીભાઓને સન્માનીત કરતા હુ ખુબ જ હર્ષની લાગણી અનુભવુ છુ.આ વખતનો ૨૦૨૧નો એવોર્ડ ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને અર્પણ થયો હતો. તેમણે પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું હતું કે ચૈતન્ય સમાધિ એ સાંજે ધુપ કરવો પડતો નથી પરંતુ એમની મેળે સમાધિના ધુપની ભભકથી મંદિર મહેકતુ હોય છે.

# વેરાવળમાં 'નિરાધારના આધાર આશ્રમ'માં આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી દ્વારા આચાર્ય લોકોને ધાબડા વિતરણ



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૨

વડતાલ દક્ષીણ વિભાગ લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધીપતી આર્ચાય અજેન્દ્રપ્રસાદ મહારાજના આર્શીવાદથી ભાવિ આર્ચાય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ હરીભકતોની શુભેચ્છા મુલાકાતે ગઈકાલે વેરાવળ-સોમનાથ પધાર્યા હતા. નીરાધારના આધાર આશ્રમની મુલાકાત લીધી હતી અને નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે આશ્રમમાં રહેતા ૫૫ જેટલા નિસહાય પીડીતોને આર્શીવાદ સાથે ગરમ ધાબડાઓનું વિતરણ કરી સેવાકાર્ય કર્યું હતું. વેરાવળ શહેરમાં પ્રવેશતા ટોલનાકા પાસે આવેલા નીરાધારના આધાર આશ્રમની મુલાકાત લઈ આશ્રમના કાર્યક્રરોને આવુ નૈતિક કામ કરવા બદલ બીરદાવ્યા હતા. આવા ઉમદા કાર્યો અવાર-નવાર થતા હોય ત્યારે આ પ્રસંગે વેરાવળ તેમજ આજુબાજુના મોટી સંખ્યામાં હરીભકતો ઉપસ્થિત રહ્યા હતા. ઈષ્ટદેવ શ્રી સ્વામીનારાયણ ભગવાનના જયજયકાર સાથે લાલજી મહારાજના આ કાર્યને બીરદાવેલ હોવાનું અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સ્વામી વિવકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૨

લુણાવાડા નગરનાં સંયોજક ભાવેશ ડાભી તથા તાલુકાના સંયોજક વિક્રમ ખાંટ, દિલીપ ચૌધરી, પ્રવીણભાઈ પટેલ દ્વારા લુણાવાડા નગરની તમામ પ્રતિમાની સાફ સફાઇ તથા ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા.

# વેરાવળમાં વેપારી એસો. દ્વારા ભાજના નવનિયુક્ત પ્રદેશ મંત્રી ઝવેરી ઠકરારનો સન્માન સમારોહ યોજાયો




ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૨

વેરાવળ શહેરની મુખ્ય બજાર એવી સુભાષ રોડ, સટાબજાર, એમજી રોડના વેપારી એસો. સંયુકત ઉપક્રમે ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત હોદ્દેદારોને સન્માનિત કરવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો. તાજેતરમાં વેરાવળ વેપારી એસો. આયોજીત સન્માન સમારોહમાં ૩૫૦થી વધુ વેપારીઓ હાજર રહ્યા હતા. આ સમારોહના પ્રારંભે મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરાયેલ જેમાં રેવાભાઈ મહારાજ દ્વારા મંત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ ભાજપના પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં નિમણુંક થયેલ સોરઠના સાંસદ રાજેશ ચુડાસમા, જીલ્લા ભાજપ પ્રમુખ માનસિંહ પરમાર, મહામંત્રી ડો.જયેશભાઈ વઘાસીયા, શહેર ભાજપ પ્રમુખ દેવાભાઈ ધારેચા, મહામંત્રી કપિલભાઈ મહેતા, ભરતભાઈ ચોલેરા, પ્રવીણભાઈ રૂપારેલીયા, મુકેશભાઈ ચોલેરા, ડો. સંજયભાઈ સહીતના મહાનુભાવોને મોમેન્ટો આપી ફુલહાર શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં સન્માનિત આગેવાનો અને વેપારીઓએ પોતાના ઉદબોધનમાં વેપારીઓના પ્રશ્ને ભાજપના નેતાઓથી લઈ કાર્યકર હમેંશા વેપારી વર્ગ સાથે રહ્યા છે. લોકપ્રતિનિધિઓ અને વેપારીઓ એક મેકના બનીને રહે એટલે જટીલમાં જટીલ પ્રશ્નોનું સૌ ટકા નિરાકરણ આવવાની સાથે વેપારનો પણ વ્યાપ વધે છે. ત્યારે ભાજપ પાર્ટી હમેંશા વેપારી વર્ગના હિતને સર્વોપરી રાખનારી છે.

# કેશોદના ભાટ સીમરોલી ગામે બોગસ મંડળીનો પર્દાફાશ

## જાણ બહાર ખેડુતોને મંડળીના સભાસદ બનાવી દેવાતાં ખેડૂતોનો હલ્લાબોલ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૨

જૂનાગઢ જિલ્લાના કેશોદના ભાટ સીમરોલી ગામે રામેશ્વર સેવા સહકારી નામની બોગસ મંડળીની રચના ખુદ મંડળીના પ્રમુખ મહેન્દ્ર ભોજા ભેડાએ ૧ વર્ષ પહેલાં બોગસ મંડળી બનાવ્યાનો સભાસદોએ આક્ષેપ કરી બોગસ મંડળીનો પરદાફાસ કર્યો હતો, રામેશ્વર સેવા સહકારી નામની મંડળી રચી પ્રમુખે સભાસદોના ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટી સહીઓ કરી છેતરપીંડી કરી કરતા, મંડળીના ૩૯ ખેડુત સભાસદોએ બોગસ મંડળીના પ્રમુખ વિરૂધ્ધ કરી જીલ્લા રજીસ્ટાર સહિત પોલીસમાં લેખિત ફરીયાદ કરી હતી. બેંકમાં પાક ધિરાણ લેવા જતાં ખેડુત સભાસદોને બોગસ મંડળીની ગંધ આવતા સભાસદોએ પ્રમુખ પાસે માહિતી માંગતાં બોગસ મંડળીનો પરદાફાસ થયો હતો. સભાસદો દ્વારા મંડળીનો વિરોધ થતા પ્રમુખે મંડળીને રદ કરવા પ્રોસેસ ચાલુ કરી હતી , તો બીજી તરફ સભાસદ ખેડુતોએ તપાસ કરી જવાબદારને સજા કરવા કરી માંગણી કરી હતી , જોકે મંડળીના પ્રમુખે બોગસ મંડળી બનાવ્યાના સભાસદનો આરોપોનો ફગાવ્યા હતા અને માત્ર સેવા કરવાના નામે મંડળી ઉભી કરાયાનું પ્રમુખે રટણ કર્યું હતું, આથી ખેડુત સભાસદો પોલીસ ફરીયાદ સહિત તપાસ કરવા કરી ઉગ્ર માંગણી કરી હતી અને તપાસ નહીં થાય તો ચૂંટણીનો બહિષ્કાર કરી મતદાન નહિ કરે.

# પોરબંદરના બરડા ડુંગરમાં દારૂની ભઠ્ઠી મળી આવી

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૨

પોરબંદરના બરડા ડુંગરમાં પ્રકૃતિ અને પર્યાવરણ નો સોથ વાળીને દાની ભઠ્ઠીઓ ધમધમી રહી છે ત્યારે આ પ્રકારની બે ભઠ્ઠીઓ ઉપર ત્રાટકેલી પોલીસે હજારો પિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને એક શખ્સની ધરપકડ કરી હતી.

બગવદર પોલીસનો દરોડો

આગામી સ્થાનીક સ્વરાજની ચુંટણી શાંતીમય વાતાવરણમાં અને ભયમુકત યોજાય તે સા ગેરકાયદેસર દાની પ્રવૃતિ કરનારા ઈસમોને ઝડપી પાડવા આવી પ્રવૃતિ કરનારા ઈસમો ઉપર વોચ રાખી વધુમાં વધુ પ્રોહીબીશનના કેસો કરવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવા જુનાગઢ રેન્જના નાયબ પોલીસ નિરીક્ષક મનીન્દર પ્રતાપસિંગ પવાર નાઓએ સુચના કરેલ જે અન્વયે પોરબંદર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં અવોલ હોય જે ડ્રાઈવમાં અસરકારક કામગીરી કરવા સ્મિત ગોહીલ, નાયબ પોલીસ અધિક્ષક ગ્રામ્ય ડીવીઝન પોરબંદરનાઓના માર્ગદર્શન મુજબ ઈ/ચા પો. સબ.ઈન્સ. એચ.સી.ગોહિલ બગવદર પોલીસ સ્ટેશનનાઓ તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં આવી ગે.કા. દાની પ્રવૃતિ સદંતર નાબુદ કરવા પ્રયત્નશીલ હોય દરમ્યાન લોકરક્ષક દુલાભાઈ લખમણભાઈ તથા વિજયસિંહ છછેલાવડાનાઓને મળેલ બાતમીરાહે એ.એસ. આઈ. બી.કે.ઝાલા તથા બગવદર પોલીસ સ્ટાફના માણસોએ ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓને સાથે રાખી બરડા ડુંગરમાં બાવળવાવ ગામની સિંહજર નેશ વિસ્તારમાં રેઈડ કરતા આરોપી બાલાભાઈ અમરાભાઈ કટારા ઉ.વ. ૪૩ રહે. બાવળવાવ ગામની સિંહજનરનેશ તા.જી. પોરબંદરવાળાને દેશીદા બનાવવાનો આથો ભરેલ બેરલ નંગ-૫, આથો લીટર-૯૦૦ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ I. ૪૩૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડીતેની વિધ્ધ બગવદર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધાવેલ છે અને આરોપીઓના કોવિડ-૧૯ રીપોર્ટ કરાવવા તજવીજ કરેલ છે.

સદરહું કામગીરી ઈ/ચા પીએસઆઈ એચ.સી.ગોહિલ તથા એએસઆઈ બી.કે.ઝાલા તથા લોકરક્ષક દુલાભાઈ લખમણભાઈ, વિજયસિંહ છેલાવડા, હરેશભાઈ જુંજીયા તથા ચંદ્રેશભાઈ હાજાભાઈ વિગેરે બગવદર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્દદારા કરવામાં આવેલ છે.

# એનસીબીના છાપામાં એમડી સાથે ત્રણ ડ્રગ પેડલર્સ પકડાયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨ ફેબ્રુઆરી

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) એ માહીમ રેલ્વે સ્ટેશન પર બે ડ્રગ પેડરો પાસેથી વ્યાપારી જથ્થો ગણાતા મેફેડ્રોનનો ૧૩૬ ગ્રામ કબજે કર્યો છે. રવિવારે રાત્રે, એનસીબીએ મુંબઈના માહીમ રેલ્વે સ્ટેશન પર મોહમ્મદ બિલાલ અને શેખ ગુલામ ગોશ નામના બે શખ્સોને અટકાવ્યા હતા અને તેઓ પાસેથી ૧૩૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યુ હતુ.. ફોલો અપ એક્શન પર એક વ્યક્તિ સેહબાઝ શાહ આલમ શેખ નામની વ્યક્તિને પણ એનસીબી મુંબઈએ પકડ્યો હતો. બિલાલ અને શૈક ગુલામ એક સેહબાઝ માટે કામ કરી રહ્યા હતા.

# પોરબંદર જિલ્લાના સિંધપુર ગામની ૧૫ વર્ષીય સગીરાને ભગાડી જનાર યુવાન પકડાયો



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૨

પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના સિંધપુર ગામની સગીરાને ૩ મહીના પહેલા ભગાડી જનાર યુવક અને આ સગીરાને પોલીસે કોટડા ગામના પાટીયા પાસે કુટીરમાંથી પોલીસે પકડી પાડયા હતા જેમાં મેડીકલ તપાસ બાદ બળાત્કારની કલમ ઉમેરાશે તેમ પોલીસ સુત્રોએ જણાવ્યું છે. બનાવની વિગત એવી હતી કે, પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી એવી મળી હતી કે, એક યુવક અને સગીરા કોટડા ગામના પાટીયા પાસે આવેલ કુટીરમાં શંકાસ્પદ હાલતમાં બેઠા છે. આથી આરોપીને પકડી પાડવા માટે ત્યાં દોડી ગયા હતા. ત્યાં સિંધપુર ગામની ૧૫ વર્ષની સગીરા કે જેના પરિવારજનોએ ૩ મહીના પહેલા દિકરીના અપહરણનો ગુન્હો નોંધાવ્યો હતો એ જ આ સગીરા છે અને તેની સાથે રહેલ શખ્સ પોરબંદરના સિતારામનગરમાં રહેતો કીસ્મત ઉર્ફે ભીખુ પુંજા ઓડેદરા છે. પોલીસે બન્નેની અટકાયત કરતા યુવાને એવું કબુલ્યું હતુ કે, ત્રણેક મહીના પહેલા તે આ સગીરાને ભગાડી ગયો હતો અને ત્યારથી તે નાસ્તો ભાગતો હતો. તેની જાણ પરિવારજનોને કરી હતી. તથા સગીરાનો કબ્જો લઈને મેડીકલ તપાસ માટે મોકલવામાં આવી છે. અને તેમાં હવે આગળની તપાસ બાદ બળાત્કારની કલમ ઉમેરાય તેવું પોલીસ સુત્રોએ જણાવ્યું છે.

# કેશોદના અગતરાય ગામે એલઈડી સ્ક્રીન પર હારજીતનો રમાતો જુગાર ઝડપાયો

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૨

કેશોદ તાલુકાના અગતરાય ગામે આવેલ બાગ વિસ્તારમાં દુકાન ભાડે રાખી બાંટવાનાં રહીશ રવીભાઈ મનુમલ પુંજાઈ એલઈડી સ્ક્રીન પર આંક ફેરનો પૈસાથી હારજીતનો જુગાર સાતેક દિવસથી રમાડી યંત્રોના ચિત્રો ઉપર અગીયાર રૂપિયા લગાવી દર પંદર મિનિટ પછી ડ્રો કરી વિજેતાઓને સો રૂપિયા ચુકવી પૈસાથી હારજીતનો જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે કેશોદ પોલીસ દ્વારા વોચ ગોઠવી અને રેડ કરી પાંચ આરોપીઓ ને ઝડપી પાડેલાં છે. કેશોદ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન.બી.ચૌહાણે કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યાં મુજબ અગતરાય ગામે બાગ વિસ્તારમાં રવીભાઈ મટુમલ પુંજાઈ એચ એસ ઓનલાઈન માર્કેટિંગ પ્રાલિ નામની કંપનીની આડમાં કોઈપણ જાતના ચાંદીના સિક્કા નો સ્ટોક રાખ્યાં વગર નામદાર કોર્ટ નાં હુકમ વિરુદ્ધ રોકડ રૂપિયા થી જુગાર રમાડતાં હોય રેડ કરી રવીભાઈ મટુમલ પુંજાઈ રહે બાંટવા,સાવનભાઈ રમેશભાઈ મારડીયા રહે અગતરાય, ચંદુભાઈ ખીમજીભાઈ ગોહેલ રહે અગતરાય,જેન્તિભાઈ વીરાભાઈ દાફડા રહે અગતરાય, અજયભાઈ ભીખાભાઈ દાફડા રહે અગતરાય ની અટક કરી રોકડા રૂપિયા ૨૦૫૦૦/- સાથે મુદામાલ મળીને કુલ રૂપિયા ૫૫૨૦૦/- કબજે કરી જુગાર ધારાની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. કેશોદના અગતરાય ગામે એલઈડી સ્ક્રીન પર હારજીતનો જુગાર ઝડપી પાડવામાં કેશોદ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન બી ચૌહાણ અને કોન્સ્ટેબલ કનકરાય બોરીચા, કિરણભાઈ ડાભી,એસ યુ દલ, જગદીશભાઈ સિંધવ અને નાથાભાઈ મુછાળ જોડાયા હતા.

## કોહલીનું પુનરાગમન એટલે ટીમને મળેલું 'બુલેટપ્રુફ જૅકેટ' : ચૅપલ



(જી.એન.એસ.)મેલબર્ન,તા.૧

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન ઈયાન ચૅપલે પાંચમી ફેબ્રુઆરીએ શરૂ થતી ઈંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-શ્રેણી જીતવા માટે ભારતને ફેવરિટ ગણાવ્યું છે.

ચૅપલનું એવું કહેવું છે કે 'એ માટેના કારણો એવા છે કે ભારતનું બોલિંગ-આક્રમણ ઘણું જ સારું છે, ભારતના ઘણા બૅટ્સમેનો સતત સારું રમી શકે એવા છે અને સામી બાજુએ ઈંગ્લૅન્ડના ટોચના ત્રણ બૅટ્સમેનો એકધારી રીતે સારું નથી રમી શક્તા. અધૂરામાં પૂરું, ભારતની ટીમમાં હવે વિરાટ કોહલીનો સમાવેશ થતાં ટીમ વધુ મજબૂત બની છે. એ ઉપરાંત, અશ્વિન તેમ જ હાર્દિક પંડ્યા અને ઈશાંત શર્મા પણ ટીમમાં હશે.

## વર્લ્ડ ચેમ્પિયનશીપ : ન્યૂઝિલેન્ડ સામે ફાઈનલમાં ટકરાવા ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રસાકસીનો મુકાબલો

નવી દિલ્હી,તા.૨

ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ સીરિઝ સ્થગિત થતાં ન્યૂઝીલેન્ડે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ક્વોલિફાય કરી લીધું છે. કોરોનાને લીધે ઓસ્ટ્રેલિયાનો સાઉથ આફ્રિકા પ્રવાસ સ્થગિત થઈ ગયો છે. તેવામાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં તેમના(ઓસ્ટ્રેલિયા) પોઈન્ટ્સ પર્સન્ટેજ કિવિઝ કરતાં વધી શકે એમ નથી. તેવામાં ન્યૂઝીલેન્ડ ફાઈનલમાં ક્વોલિફાય થઈ ગયું છે. સેકન્ડ ફાઈનલિસ્ટ બનવા ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બરાબરીની ટક્કર થશે. બંને દેશ વચ્ચે ૪ ટેસ્ટની શ્રેણી ૫ ફેબ્રુઆરીએ ચેન્નાઈ ખાતે શરૂ થશે. જ્યારે ઓસ્ટ્રેલિયા હજી પણ ફાઈનલમાં સ્થાન મેળવી શકે તેમ છે.



ભારત, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રેસ

ફાઈનલમાં બાકી રહેલા બીજા સ્થાન માટે ભારત, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રેસ છે. ભારત અત્યારે પોઈન્ટ્સ ટેબલમાં ટોપ પર છે, પરંતુ ઈંગ્લેન્ડ સામે પરાજય થાય તો તે નીચે આવી શકે છે. ભારત ઈંગ્લેન્ડ સામેની સીરિઝ ૪-૦, ૩-૦, ૩-૧, ૨-૦ અથવા ૨-૧થી જીતે તો ક્વોલિફાય થઈ જશે. જ્યારે ઈંગ્લેન્ડે ક્વોલિફાય થવું હોય તો તેમણે ભારતને ૪-૦, ૩-૦ અથવા ૩-૧થી હરાવવું પડશે. જો આમાંથી કોઈપણ માર્જિનના અંતરે રિઝલ્ટ ન આવે તો ઓસ્ટ્રેલિયા ક્વોલિફાય થઈ જશે.

## આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ માટે પંત, રૂટ અને સ્ટર્લિંગની પસંદગી

દુબઈ,તા.૨

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એ પ્રથમ પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે નામાંકિત ક્રિકેટરોની યાદી જાહેર કરી છે. પુરુષ કેટેગરીમાં ભારતના ઋષભ પંત, ઈંગ્લેન્ડના જો રૂટ અને આયર્લેન્ડના પોલ સ્ટર્લિંગને નોમિનેટ કરવામાં આવ્યા છે. આ સાથે જ મહિલાઓમાં પાકિસ્તાનની ડાયના બેગ, દક્ષિણ આફ્રિકાની શબનમ ઈસ્માઈલ અને દક્ષિણ આફ્રિકાની મારિજાન કેપને નોમિનેટ કરવામાં આવી છે. જાન્યુઆરીમાં પંતે ઓસ્ટ્રેલિયા સામે સિડની ટેસ્ટમાં ૯૭ અને બ્રિસ્બેન (ગબ્બા) ટેસ્ટમાં ૮૯ રન બનાવ્યા હતા. તે જ સમયે, રુટે શ્રીલંકા સામે ગોલમાં બે ટેસ્ટમાં ૨૨૮ અને ૧૮૬ રન બનાવ્યા હતા. આ ખેલાડીઓના પ્રદર્શનને કારણે ભારતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડે શ્રીલંકા સામેની શ્રેણી જીતવામાં સફળતા મેળવી હતી. મેન્સ કેટેગરીના ત્રીજા નામાંકિત પોલ સ્ટર્લિંગે યુએઈ સામે બે અને અફઘાનિસ્તાન સામે ત્રણ વનડે મેચ રમી હતી. આમાં તેણે ત્રણ સદી ફટકારી હતી.

મહિલા વર્ગની નામાંકિત ડાયના બેગ દક્ષિણ આફ્રિકા સામે ત્રણ વનડે અને બે ટી -૨૦ મેચોમાં પાકિસ્તાનની ટીમનો ભાગ હતી. તેણે ત્રણ વન ડે સિરીઝમાં સૌથી વધુ નવ વિકેટ ઝડપી હતી.

## ઓસ્ટ્રેલીયાની સિદ્ધિ બાદ ટી નટરાજને પલાની મુરુગન મંદિરમાં કરાવ્યું મુંડન



ચેન્નાઈ,તા.૨

ટી. નટરાજને ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું અને ઘણા ઓછા સમયમાં શાનદાર પ્રદર્શન કરીને ફેન્સ અને ક્રિકેટ ફેન્સના દિલ જીતી લીધા. ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ તે તમિલનાડુના પલાની મુરુગન મંદિર ગયો હતો અને ત્યાં જઈને તેણે પોતાના વાળ સમર્પિત કર્યા. તેણે પોતાનો મુંડન વાળો ફોટો શેર કરતાં લખ્યું, સૌભાગ્યશાળી અનુભવી રહ્યો છું. ટી. નટરાજને ઓસ્ટ્રેલિયા સામેની વનડે સીરિઝમાં ડેબ્યુ કર્યું. એક વનડેમાં ૨ વિકેટ લીધી. ૩્-૨૦ મેચની શ્રેણીમાં ૬ વિકેટ લીધી. તે પછી જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમીની ગેરહાજરીમાં બ્રિસ્બેન ખાતેની અંતિમ ટેસ્ટમાં ૪ વિકેટ લીધી.ભારત પરત ફર્યા બાદ નટરાજને કહ્યું કે, તેને લાગતું નહોતું કે તેને પ્લેઈંગ-૧૧માં જગ્યા મળશે. તે ઈન્ડિયા વતી રમીને બહુ જ ખુશ છે. નટરાજન IPL રમી રહ્યો હતો ત્યારે તેની પત્નીએ દીકરીને જન્મ આપ્યો હતો. જોકે, નટરાજન IPL પતાવીને દુબઈથી સીધો ઓસ્ટ્રેલિયા ગયો હતો. તે ૪ મહિનાથી વધુ સમય દીકરીને જોઈ શક્યો નહોતો. તેણે કહ્યું કે, દીકરીના જન્મથી વધુ ખુશી તેને દેશ માટે રમીને મળી હતી.

## કેટરીના સાથે સરખામણીથી મારી કારકિર્દી ક્યારેય આગળ વધી જ નહીં : ઝરીન ખાન



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧

બોલિવૂડમાં વિવિધ અભિનેત્રીઓ વચ્ચે સરખામણીઓ થતી રહે છે અને તેમના કામ અંગે પણ તુલનાત્મક ચર્ચાઓ સામે આવતી હોય છે. આ સરખામણીઓ ક્યારેક કોઈ સ્ટાર કાસ્ટ માટે જોખમી અને નુકસાનકારક સાબિત થતી હોય છે. ઝરીન ખાને પણ આવી જ કંઈક વાત કરી છે. તેણે થોડા સમય પહેલાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, જ્યારે બોલિવૂડમાં કેટરીનાનું આકર્ષણ હતું ત્યારે જ મારી ફિલ્મ વીર આવી હતી. તે પછી મારી સરખામણી કેટરીના સાથે થવા લાગી હતી. તેના કારણે મારી કારકિર્દી આગળ વધી જ નહીં. પહેલી જ ફિલ્મ જ્યારે ફ્લોપ ગઈ તો તેની જવાબદારી પણ મારા માથે જ નાખી દેવામાં આવી અને મને વધારે અસર થઈ.

## ધોની આઈપીએલમાં ૧૫૦ કરોડથી વધુ કમાણી કરનાર પ્રથમ ક્રિકેટર



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ખેલાડીઓને રિટેન કરવાનો સિલસિલો ચાલુ છે. દરેક ફ્રેન્ચાઈઝીએ ૨૧ જાન્યુઆરી સુધી ખેલાડીઓને રિટેન કરી લીધી છે, આમ છતાં ૪થી ફેબ્રુઆરી સુધી રિટેન વિન્ડો ખુલ્લી છે. ત્યારે આ બધાની વચ્ચે રિપોર્ટ છે કે ચેન્નાઈ સુપર કિંગ્સે કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને રિટેન કરી લીધો છે. આ રિટેનની સાથે જ ધોનીએ એક નવો ઈતિહાસ રચી દીધો છે. ધોની આઈપીએલમાં ૧૫૦ કરોડથી વધુ કમાણી કરનારો પહેલો ક્રિકેટર બની ગયો છે, આ લિસ્ટમાં રોહિત અને કોહલી ણા પાછળ રહી ગયા છે. ધોનીએ અત્યાર સુધી ૧૫૨ કરોડથી વધુ રૂપિયા આઈપીએલમાંથી કમાઈ લીધા છે. જેમાં ચેન્નાઈ સુપર કિંગ્સમાંથી તેને ૧૩૭ કરોડ કમાયા છે. ધોની ૨૦૦૮થી ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે જોડાયેલો છે, અને તેને દરેક સેશનની લગભગ કમાણી ૧૫ કરોડથી વધુની છે. આ રિટેશન્સ બાદ ધોનીની કુલ કમાણી ૧૫૦ કરોડની પાર થઈ ગઈ છે. તેની સેલેરી ઉપરાંત આઈપીએલની ત્રણ સિઝનમાં વિનિંગ ટીમ બનવાના કારણે ૯૦ કરોડ રૂપિયા પણ મળી ચૂક્યા છે. ચેન્નાઈએ ફરી એકવાર ધોની પર ભરોસો રાખીને તેને ૨૦૨૧ માટે રિટેન કર્યો છે.

## નેહાએ અનીતા ભાભીના રોલને લઈ કહ્યું-સૌમ્યાની નકલ નહીં કરું, પાત્રમાં જીવ પૂરી દઈશ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

સુંદર અભિનેત્રી નેહા પેંડસે ભાભી જી ઘર પર હૈ શોમાં ગોરી મેમનો રોલ કરી રહી છે. આ પહેલાં અનીતા ભાભીના નામથી પ્રસિદ્ધ આ કિરદાર સૌમ્યા ટંડન નિભાવી રહી હતી. સૌમ્યા છેલ્લા ૫ વર્ષથી આ શોમાં કરી રહી હતી. પણ હવે નેહા આવી ગઈ છે. ત્યારે કે તે આ શોમાં કઈ રીતે છે અને તેની કેવી છાપ બહાર છે. નેહાએ એક ઈન્ટરવ્યૂમાં વાત તે સૌમ્યાની નકલ નહીં કરે અને આ પાત્રમાં જીવ આપી દેશે, તેને કઈ રીતે વધારે સારુ કરી શકાય એ દિશામાં વિચારશે. નેહાનું કહેવું છે કે તે ઘણા દિવસોથી સારા પ્રોજેક્ટની રાહ જોઈ રહી હતી.

ક ા મ
આ જગ્યાએ
નેહાએ વાત કરી
કામ કરી રહી
આવી રહી
કરી કે

એવામાં ભાભી જી ઘર પર હેમાં કામ મળવું એ એક મોટો મોકો છે. બધા જાણે છે કે અનીતા ભાભીના રોલમાં ગોરી મેમનો રોલ દર્શકોને ખુબ પસંદ આવ્યો છે. એવામાં હવે નેહા આ રોલ કરી રહી છે એટલે થોડું દબાણ પણ આવવાનું જ. અને નેહા આ વાત માને પણ છે. કારણ કે દર્શકોને આ રોલને લઈ ખુબ આશા હોય છે. ત્યારે નેહાએ વાત કરી કે, મને શોના લેખક અને નિર્દેશન પર પુરો ભરોસો છે કે તે મને આ કામ કરાવવામાં સફળ થશે.

નેહાએ આગળ વાત કરી કે, જ્યારે તમે કોઈ એવો રોલ પ્લે કરો કે જે પહેલાથી જ કોઈ કરે છે તો લોકોને ખુબ આશા હોય છે, કારણ કે ઘણા લોકોએ મને પૂછ્યું કે શું તમે એવું જ કરી શકશો, કે પછી એમાં કંઈ તમારો પણ તડકો ઉમેરશો. તો હું જવાબ આપવા માગુ છું કે, હું એક કલાકાર છું, મિમિક્રી આર્ટિસ્ટ નથી. માટે હું સૌમ્યા ટંડનની એક્ટિંગની કોપી નહી કરું, હું અનીતા ભાભીના રોલને જેની જરૂર છે એને વળગી રહીને મારી રીતે તેમજ નિર્દેશકના આદેશ અનુસાર પોતાનું બેસ્ટ આપવાની કોશિશ કરીશ.

## દીપિકાએ શરમાતો ફોટો શેર કરતા ગૂડ ન્યુઝની ચર્ચાએ પકડ્યું જોર

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧

દીપિકા પાદુકોણની એક નવી તસવીર સામે આવી છે અને જેના કારણે સોશિયલ મીડિયા પર લોકો ચોંકી ગયા છે. કારણ કે હવે એક ચર્ચાએ જોર પકડ્યું છે કે દીપિકા પણ પ્રેગ્નેન્ટ છે અને જલ્દી જ સારા સમાચાર આપી શકે છે. જો કે આ વિશે હજુ દીપિકાએ કોઈ પુષ્ટિ નથી કરી પણ એક ફોટોના કારણે આ ચર્ચાએ જોર પકડ્યું છે. હાલમાં અનુષ્કાથી લઈને કરીના સુધી સેલેબ્સ ગૂડ ન્યૂઝ આપી રહ્યા છે.

તો ફેન્સને હવે સવાલ થઈ રહ્યો છે કે શું ખરેખર હવે રણવીર સિંહ અને દીપિકાનો વારો છે? દીપિકા પાદુકોણે તેના ટ્વીટર પર એક ફોટો શેર કર્યો છે. જેમાં તે નીચે જોઈને હસતી જોવા મળી રહી છે અને સાથે જ તે શરમાઈ રહી છે. જો કે આ તસવીરના કેપ્શનમાં દીપિકાએ માત્ર ફેબ્રુઆરી જ લખ્યું છે. તમે પણ જોઈ શકો છો કે દીપિકા તસવીરમાં કઈ રીતે શરમાઈ રહી છે અને નીચે જોઈ રહી છે. હવે દીપિકાની આ તસવીરે ચર્ચા જગાવી છે કે ખરેખર ત` પ્રેગ્નેન્ટ છે.

ઉલ્લેખનીય છે કે દીપિકા અને રણવીરે ૬ વર્ષ એકબીજાને ડેટ કરીને પછી ૨૦૧૮માં લગ્ન કર્યા હતા. જો કે આ વર્ષે દીપિકાની એક બે નહીં પણ કેટલીય મોટી ફિલ્મો મોટા પડદે રીલિઝ થવા જઈ રહી છે. સાથે જ દીપિકા કેટલાક મોટા પ્રોજેક્ટનો ભાગ પણ બનવા જઈ રહી છે. આ વર્ષે દીપિકા પ્રભાસ સાથે પણ જોવા મળવાની છે, તો વળી સાથે સાથે ઋતિક રોશન સાથે પણ રામાયણમાં જોવા મળવાની છે. એ જ રીતે શાહરૂખ ખાનસાથે પઠાનમા પણ જોવા મળે એવી વાતો સામે આવી રહી છે

## પ્રભાસ-સૈફ અલી ખાન સ્ટારર ફિલ્મ 'આદિપુરુષ'નું શૂટિંગ શરૂ



મુંબઈ મુંબઈ,તા.૨

સાઉથ સુપરસ્ટાર પ્રભાસ તથા સૈફ અલી ખાનની ફિલ્મ 'આદિપુરુષ'નું શૂટિંગ મંગળવાર, ૨ ફેબ્રુઆરીથી મુંબઈમાં શરૂ થઈ ગયું છે. પ્રભાસે સોશિયલ મીડિયામાં પોસ્ટર શૅર કરીને આ અંગેની માહિતી આપી હતી. પ્રભાસે પોસ્ટર શૅર કરીને કહ્યું હતું, 'આદિપુરુષ' અનિષ્ટ પર ઈષ્ટના વિજયની ઉજવણીનો 'આરંભ.' આ મેગા બજેટ 3D ફિલ્મ ૨૦૨૨માં રિલીઝ થશે.

લાંબા સમયથી આ ચર્ચામાં રહેલી આ ફિલ્મના શૂટિંગની છેલ્લાં ઘણાં દિવસથી તૈયારી ચાલતી હતી. ઓમ રાઉતના ડિરેક્શનમાં બનતી આ ફિલ્મ રામાયણ પર આધારિત છે. ફિલ્મમાં પ્રભાસે રામની ભૂમિકા તથા સૈફ અલી ખાન લંકેશના રોલમાં જોવા મળશે. રિપોર્ટ પ્રમાણે, મેકર્સે ફિલ્મના મોશન કેપ્ચર પર છેલ્લાં ૧૫ દિવસથી કામ કરવાની શરૂઆત કરી હતી.

ફિલ્મમાં VFXનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. કહેવાય છે કે ભારતીય દર્શકોએ કોઈ ભારતીય ફિલ્મમાં આટલા VFX જોયા નહીં હોય. મેકર્સે ૧૯ જાન્યુઆરીથી ફિલ્મનું ટેસ્ટ શૂટિંગ શરૂ કરી દીધું હતું. ફિલ્મનું ટેસ્ટ શૂટિંગ બંધ સ્ટૂડિયોમાં થતું હતું, જેથી વાસ્તવિક શૂટિંગ પહેલાં પૂરી પ્રેક્ટિસ કરી શકાય.

3D ફોર્મેટમાં બનતી આ ફિલ્મ પાંચ ભાષા હિંદી, તેલુગુ, તમિલ, મલયાલમ તથા કન્નડમાં રિલીઝ થશે. ફિલ્મને ઓમ રાઉત ઉપરાંત ભૂષણ કુમાર, પ્રસાદ સુતર તથા રાજેશ નાયર પ્રોડ્યૂસ કરે છે. સૂત્રોના મતે, આ ફિલ્મનું બજેટ ૩૫૦-૪૦૦ કરોડની આસપાસ છે.ચર્ચા છે કે ફિલ્મમાં હેમામાલિની કૌશલ્યાના રોલમાં જોવા મળશે, જ્યારે સીતાનો રોલ ક્રિતિ સેનન પ્લે કરશે. ફિલ્મના અન્ય કલાકારોની જાહેરાત હજી સુધી કરવામાં આવી નથી.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

કેટલાક સ્થાપિત હિતોને કોઈ પણ સમાજની એકતા ખૂંચતી હોય છે, આવા લોકો પાટીદારસમાજની એકતા તોડવા મેદાનમાં આવ્યા છે

# નરેશ પટેલની હકારાત્મક પહેલ સામે ઘૂરકીયા કરતા 'હાથા'ઓથી સાવધ રહેવા "પટેલ પરિવાર"ની અપીલ

### લેઉવા અને કડવા પાટીદાર એક જ છે અને એક રહેશે : મીડિયાના અહેવાલોને બદલે પાટીદાર સમાજે આત્માના અવાજને અનુસરવું જોઈએ

ચક્રવાત ટીમ, તા.૦૨

ખોડલધામના પ્રણેતા નરેશ પટેલની ઉંઝા ખાતે ઉમીયાધામની મુલાકાત બાદ બદલાયેલા રાજકિય સમીકરણોથી ભયભીત થઈ ઉઠેલ સ્થાપિત હિતોએ પાટીદારોની એકતા ખંડિત કરવા માટે મીડીયાના માધ્યમથી નિમ્ન સ્તરના પ્રયાસો શરૂ કરી દીધા છે. જે દર્શાવે છે કે કેટલાક પરીબળોને પટેલોની એકતા ખૂંચી રહી છે. લેઉવા અને કડવા પાટીદારોનો ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે બન્ને વચ્ચે કોઈ જ ભેદભાવ નથી. આમ છતા કેટલાક રાજકીય સ્થાપિત હિતો દ્વારા કોઈને કોઈ વ્યક્તિને હાથા બનાવીને બન્ને સમાજ વચ્ચે દિવાલ ઉભી કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

'પટેલ પરિવાર' દ્વારા જારી કરાયેલ નિવેદનમાં જણાવ્યા અનુસાર બન્ને સમાજને એક કરવા માટે માત્ર 'પાટીદાર'ની ભાવનાથી સામાજિક એકતાનો સંદેશ પાઠવવો જોઈએ. આ માટે આગામી સમયમાં અનેક આયોજનો હાથ ધરવામાં આવનાર છે, જે અંતર્ગત ગાંધીનગર મુકામે આગામી ૬ અને ૭ માર્ચના રોજ પાટીદાર સમાજના ૧૦૦ યુવાનોની એક ચિંતન શીબીર નિર્ધારિત કરવામાં આવી છે. પાટીદાર સમાજના આગેવાનોએ વિભાજનકારી તાકાતોને ઓળખીને તેને જવાબ આપવાનો સમય હવે આવી ગયો છે. જ્યારે ખોડલધામના પ્રણેતા નરેશભાઈ પટેલ અને ઉંઝા ઉમીયાધામના આદરણીય વડિલ મણીભાઈ પટેલ તરફથી એકતાની વાત સંકલ્પ સ્વરૂપે સામે રાખવામાં આવી છે ત્યારે સમગ્ર પાટીદાર સમાજે 'હાથા'ઓથી સાવધાન રહી સમાજના એકતા અને વૈચારિક ક્રાંતીના શંખનાદ તરફ આગળ વધવા 'પટેલ પરિવાર' તરફથી અનુરોધ કરવામાં આવેલ છે.



# જિલ્લા અને તાલુકા પંચાયત અને નગરપાલિકાની મતદારયાદી જાહેર

### નવી સુધારેલ પ્રસિધ્ધ થયેલ ફોટો મતદારયાદી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં માન્ય ગણાશે

ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૦૨

રાજ્યમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચ દ્વારા મહાનગરપાલિકાની સુધારેલ નવી મતદારયાદી પ્રસિધ્ધ થઈ ચૂકેલ છે. જ્યારે જિલ્લા પંચાયો, તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકામાં જ્યાં ચૂંટણી યોજાનાર છે તેમની સુધારેલ નવી ફોટો મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સુધારેલ મતદાર યાદી મુજબ આગામી ચૂંટણી યોજાશે.

જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયત તથા નગર પાલિકાઓની યોજાનાર ચૂંટણી પ્રક્રિયાનું જાહેરનામું આગામી સોમવારના રોજ સત્તાવાર રીતે પંચ દ્વારા બહાર પાડવામાં આવનાર છે. આગામી ચૂંટણી ન્યાયી, પ્રમાણિકતાપૂર્વક શાંતિપૂર્વક અને કોઈ ગરબડ વગર યોજાય તે બાબતે પંચ દ્વારા આગોતરૂં આયોજન ઘડવામાં આવે છે.

# રાજ્યમાં નલિયા, અમદાવાદ, ગાંધીનગર, વલસાડ અને ડીસામાં સૌથી વધુ ઠંડી

### રાજ્યના શહેરોમાં એકંદરે નીચું તાપમાન ૯ ડીગ્રી થી ૧૯.3 સુધી તથા ઉંચુ તાપમાન ૨૫ થી 33 સુધી નોંધાયુ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૨

રાજ્યમાં આજે સામાન્ય રીતે ઠંડાગાર રહેતા શહેરોમાં તાપમાનનો પારો થોડો ઉંચો ચડ્યો હતો. આજે ગાંધીનગર, નલિયા, કંડલા પોર્ટ, જૂનાગઢ, ડીસા, અમદાવાદ અને વલસાડમાં ઠંડકનો સવારે લોકોને અનુભવ થયો હતો. રાજ્યમાં આજે નીચુ તાપમાન ૯ ડીગ્રી થી ૧૯.૩ સુધી તેમજ ઉંચુ તાપમાન ૨૫ ડીગ્રી થી ૩૪.૪ ડીગ્રી સુધી જુદા જુદા શહેરોમાં નોંધાયેલ હતું.

રાજ્યમાં આગામી શુક્રવારથી કચ્છ સહિતનાં કેટલાક વિસ્તારોમાં ફરી ઠંડીનું તિવ્ર મોજુ આવવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે. તદઉપરાંત તા.૭ બાદ રાજ્યમાં વેસ્ટર્ન

### વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે તા.૯થી ૧૧ વચ્ચે માવઠાંની શક્યતા

ડીસ્ટબન્સની એક સાથે બે સિસ્ટમ કાર્યરત થવાની શક્યતા હોવાથી તા. ૯ થી ૧૧ના સમયગાળા દરમ્યાન કદાચ કેટલાક શહેરોમાં કમોસમી વરસાદ માવઠું ત્રાટકવાની શક્યતાઓ સર્જન પામી રહી છે.

# જેતપુર : અમરનગર પાસે કાર પલ્ટી જતા બેના મોત

### ત્રણને ગંભીર ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

રાજકોટ, તા.૨

જેતપુરના અમરનગર ગામ પાસે શીતળા માંના મંદિર પાસેની ગોળાઈ પર પુરપાટ ઝડપે આવતી એક મોટરકારના ચાલકથી રસ્તાની ગોળાઈ પર વળાંક ન વળતા કાર ફંગોળાઈને રસ્તા નીચે પલ્ટી મારી જતા બે યુવાનોના ઘટના સ્થળે જ મોત નિપ જ્યા હતા. જ્યારે અન્ય એકને ગંભીર ઈજા પહોંચી હતી.

અમરનગર ગામે એક પ્રસંગમાં જમવા માટે આવેલ ત્રણ મિત્રો જેમાં ખુશાલ સંજયભાઈ ડોબરીયા ચણાકા (ઉવ ૧૯), કેવલ હેમત ભાઈ રાદડિયા ઉવ(૨૧) રહે બંને ચણાકા અને પ્રિયેશ અલ્પેશભાઈ નસીત ઉવ ૧૭ રહે નવાજાંજરીયાવાળાઓ બપોરના સમયે જમણવાર પતાવી અમરનગર ગામેથી પોતાની કાર નંબર જીજે પાંચ સીએલ ૯૮૨૮ લઈને પોતાના ગામ જવા માટે નીકળ્યા હતા. જેમાં પુરપાટ ઝડપે જતી આ કાર ગામથી થોડે જ દૂર શીતળા માંના મંદિર પાસેના વળાંકે પહોંચી જે વળાંક પાસે કાર ગોળાઈ કાપી ન શકતા



હવામાં ફંગોળાઈને પાંચથી છ પલ્ટી મારતી રોડ નીચે ઉતરીને રસ્તાથી સો ફૂટ દૂર મેદાન સુધી પહોંચી ગઈ હતી. અને કાર અતિ સ્પીડમાં હોય કારનો કચ્ચરઘાણ નીકળી ગયો અને કાર રસ્તાથી હવામાં ફંગોળાઈને જ્યાં ઉભી રહી ત્યાં સુધીની જગ્યામાં કારના સ્પ ેરસ્પાર્ટ રસ્તામાં વિખેરાયેલ પડ્યા અને પાછલું ટાયર પણ નીકળી ગયું હતું.

આ ગંભીર અકસ્માતમાં ખુશાલ અને કેવલ બંનેનું તો ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પ્રિયેશને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જેતપુર સરકારી હોસ્પીટલે સારવાર માટે લાવવામાં આવ્યો. જ્યાં તેને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રીફર કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં કોંગ્રેસી ધારાસભ્ય પર ચૂંટણી ટીકિટ વેચવાનો આક્ષેપ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ટાણે જ અમદાવાદ શહેર કોંગ્રેસમાં ઘમસાણ મચ્યું છે. શહેરના પૂર્વ વિસ્તારના એક ધારાસભ્યે કેટલાક વોર્ડની ટિકિટો ત્રણ લાખથી માંડીને આઠ લાખમાં વેચવાનો ધંધો શરૂ કરી દીધો છે, ધારાસભ્ય તેના મળતિયા સાથે મળીને આ કામને અંજામ આપી રહ્યા છે, એટલું જ નહિ પ રંતુ હાઈકમાન્ડે ગુજરાત મોકલેલા એક ટોચના નેતાની પણ જાસૂસી કરવાનું કામ થઈ રહ્યું હોવાના ગંભીર આક્ષેપો કરાયા છે. સાથે જ શહેરના કેટલાક નેતાઓ શરાબ અને શબાબની મહેફિલો યોજતાં હોવાનો દાવો કરાયો છે. કોંગ્રેસના કાર્યકરે આ સંદર્ભેની ફરિયાદ કરતો એક પત્ર પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પ્રભારી રાજીવ સાતવ અને ઓબ્ઝર્વર તામ્રધ્વજ સાહુને મોકલતાં રાજકીય ગરમાવો આવ્યો છે. કોંગ્રેસના જ એક ટોચના નેતા પર આક્ષેપ કરાયો છે કે, શહેરના એક મંત્રીને પૈસા લઈને ટિકિટ માટે મંજૂરી આપવામાં આવી રહી છે, આ એ જ વ્યક્તિ છે જે પૂર્વ વિસ્તારના ધારાસભ્ય સાથે મળીને ટિકિટો વેચવાનો ધમધોકાર ધંધો ચલાવી રહ્યા છે.

# મતગણતરી એક જ દિવસે યોજવા મામલે હાઈકોર્ટે સરકાર અને પંચને નોટીસ પાઠવી

### ભાજપના દબાણમાં પંચે મતગણતરીની અલગ અલગ તારીખ જાહેર કરાઈ છે : અમિત ચાવડા

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી અંગેના ચૂંટણી પંચના પરિપત્રને પડકારતી અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્યના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને નોટિસ પ ાઠવી છે. આ મામલે વધુ સુનાવાની ૯મી ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે રાજ્યના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને આ મુદ્દે ૬ ફેબ્રુઆરી સુધી સોગંદનામું રજૂ કરવાનો આદેશ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે મહાનગર પાલિકા અને પંચાયતની મતગણતરી એક સાથે રાખવામાં આવે.રાજ્યના ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી કે સ્થાનિક સ્વરાજની ચૂંટણી બે તબક્કામાં યોજાશે અને તેની મત ગણતરી પણ બે અલગ અલગ દિવસે થશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત ૬ મહાનગર પ ાલિકાઓના ચૂંટણીના પરિણામ માટે મતગણતરી ૨૩મી ફેબ્રુઆરીના રોજ થશે, જ્યારે નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મતગણતરી ૨ માર્ચ રોજ હાથ ધરવાના ચૂંટણી પંચના આ નિણર્યને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

અમદાવાદ મહાનગર પાલિકા સહિત મહાનગર પાલિકાઓની ચૂંટણી ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે, જ્યારે ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી ૨૮મી ફેબ્રુઆરીના રોજ યોજાશે તેવી ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

# અમદવાદમાં પેટ્રોલમાં મોટો ભડકો ફક્ત જાન્યુ.માં રૂા. ૨.૫૨નો વધારો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨

દેશ હાલ ગંભીર કોરોના વાયરસની બિમારીનો સામનો કરી રહ્યો છે, રાહતની વાત એ છે કે હાલ કોરોના વાયરસ કંટ્રોલમાં આવી રહ્યો છે. પરંતુ મોંઘવારી પણ દિવસને દિવસે વધી રહી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને કારણે ખિસ્સા પર ભારણ પણ વધ્યું છે. પેટ્રોલની કિંમતમાં કૂદકેને ભૂસકે થઈ રહેલા વધારાથી મધ્યમ વર્ગ માટે એક સાંધો ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ છે.

અમદાવાદમાં જાન્યુઆરી માસમાં જ પેટ્રોલની કિંમતમાં રૂ. ૨.૫૨નો વધારો થયો છે. જાન્યુઆરી માસના પ્રારંભે અમદાવાદમાં પ્રતિ લીટરે પ ેટ્રોલની કિંમત રૂ. ૮૧.૧૭ હતી અને તે હવે ૩૧ જાન્યુઆરીના રૂ. ૮૩.૬૯ છે. જાન્યુઆરી માસમાં કુલ નવ વખત પેટ્રોલની કિંમત વધારાઈ છે.

**શ્રી ગંગા સિંહ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, વાંકાનેર**

**જન્મ/મરણ/પરચુરણ અરજી નં.૦૫/૨૦૨૧**

સરવૈયા કેશુભાઈ વાલાભાઈ
રહે. જેપુર, તા. વાંકાનેર, જિ. મોરબી ......અરજદાર
વિરૂદ્ધ
તલાટી-કમ-મંત્રીશ્રી,
(જન્મ-મરણ રજીસ્ટ્રાર ઓફીસર)
જેપુર ગ્રામ પંચાયત
મું. જેપુર, તા. વાંકાનેર, જી. મોરબી .........સામાવાળા

**વિષય :** જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેરથી નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી સરવૈયા કેશુભાઈ વાલાભાઈના માતૃશ્રી સુમીબેન વાલાભાઈ સરવૈયાનું તારીખ :- ૧૭/૦૭/૧૯૯૧ ના રોજ અવસાન મું. જેપુર, તા. વાંકાનેર, જિ. મોરબી મુકામે થયેલ છે અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અરજણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં યા તો મુદત તા. ૦૮/૦૨/૨૦૨૧ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૫/૦૧/૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંકાનેર**

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારોની પસંદગીમાં કોંગ્રેસમાં કકળાટ જામ્યો

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨

ગુજરાત કોંગ્રેસ દ્વારા સોમવારની સાંજે પાંચ મહાનગરપાલિકોના ૧૪૨ ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર કરાયું હતું. ભાવનગર, જામનગર, રાજકોટ, સુરત અને વડોદરા ઉમેદવારોનાં નામ જાહેર કરાય છે. પણ અમદાવાદના નામો જાહેર કરાયા નથી. તેવામાં સુરતમાં પ્રથમ યાદી જાહેર થયા બાદ વિરોધ જોવા મળી રહ્યો છે. રાજકોટના ૩ વોર્ડ માટે કોકડું ગૂંચવાયું છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરાયા બાદ નારાજગી જોવા મળી રહી છે. સુરત વોર્ડ ૧૭માં કોંગ્રેસના ઉમેદવારોએ વિરોધ નોંધાવ્યો હતો. ધીરજ લાઠિયાની ટિકિટ રિપીટ થતાં નારાજગી જોવા મળી રહ્યો છે. કાર્યકરો દ્વારા લોકસંપર્ક કાર્યાલય બહાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. સાથે જ પરિણામ ભોગવવા માટે કોંગ્રેસ તૈયાર રહે તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

બીજી બાજુ રાજકોટ મનપ ાની ચૂંટણીમાં કોંગ્રેસનું કોકડું ગૂંચવાયું છે. મનપાના ૩ વોર્ડમાં કોને ટિકિટ આપવી તેને લઈને કોંગ્રેસમાં ઘમાસાણ મચ્યું છે. વોર્ડ ૨, ૭, ૧૧માં હજુ એકપણ નામ જાહેર કરાયા નથી. મહિલા કોંગ્રેસ પ્રમુખ, શહેર પ્રમુખે ટિકિટ પણ માગી છે. પૂર્વ વિરોધપક્ષના નેતાએ પોતાની દાવેદારી નોંધાવી છે. કોંગ્રેસે રાજકોટમાં ૨૨ ઉમેદવારના જાહેર નામ કર્યા છે.

# વડોદરામાં લંપટ આધેડ દ્વારા ૧૦ વર્ષની બાળા પર છ વાર દુષ્કર્મ આચરવામાં આવ્યું

(જી.એન.એસ.)વડોદરા,તા.૨

રાજ્યમાં નાની બાળકીઓ પર દુષ્કર્મની ઘટનાઓ અટકવાનું નામ લઈ રહી નથી. તેવામાં વડોદરામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ૫૧ વર્ષીય આધેડે બે મહિનાની અંદર ૧૦ વર્ષીય કિશોરી પર પાંચથી છ વખત દુષ્કર્મ આચર્યું હતું.આ મામલે કિશોરીની માતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે હવસખોરની ધરપકડ કરી છે.

વડોદરાના સેવાસીમાં નિલેશ વિનોદચંદ્ર ઠક્કર (ઉંમર-૫૧) છેલ્લા બે મહિના દરમિયાન ૧૦ વર્ષની કિશોરી સાથે પાંચથી છ વખત દુષ્કર્મ કર્યું હોવાની ફરિયાદ વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પીડિત કિશોરીની માતાની ફરિયાદ મુજબ નિલેશ ઠક્કર ૧૦ વર્ષની કિશોરીને રમાડવાના બહાને શારીરિક અડપલાં કરતો હતો. ગત ૨૫ જાન્યુઆરીએ પણ સાંજના સમયે નિલેશ ઠક્કરે આ કૃ ત્ય કર્યું હતું. આરોપી નિલેશ ઠક્કર ડ્રાઈવિંગના વ્યવસાય કરતો હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. વડોદરા તાલુકા પોલીસે નિલેશ ઠક્કર સામે પોક્સો એક્ટ હેઠળ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેને પકડી પાડ્યો હતો. આ કિસ્સો સામે આવતાં જ વડોદરામાં ભારે ચકચાર મચી જવા પામી હતી. અને ૧૦ વર્ષની માસૂમને હવસનો શિકાર બનાવતાં લોકોએ આરોપી સામે ફિટકાર વરસાવ્યો હતો.




